

# મૈત્રી-માર્ગ મજાનો



આચાર્યદેવ શ્રી વિજય અજિતશેખર સૂરીશ્વરજી મહારાજ


ૐ હ્રીં શ્રી નાકોડા પાર્શ્વનાથાય નમઃ

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ માતંગસિદ્ધાયિકા પરિપૂજિતાય શ્રી વર્ધમાનસ્વામિને નમઃ॥
શ્રીમદ્ વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખર-અભયશેખરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ
॥ ઐં નમઃ સિદ્ધમ્॥

# મૈત્રી - માર્ગ મજાનો

## (૬૪)

**કૃપાદાતા**

પૂજ્યપાદ ન્યાયવિશારદ આ.દે.શ્રી.વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ.દે. શ્રી. વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ સહજાનંદી આ. દે. શ્રી. વિ. ધર્મજિત્સૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ સૂરિમંત્ર આરાધક આ.દે.શ્રી.વિ. જયશેખરસૂરીશ્વરજી મહારાજ
પૂજ્યપાદ સાધ્વીગણનાયક આ.દે.શ્રી.વિ. અભયશેખરસૂરીશ્વરજી મહારાજ

**લેખક**

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ

**સહયોગ**

પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી વિમલબોધિવિજયજી મહારાજ

અર્હમ્ આરાધક ટ્રસ્ટ

**પ્રકાશક**

**અર્હં આરાધક ટ્રસ્ટ**
એ-૫, ૧લે માળે, હરી ભુવન,
ઝવેર રોડ, મુલુન્ડ (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦ ૦૮૦.

પ્રકાશન વર્ષ : સંવત ૨૦૭૦ આવૃત્તિ : પ્રથમ મૂલ્ય : ૪૦ રૂ.

## પ્રાપ્તિસ્થાન

દીપકભાઈ ફુરીયા : પાવર કંટ્રોલ, ઈસ્માઈલ બિલ્ડીંગ, ૨ જે માળે, રૂમ નં.
૩૩-પાઠકવાડી, લુહારચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ મો : 98675 80227

સતીશ ગીંદરા : વૉલ ડેકોર, માતૃકૃપા બિલ્ડીંગ, ગડકરી રંગાયતન પાસે,
વિચારે કુરીયરની સામે, તલાવપાળી, થાણે (વે.) - ૪૦૦ ૬૦૧.

શીરિનભાઈ ગંગર : ડી.પી.ટ્રેડીંગ કંપની, ૨૫૭, ન્યુ અનંત ભવન, ભાત બજાર,
નરશી નાથા સ્ટ્રીટ, કુવારાની સામે, મસ્જીદ બંદર, મુંબઈ.

Visit us : www.arhamaaradhak.org

E-mail : arhamaaradhak@gmail.com

**પૂજ્ય આચાર્યશ્રી વિજય અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ લિખિત**
**ઉપલબ્ધ ગુજરાતી શ્રુતસાહિત્ય**

૧. ક્ષમા=પ્રેમ+મૈત્રીની મહેક (हिन्दी में भी)
૧૩. પળ પળનો હિસાબ
૧૫. સમાધિનો સાથી
૨૩. વાર્તાપ્રવાહ (हिन्दी में भी)
૪૮. ધરિયે સમકિત રંગ
૫૦. ૫૦ પચાસ
૫૩. આરાધ્યનાં અજવાળા
૫૫. કર્મનો શતરંજ
૫૬. ભક્તવત્સલ પ્રભુ સાંભળો રે... (પૂજ્યશ્રી દ્વારા રચિત સ્તુતિ-સ્તવનોનો સંગ્રહ)
૫૭. પચેલીમા પુણ્ય ભરો
૫૮. પ્રશ્નનો પ્રવાહ.... વાર્તાનું વહેણ....
૫૯. શાંતિ જિનેશ્વર સાહિબા રે...
૬૦. હળવાશનો ઉજાશ
૬૧. પરમ સૌભાગ્યનિધિ ભાગ-૧ (જંબુસ્વામી ચરિત્ર ઘર બેઠા પરીક્ષા પેપરની સાથે)
૬૨. પરમ સૌભાગ્યનિધિ ભાગ-૨ (જંબુસ્વામી ચરિત્ર ઘર બેઠા પરીક્ષા પેપરની સાથે)
૬૩. હાસ્યથી પ્રગટ્યો વૈરાગ્ય

તા.ક. : આ પુસ્તકમાંથી કોઈ પણ લાઇન, ફકરો, પ્રકારણ કોઈએ પણ પોતાના પત્ર-મેગેઝીન-પુસ્તક વગેરેમાં ઉદ્ધૃત કરવું હોય, તો લેખકની લેખિત મંજુરી લેવી જરુરી છે.
- પ્રકાશક

। શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ । સિરસા વંદે મહાવીરં। ઐં નમઃ સિદ્ધમ્।
વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત-જયશેખર-અભયશેખર સૂરિભ્યો નમઃ

# પ્રસ્તાવના

## વાર્તાનો માર્ગ.....તત્ત્વની મંઝિલ....

રમેશે મહેશને પૂછ્યું - પેલો ત્યાં શાંતિથી ઊભો છે ને અહીં આ બે લડી રહ્યા છે. વાત શું છે ? મહેશે કહ્યું - આ બંને મિત્રો પેલા દુશ્મનસાથે કોણ મારામારી કરે એનો નિર્ણય કરવા મારામારી કરી રહ્યા છે.

વાત આ છે કે દુનિયામાં દુશ્મન તો દુશ્મન છે જ, કયા મુદ્દાને લઇ મિત્ર પણ દુશ્મન થઇ જશે... કંઇ કહેવાય નહીં. કારણ કે જીવમાત્રના જીન્સમાં દ્વેષના સંસ્કાર ભરપુર છે, મિત્રતાના-પ્રેમના કોઇ સંસ્કાર નથી..

પ્રશ્નોત્તર રત્નમાળાના આધારે ચાલતી ને દર મહીને શાંતિસૌરભમાં 'પ્રશ્નનું પુષ્પ ઉત્તરનું અત્તર' હેડીંગ નીચે આવતા વિવિધ પ્રશ્ન-ઉત્તરોને તે સંબંધી કથાઓમાંથી આ પુસ્તકમાં પ્રશ્ન ૩૮-૩૯-૪૦. એ ત્રણ પ્રશ્નો સંબંધી ઉત્તરો ને એ સંબંધી કરટ-કુરુટ, મેઘકુમાર અને ચંદનબાળાની કથા સમાવેશ પામી છે. આ કથાઓના માધ્યમે પીરસાયેલો ઉપદેશ આપણને શત્રુતાની કડવાશથી મૈત્રીની મીઠાશ તરફ લઇ જશે એવી શ્રદ્ધા છે.

બીજા ભાગમાં વર્ધમાનતપસ્વી પંન્યાસપ્રવર શ્રી વિમલબોધિ વિજયજી ગણિવર મહારાજે દાક્ષિણ્યનિધિ આચાર્ય શ્રી ઉદ્યોતનસૂરિ મહારાજે પ્રાકૃતભાષામાં આલેખેલી 'કુવલયમાળા કથા' માંથી શ્રી કામગજેન્દ્રના ચરિત્રની પ્રવાહી શૈલીમાં 'આ સાચું કે તે સાચું...' નામ હેઠળ સુંદર રજુઆત કરી છે. વાર્તાના આ માર્ગે આપણને સહુને 'ની મંઝિલ પ્રાપ્ત થાય એ શુભેચ્છા છે. જે કંઇ મતિમંદતાથી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય, તે બદલ મિચ્છા મિ દુક્કડમ્....

ચેમ્બુર
સં. ૨૦૬૯ આસો વદ પાંચમ — આચાર્ય અજિતશેખર સૂરિ

# શ્રુતસ્તંભ

| | |
|---|---|
| શ્રી વાલચંદજી ટોકરાજી પરિવાર | બોરીવલી |
| શ્રીમતી ચંદ્રાબેન નટવરલાલ શાહ | હ. વિજય-અજય |
| શ્રી નીતિનભાઈ મનહરલાલ સંઘવી | ઘાટકોપર |
| શ્રી કાંતિલાલ રવિચંદ ગાંધી | રાધનપુરવાળા |
| શ્રીમતી દિવાળીબેન દેવચંદ વેલજી સંઘવી | માટુંગા |
| ચિ.ડેનીલ દિનકરરાય જયંતિલાલ શાહ | માટુંગા |
| માતુશ્રી રતિબેન વીરાભાઈ મંજેરી-હ.ભાણજીભાઈ | ઘાટકોપર |
| શ્રી સેવંતીભાઈ પી. શાહ - હ. હર્ષદભાઈ | સુરત |
| સ્વ. સંતોકબેન કાંતિલાલ સોનમલ | ગોરેગામ |
| શા ભૂરમલ જવાનમલજી જૈન (તખતગઢ) | હુબલી |
| ગુરુ ભક્ત પરિવાર | થાણા |
| ભાનુબેન નાનજી ગડા | માટુંગા |
| ભારતીબેન અનિલ શાહ | માટુંગા |
| સૌ. કુસુમબેન કનુભાઈ સાવડીયા | નાગપુર |
| માતુશ્રી શીલાબેન કુંવરજી છેડા | મુંબઈ |
| વસંતલાલ એમ. શાહ | સાંગલી |
| જયાબેન વસંતલાલ શાહ | સાંગલી |
| સૌ. ચંદ્રાવતી સૂર્યકાંત શાહ - પાંથાવાડા | મિરજ |
| શ્રીમતી બક્તાવરબેન અરૂણભાઈ ગાંધી | |
| શ્રીમાન્ અરૂણભાઈ રમણલાલ ગાંધી | |
| શ્રી મહેન્દ્રભાઈ મનસુખલાલ શાહ - મોખડકા | ભાવનગર |
| એક સાધર્મિક બેન | ચૂલૈ-ચેન્નઈ |
| કાંતિલાલ સુખલાલ શાહ - મોરબી | ઘાટકોપર |
| ઉષાબેન અમૃતલાલ શાહ, કચ્છ-માંડવી | મુલુંડ |
| શ્રીમતી સુંદરબાઈ રતનચંદજી કોચર | ફલોદી-ચેન્નઈ |
| મે. ચેન્નઈ ઈલેક્ટ્રીકલ્સ | ચેન્નઈ |

આવી જ રીતે શ્રુતસ્તંભમાં રૂા. ૨૧,૧૧૧/- લખાવી આપનું પણ નામ આજે જ નોંધાવી લ્યો.

# ક્રોધ મોટો દોષ.... કરટ-કુરુટ કથા

સત્ય વાણીનું ભૂષણ છે, એ વિષયમાં કમળ શેઠની કથા સાંભળી જિજ્ઞાસુ શિષ્યે આડત્રીશમોં પ્રશ્ન પૂછ્યો - **અનર્થનું** કારણ શું છે ? અલબત્ત અજ્ઞાન મહા અનર્થનું કારણ છે. અજ્ઞાનના કારણે જ જીવ સત્યને મિથ્યા માને છે, મિથ્યાને સત્ય.

ભવ્યતમ દુકાન કે જે સજાવટ-ફર્નીચરથી શોભી રહી છે, એ દુકાનમાં જો માલ જ નહીં હોય, તો એ દુકાનથી લાભ કેટલો ?

**અનેક સાધન-સુવિધાથી શોભતી માનવભવરૂપી દુકાનમાં જો જ્ઞાન-સમજણ-વિવેકરૂપી માલ જ નથી, તો એ દુકાનથી પુણ્ય-પવિત્રતા-પરિણામશુદ્ધિરૂપ કમાણી કેવી રીતે થશે ?**

અજ્ઞાનનો જ આ હાહાકાર છે ને કે હિંસા પણ ધર્મરૂપ ગણાઇ જાય...

અતિલોભ પણ અનર્થનું કારણ છે. અતિલોભે ભૂતકાળની જેમ વર્ત્તમાનકાળમાં પણ ઘણાને ડુબાડી દીધા. એથી જ ઘણાના જીવન બરબાદ થઇ ગયા. ઘણા પરિવારો બેહાલ થઇ ગયા. પૂર્વે સાગરમાં વહાણ ડુબી જતા હતા, હમણા વિવિધ નામે ઓળખાતા સટ્ટામાં ઘણાના વહાણો ડુબી ગયા.

કોઇ પણ વ્યસન પણ છેવટે અનર્થભૂત બની રહે છે. જિંદગીના બીજા તમામ આનંદને વરાળ બનાવી દેવાનું કામ વ્યસન કરે છે. વ્યર્થમાં સમય, શક્તિ અને સંપત્તિની બરબાદી એટલે વ્યસન. વ્યસન સેવવામાં બહાદુરી માનતો માણસ પછી વ્યસન છોડવાની બહાદુરી બતાવી શકતો નથી. અકાળે વૃદ્ધાવસ્થા, વિનાશક રોગનો પ્રવેશ, પરિવારની અનાથસ્થિતિ - આ બધું નજરસામે તરવરવા માડે તો પણ બિચારો વ્યસન છોડી શકે નહીં એ કેવી અનર્થકારી હકીકત કહેવાય!!

કોઇની પણ નિંદા-કુથલી પણ અનેક રીતે અનર્થકારી બને છે, કારણ

કે એથી વાણી ભ્રષ્ટ થાય, જેની નિંદા થાય છે, એ ભવિષ્યમાં દુશ્મન થાય છે. પોતાની હલકાઇ થાય છે - દુનિયામાં કચરો ચુંથનારો સારો ગણાતો નથી. ને જે-જે બાબતથી નિંદા થાય છે, એ બધી ખોટી બાબતો પછી પોતાને જ વળગે છે.

માત્ર સ્વાર્થભરેલી જ મનોવૃત્તિ પણ અનર્થકારી છે, કારણ કે એ સ્વાર્થ જ પછી દ્રોહ-વિશ્વાસઘાત-પ્રપંચ તરફ લઇ જાય છે. સ્વાર્થી માણસનાં મન અને જીવન ખૂબ સંકુચિત થઇ જાય છે. એ સારા પરિવારને અને સારા મિત્રોને ગુમાવી દે છે, તેથી પછી પોતાની કટોકટીમાં કોઇનો સાથ મળતો નથી. **સ્વાર્થરસિયો જીવ જૈન થવાને લાયક નથી, કારણ કે જૈનધર્મ જ પરમાર્થના પાયા પર ઊભો છે.** જગતના શ્રેષ્ઠતમ પાંચ પરમેષ્ઠીઓ પરમાર્થસ્વરૂપ છે.

કરકસરની જગ્યાએ કંજુસાઇ અને ઉદારતાના સ્થાને ઉડાઉપણું - આ બંને પણ અનર્થકારી છે. જરુરિયાતમાટે પણ નહીં ખરચનારો-બીજાને અતિ આવશ્યક પ્રસંગે પણ સહાયક નહીં થનારો કંજુસ મધપુડાની માખી જેવો છે. માત્ર ભેગુ કરી જાણે-ભોગવી નહીં ! એનું નામ પણ જે લે, એના કામ બગડે. એ મરતી વખતે જાનથી પણ પ્રિય ધનવગેરે છોડવા પડશે એના દુઃખથી દુર્ધ્યાનમાં મરી દુર્ગતિભેગો થઇ જાય છે, ને પછી એના વારસદારો એની સંપત્તિ તદ્દન વ્યર્થમાં ઉડાવી દે છે.

વગર કારણે માત્ર શોખમાટે કે પ્રદર્શન ખાતર કે વટ જાળવવા ધન ઉડાવનારો પાપથી આવેલા ધનને પાપમાં જવા દે છે. કીચડથી મેલો થયેલો ગટરના પાણીથી સ્નાન કરે છે. અવસરે જ એની પાસે ધન બચતું નથી. ઉડાઉગીરીના કારણે જ એ વિવિધ વ્યસન-રોગમાં પણ ફસાઇ જાય છે ને ગમે ત્યાં અચાનક મરી જાય છે, કે જે મોત પ્રાયઃ કુદરતી નથી હોતું.

ઓ ગુરુદેવ ! આમ આ જગતમાં ઘણી ઘણી બાબતો અનર્થકારી છે, પણ તેમાં સૌથી વધુ અનર્થકારી શું ? એવું શું અનર્થકારી તત્ત્વ છે કે જે તે ક્ષણથી માંડી દીર્ઘ ભવિષ્યકાલ સુધી અખંડરૂપે અહિતકર બની રહે ?

ગુરુએ આ પ્રશ્નને અનુરૂપ ચાલીશમો જવાબ આપતા કહ્યું - વત્સ !

અસંગત માનસ એટલે કે **ક્રોધથી ધમધમતું ચિત્ત** સૌથી મોટું અનર્થકારી તત્ત્વ છે. જે ક્ષણે તે ક્રોધમાં આવે, તે ક્ષણથી માંડી દીર્ઘકાળ સુધી સતત તેનું અહિત થતું રહે છે. અલબત્ત વાણી અને કાયાનું પણ મહત્ત્વ છે, પણ સૌથી મોટી મહત્તા મનની છે.

તેથી જ જો મન ખોટા-ક્રોધભર્યા અધ્યવસાયોમાં-વિચારોમાં ફસાઇ ગયું, તો અવશ્ય દુસ્તર દુર્ગતિ પાકી. આગમમાં કહ્યું જ છે - મન-વચન-કાયાના વ્યાપાર=પ્રવૃત્તિમાં પણ મનનો વ્યાપાર અત્યંત મહત્ત્વનો છે એમ તીર્થંકરોએ કહ્યું છે, કારણ કે આ મન જ માનવીને કાં તો નીચે સાતમી નરકે ને કાં તો ઉપર મોક્ષે લઇ જવા સમર્થ છે.

દક્ષિણ આફ્રિકામાં એક સ્થાન સૌથી જુનું કચરાઘર ગણાય છે. ત્યાં ૧ લાખ ૪૦ હજાર વર્ષ જુના કોલસા-હાડકા-ખોપરીઓ વગેરે કચરા દટાયેલા છે. આ દુનિયાની વાત છે.

હકીકતમાં તો આપણું મન સૌથી જુનું કચરાઘર છે. એમાં અનંતકાળથી આહારાદિ સંજ્ઞાઓ-ક્રોધાદિ કષાયો નામના કચરાઓ દટાયેલા છે. જ્યારે જ્યારે એ પ્રગટ થાય છે, ત્યારે ત્યારે દુર્વ્યવહારની દુર્ગંધથી હાહાકાર મચી જાય છે.

અમેરિકાના લોકો દર વર્ષે ૨૧૪ અબજ કિલો કચરો પેદા કરે છે. પણ **આપણું મન એક ક્ષણના ક્રોધમાં જ એટલા બધા અશુભ કર્મોરૂપ કચરો પેદા કરે છે, કે જેનો નિકાલ કરતાં કરતાં આત્માના અસંખ્ય ભવ નીકળી જાય છે.**

ક્રોધ=કરોધ. એટલે કે મનનો ક=કુત્સિત=ખરાબ ઠેકાણે રોધ=અટકાવ. મન ખોટે ઠેકાણે અટકી જાય-સ્થિર થઇ જાય એ ક્રોધ છે. ક્રોધ એ આત્મપ્રદેશને વળગેલો ટી.બી. છે. ક્રોધ એ પ્રસન્નતારૂપ દેહને ખતમ કરતો કેન્સર છે. ક્રોધ એ ગલતો કોઢ છે, કે જેમાંથી દુર્ભાવરૂપી રસી ટપક્યા કરે છે. ક્રોધ સત્ત્વની માંદગી સૂચવે છે. ધીરજનું મોત એટલે ક્રોધ! શ્રદ્ધા સાથે છુટાછેડા થયા વિના ક્રોધ આવે નહીં. અથવા છુટાછેડાની જાહેરાતરૂપ છે, ક્રોધ. જીવની દિવ્યતા અને માનવતા બંનેની કબરપર ક્રોધ ભૂત નાચે છે. સુકૃતોને બાળી નાખવામાં મહેલ ને બાળી

નાખવામાં આગની જે તાકાત-ઝડપ છે, એથી પણ વધુ ઝડપ ક્રોધની છે.

જેમ શુક્લધ્યાન એ ધ્યાની મહાત્માના તમામ દુષ્કૃતોને ક્ષણવારમાં નષ્ટ કરી નાખે છે, તેમ ક્રોધથી પ્રગટતું રૌદ્રધ્યાન જીવના તમામ સુકૃતોને ક્ષણવારમાં નષ્ટ કરી નાખે છે. બીજાપર કરાયેલા ક્રોધે ક્યારેય પોતાનું કલ્યાણ કર્યું નથી. ક્રોધની આગ માત્ર મનમાં ઉઠે તો પણ નરકગતિ રાહ જુએ છે. બીજાને સુધારવા પણ થતો ક્રોધ પોતાનું તો નિશ્ચિત બગાડે છે. દીર્ઘકાલીન મીઠા-મધુરા-પ્રેમભર્યા સંબંધને વેરની પરંપરામાં પલટાવી નાખવાની તાકાત ક્રોધની છે.

બુદ્ધિમાન પણ ક્રોધવખતે બેવકુફ કે બુદ્ધુ બની જાય છે. ડાહ્યા માણસની પાગલતાનું બીજું નામ છે ક્રોધ. પોતાના પગપર કુહાડો મારવો આ કહેવતને ચરિતાર્થ કરવા ક્રોધ કરવો જરુરી છે. ક્રોધથી માણસ એવો કાળિદાસ બની જાય છે કે જે પોતે જે ડાળ પર બેઠો છે, એને જ છેદી નાખે છે. અવસરે ક્રોધ પ્રાયઃ બધાને મિત્ર જેવો લાગે છે, પણ એના અનંતકાળના ઇતિહાસમાં એ ક્યારેય કોઇ જીવનો સાચો મિત્ર બન્યો નથી.

ક્રોધ જ્યારે જ્યારે સાચો લાગે, ત્યારે ત્યારે સમજી લેવું કે એ સારો નથી. માણસને પોતાને પણ પોતાનો ક્રોધમાં લેવાયેલો ફોટો જોવો ગમતો નથી. ક્રોધીને પણ પોતાની ક્રોધી તરીકેની ઓળખ પસંદ નથી. ભૂતના વળગાડવાળી વ્યક્તિ શું કરે એ જોવું હોય, તો ક્રોધ કરતી વખતે પોતાને જ જોઇ લેવું ! **ઝેર પી ને કોઈ અમર થયું નથી ને ક્રોધ કરીને કોઇ પ્રિય થયું નથી.** દારુના નશાથી થતી બરબાદી કરતાં પણ ક્રોધના નશાથી થતી બરબાદી વધુ ભયંકર છે.

ક્રોધની અસલિયત જાણવામાટે અહીં કુરટ-કુરુટની કથા બતાવી છે.

આ જ જંબુદ્વીપના આ ભારત દેશમાં **'કમલાલય'** નામનું એક સમૃદ્ધ નગર હતું. સમગ્ર નગરની સમૃદ્ધિ જોતાં આ નામ સાર્થક જ લાગતું હતું. કૃષિ ઉત્પાદક વ્યવસાય છે કે જેમાં એકનું અનેક થાય છે. ઉદ્યોગમાં એવી ઉત્પાદકતા નથી. એમાં માત્ર વસ્તુના સ્વરૂપમાં ફેરફાર થાય છે. તેથી કૃષિથી આવતી સમૃદ્ધિ સાચી છે, પેલી આભાસી ! આ નગર કૃષિમથક હતું.

આ નગરમાં **ચંદ્રશેખર** નામના રાજા રાજ્ય કરતા હતા. એની દેહકાંતિ

તો ચંદ્રોજ્વળ હતી, પણ એના વ્યવહારની ઝલક પણ સૌમ્ય-શીતલ હતી. આ રાજાને **ચંદ્રશ્રી** નામની પટ્ટરાણી હતી, એનું શીલ ચંદ્રથી વધુ ઉજ્જ્વળ હતું. રૂપ દેવાંગનાથી ચઢિયાતું હતું.

આ બંનેને **કરટ-કુરુટ** નામના બે પુત્ર હતા. બંને વિનીત હતા. નીતિનિપુણ હતા. શસ્ત્ર-શાસ્ત્રવિશારદ હતા. ગુણની દુકાન હતા. સત્ય-શીલમય આ બંને સ્વ-પર બધા માટે હિતકર હતા. પૂર્વના ભરપુર પુણ્યે બધી રીતે પૂર્ણ તે બંને લોકોને પણ પ્રિય હતા.

સર્વકળાસંપન્ન બંનેને ઉચિત અવસરે ઘણી રાજકન્યાઓ સાથે પરણાવ્યા. ભોગમય યુવાવયનો સમય ઝડપથી વીતી રહ્યો હતો. ભોગના દીવામાં પુણ્યનું ઘી ઝડપથી બળી રહ્યું હતું.

એકવાર નગરમાં સાક્ષાત ધર્મસ્વરૂપ **શ્રીધર્મઘોષસૂરિ** આચાર્ય પધાર્યા. ઉદ્યાનપાલકે રાજાને વધામણી આપી. રાજાએ એને ઉચિત ઇનામ આપ્યું. પછી પરિવાર સાથે-મોટા સામૈયા સહ ઉદ્યાનમાં આચાર્યભગવંતને વંદન કરવા આવ્યા. સાથે કરટ-કુરુટ પણ હતા.

જૈનાચાર્યો માત્ર ધ.ધુ.પ.પૂ. (ધર્મ ધુરંધર પરમ પૂજ્ય) છે, એમ નથી. તેઓ પ્રભુવચનને આત્મસાત કરી તે મુજબ અહિંસામય, સત્યમય, બ્રહ્મચર્યમય અપરિગ્રહમય જીવન જીવે છે. પરિગ્રહને ચોરી સાથે સંબંધ છે. જૈન સાધુને પરિગ્રહની ઇચ્છા નથી, તેથી સપનામાં પણ ચોરી કરતા નથી. પહેલા ભક્તો પાસેથી ધનવગેરેની ભેટ લેવી ને પછી તેથી સામાજિક કાર્યો કરી વાહ વાહ મેળવવાના એમને કોડ નથી, કારણ કે ધન સ્વીકારવું એટલે પરિગ્રહને સંમતિ આપવી. હવે આ પરિગ્રહ જ લોભ, વહિવટ, પંચાત, ખટપટનું કારણ બને, એમાં સાધના કે જે માટે સંસાર છોડ્યો છે, તેની તો ગંધ પણ રહે નહીં.

ભક્ત ગુરુને જ્યારે ભગવાન માને છે, ત્યારે મનથી સ્વસ્થ ગુરુ પોતાને ભગવાનનો દાસ, સેવક, સંદેશવાહકથી વિશેષ સમજતા નથી. તેઓ શ્રીમંતોને સંવિભાગ, દાન આદિની પ્રેરણા કરી પુણ્યોદયને વધુ પુણ્યના કારણરૂપ બનાવવા પ્રેરે છે, તો ગરીબોને શીલ-તપ-ત્યાગ-સમતામાં જોડી ગરીબીના કારણભૂત

પાપના નાશનો ઉપાય બતાવે છે.

**મજાકમાં કહી શકાય કે ડોક્ટરો ગજવું જોઈને દવા આપે છે, વૈદ્ય નાડી જોઈને ઔષધ આપે છે ને ગુરુ દોષ જોઈને ઉપાય આપે છે.**

આવા જ મહાન ધર્માચાર્ય શ્રી ધર્મઘોષસૂરિ મહારાજ હતા. એમણે વંદનમાટે આવેલા રાજા વગેરેને ધર્મોપદેશમાટે યોગ્ય જાણી ઉપદેશ આપ્યો - (૧) માનવભવ (૨) આર્યક્ષેત્ર (૩) પવિત્ર જાતિ-ઉત્તમકુળ (૪) રૂપ-પાંચ ઇન્દ્રિયોની પરિપૂર્ણતા (૫) આરોગ્ય (૬) દીર્ઘ આયુષ્ય (૭) સમજવા સમર્થ બુદ્ધિ (૮) જિનવચન શ્રવણ (૯) સાંભળેલું યાદ રાખવું-ધારી રાખવું-સ્મૃતિ (૧૦) એ ઉપર દઢ શ્રદ્ધા અને છેવટે (૧૧) એના આધારે સંયમ પાલન - આ અગ્યાર બાબત જગતમાં ઉત્તરોત્તર વધુ ને વધુ દુર્લભ છે. તેથી જીવસૃષ્ટિમાં જે ભવ્ય જીવ આ અગ્યારે પ્રાપ્ત કરી એનું સમ્યગ્ પાલન કરે છે, તે જ ધન્ય છે.

તેજી ને ટકોરો. એક જ વાર સાંભળેલી આ ધર્મદેશના કરટ-કુરુટ બંનેને અસર કરી ગઇ. પ્રથમ વર્ષાએ અંકુરા ફુટે એ સમજી શકાય, આ બંનેની અપેક્ષાએ તો સીધા છોડ જ ઉગી ગયા. બંનેને લાગ્યું જો મળેલો સમય પૂર્વોક્ત અગ્યારને સાધી લેવાથી જ સાર્થક થતો હોય, તો સંસારમાં નિરર્થક સમય ગુમાવવો હવે પાલવે એમ નથી. જે સમયરૂપી સલામત કિલ્લાને સાધી લેતો નથી, એને દુર્ગતિરૂપી બાણ અવશ્ય વિંધી લે છે. જેઓ સાધક બને છે, તેઓ જ જો ધન્ય હોય, તો આપણે પણ હવે ધન્ય જ બનવું છે. આમ બંનેનું મન સંવેગભાવથી છલકાઇ ગયું.

તેથી માતા-પિતા-પત્નીવગેરેને જે રીતે સમજાવી શકાય એ રીતે સમજાવી બધાની અનુજ્ઞા લઇ ગુરુ પાસે દીક્ષા લીધી. વૈરાગ્યથી દીક્ષા લીધી હોવાથી સાધનામાં અપ્રમત્ત રહી થોડા જ કાળમાં ગીતાર્થ થયા. આગમજ્ઞાતા થયા. બંને સાચા સંત થયા, કારણ કે એમના હૈયામાં ધર્મની વસંત હતી.. વળી, બંનેનું હૃદય રણ જેવું સ્વચ્છ હતું ને કોઇ પણ ઘટનારૂપ પાણી વરસવાપર પણ હૃદયમાં દ્વેષ-દુર્ભાવના કોઇ ઘાસ-અંકુર ઉગતા નહોતા.

પછી આચાર્ય મહારાજની રજા લઇ વર્ષાકાળ-ચોમાસામાટે **કુણાલા**

નગરીમાં પધાર્યા. તપથી શોષિત શરીરવાળા બંને તપતેજથી દીપતા હતા. તે બંનેએ કુણાલા નગરમાં ઘણા પાસે નિર્દોષ-અચિત્ત વસતિમાટે યાચના કરી.

પણ જેમ આજે દેરાસરને જરુરી માનનારા પણ ઘણાને ઉપાશ્રયની મહત્તા સમજાઇ નથી. અરે એનાથી સૂગ છે. એવી પરિસ્થિતિ ત્યાં પણ થઇ. જીવંત ત્રણ પરમેષ્ઠી આચાર્ય-ઉપાધ્યાય-સાધુ જ્યાં રહી નિષ્પાપ-નિર્દોષ સંયમ સાધના કરે ને શ્રાવક વર્ગ પણ સામાયિક-પૌષધ-પ્રવચન શ્રવણ-ગુરુ ઉપાસના આદિ અનન્ય કોટિના લાભ મેળવે, એ ઉપાશ્રયને ગૌણ કરવાથી જ સંઘો તુટી રહ્યા છે, બાળક-યુવકો ધર્મના પરિચયથી વંચિત થઇ રહ્યા છે, ત્રણ-ત્રણ નમોથી નમસ્કૃત આચાર્યાદિ મુનિઓ પ્રત્યેના સદ્ભાવ-અહોભાવ વિનાના થઇ રહ્યા છે, જીવન નિરંકુશ જીવીને જૈનત્વને બટ્ટો લગાડી રહ્યા છે. અશાંતિ-અજંપો-તણાવના નિમિત્તોમાં દોડી રહ્યા છે ને પોતાની ભાવી પેઢીને ‘અમે જૈન છીએ’ એવા ભાવથી પણ દૂર કરી રહ્યા છે.

એક બાજુ કેટલાક ભવ્યાત્માઓ અમેરિકામાં પણ જૈનત્વના ચોવિહાર આદિ બધા સંસ્કારોને જીવની જેમ જાળવી લઇ પછી ઘરમાં અવતરેલા બાળકને જૈનત્વના સાચા સંસ્કાર મળે, દેવ-ગુરુનો સાક્ષાત્ પરિચય થાય, ને અમેરિકાના માત્ર ભોગલક્ષી વાતાવરણથી બગડી નહીં જાય એ માટે અમેરિકાની સારા પગારની નોકરી છોડી ભારત આવી જાય ને પુત્રને ગુરુના પરિચયમાં રાખે. ત્યારે બીજી બાજુ અહીંના જૈનો સંતાનને ગુરુના સત્સંગથી વંચિત રાખે-વંચિત રહે તેવી જ ભૂમિકા સર્જે એ ગજબ જ છે ને !

મૂળ વાત એ છે કે કુણાલાનગરીમાં પણ બંને મહાતપસ્વીને ચોમાસુ પૂરું કરવા ક્યાંય સ્થાન મળ્યું નહીં. તેથી નગરની ખાઇની વચ્ચે થોડી અચિત્ત ભૂમિ-ટાપુ જેવી ભૂમિપર - બંને કિનારાની મધ્ય ભૂમિમાં જ ચોમાસુ ગાળવાનો નિર્ણય કર્યો. બંનેએ વિચાર્યું - આપણને બીજા કોઇ ઉપાશ્રયનું પ્રયોજન નથી. જે ત્રસ જીવો આદિથી રહિત ભૂમિ છે, એ જ આપણો ઉપાશ્રય, છેવટે રહેવું તો કાઉસગ્ગમાં જ છે ને !

ઘર રહેવા માટે છે કે અહંકાર માટે ? સલામતી માટે સંસારીને ને સાધના

માટે સાધુને સ્થાનની જરુરત પડે. તેથી જ સંસારીમાટે ઘર કહેવાય ને સાધુમાટે ઉપાશ્રય. પણ ઘણા એ સ્થાનને અહંકારનો શો-રૂમ બનાવી દે છે. તેથી જ પહેલા ઘર મોટું લે ને પછી એ વગર જરુરના ફર્નીચર વગેરેથી ભરી દે.

ઘણા તો ઘણા ઘર રાખે છે. બ્રુનેઇના સુલતાનના મહેલને ૧૬૮૮ ઓરડા છે. રાષ્ટ્રપતિ ભવનમાં પણ હજારો રૂમ છે. સદ્દામ હુસેનના મહેલમાં સોનાના નળ હતા પણ બિચારો બચવામાટે ગટરની પાઇપ લાઇનમાં છુપાયો હતો. માઇકલ જેક્સનનું એકવારનું રહેઠાણ ૨૬૦૦ એકરમાં હતું, પણ તે વ્યસનોથી અકાળે મરી ગયો, હવે ૨×૫ ના કબ્બરમાં રહે છે.

સત્યમ કોમ્પ્યુટરના સ્થાપક રાજુના બંગલા જુદા-જુદા સોથી વધુ દેશોમાં છે. પણ પોતે જેલમાં છે.

તેથી જ સાધુ સાધનામાટે સ્થાન શોધે છે કે જે નિર્દોષ-અચિત્ત હોય. પછી એવા સ્થાનપર પણ મમતા થાય નહીં, એ માટે સમય પૂરો થયે એ સ્થાનને છોડી દે છે. મરણવગેરેથી ગૃહસ્થને છોડવું પડે છે... નિસ્પૃહતાના કારણે સાધુ પૂર્વ કરોડ વરસ સુધી ઘર વગર પણ મસ્ત રહે છે. તમે ?

બંને સાધુએ સંકલ્પ કર્યો... ચારે મહીના ચોવિહારા ઉપવાસ કરીશું. કાઉસગ્ગમાં જ રહીશું ને ચારે મહીના આ સ્થાનને છોડી ક્યાંય જઇશું નહીં. એ પછી જ વિહાર કરીશું.

બંને તો આ સંકલ્પપૂર્વક કાઉસગ્ગમાં ઊભા રહી ગયા. નગરની અધિષ્ઠાયક દેવીએ પોતાના જ્ઞાનથી બંનેની પ્રતિજ્ઞા જાણી લીધી. આવા મહાન તપસ્વીઓને તપમાં-પ્રતિજ્ઞામાં વિઘ્ન નહીં થાય ને એ રીતે ભક્તિ-વૈયાવચ્ચનો લાભ મળે એ હેતુથી દેવીએ નગરમાં વરસાદ પડે નહીં એવી ગોઠવણી કરી.

અલબત્ત સર્વત્ર જીવો પ્રતિ પ્રેમ-મૈત્રી-દયા-અનુકંપાથી છલોછલ સાધુના નિમિત્તે વરસાદ જ ન પડે ને પાક થાય નહીં, તળાવો સુકાઇ જાય ને લોકો હેરાન-હેરાન થઇ જાય એ તો ઘણું અનુચિત ગણાય.

તેથી નગર બહાર તળાવ-નદી-ખેતરોમાં એટલો વરસાદ થયો કે જેથી નદી-નાળા-તળાવ છલકાઇ ગયા... પાક સવાયો થયો. લોકોને ખબર નથી કે

આમ કેમ થયું – પણ બધા રાજી થયા કે શહેરના કામધંધા અટક્યા નહીં ને જ્યાં જરુરી છે ત્યાં પૂરતો વરસાદ થયો.

કેટલાક બ્રાહ્મણોએ આમ થવા પાછળ શું કારણ છે તેની શોધ ચલાવી. તેમના નજરમાં આવી ગયું કે આ બંને જૈન સાધુઓના પ્રભાવથી જ આમ થયું છે. તેઓ સાધુઓની આ સાધનાથી પુલકિત થવાના બદલે ઈર્ષ્યા–અસૂયાથી પીડિત થયા. **સાચું જોવા કરતાં પણ સારું જોવું એટલું જ દુષ્કર છે, જેટલું સાચું બોલવા કરતાં સારું !**

ખરેખર તો તેઓએ આ સાધુઓના આ પ્રભાવથી એમનું શરણું સ્વીકારી લેવું જોઈતું હતું. પણ એના બદલે ઊલ્ટા વિચારમાં ચઢ્યા. તેઓએ વિચાર્યું – આ જે ચમત્કાર થયો કે જેથી આ ચોમાસાનો વરસાદ બધાને અનુકૂળ થયો, એમાં આ બે સાધુઓનો પ્રભાવ છે એમ જો સીધી વાત લોકો અને રાજા જાણશે, તો એ બધા આ સાધુઓની પૂજા કરશે, સત્કાર કરશે, ને જૈન ધર્મનો જયજયકાર થશે. પણ જેઓ વેદ અને ઈશ્વરને માનતા નથી, તે જૈન સાધુઓનો જયજયકાર થાય એ ચલાવી લેવાય નહીં.

**ધર્મભાવના એટલે જીવો પ્રતિ મૈત્રી ને ધર્મઝનુન એટલે જીવો પ્રત્યે દ્વેષ.** જીવો પ્રત્યેના દીર્ઘકાળથી ઘર કરી ગયેલા દ્વેષને જે દૂર કરે એ જ ધર્મ છે, કારણ કે જીવને જીવ પ્રત્યે દ્વેષ કરવો ગમે છે, ને તે માટે એ મિલકત, ધન, વચનપ્રયોગ, ભૂલ, અપરાધ, ભાષાવાદ, રાજ્યવાદ, દેશવાદ જેવા ઢગલાબંધ મુદ્દાઓ શોધી લે છે. પણ એમાટે ધર્મને મુદ્દો બનાવાય, ત્યારે હાહાકાર થાય છે, કારણ કે એ દ્વેષની આગ બુઝાવવા તો ધર્મ છે.

આ તો આગ બુઝવતા પાણીમાં જ આગ લાગવા જેવી વાત છે. મૈત્રીના પાયાપર રચાયેલો ધર્મ વારંવાર એક જ સલાહ આપે છે – શત્રુને મિત્ર થવાના હજાર અવસર આપો, પણ મિત્રને શત્રુ થવાનો એક પણ અવસર આપો નહીં.

જે ધર્મ મૈત્રીના પાયાપર ઊભો નથી, એ જ ધર્મનિમિત્તે પ્રગટેલો દ્વેષનો દાવાનલ પ્રાયઃ બુઝાતો નથી.

બીજા બધા દ્વેષને એક માત્ર 'જીવો મૈત્રીપાત્ર છે, જરા પણ દ્વેષયોગ્ય

નથી' આ ધર્મસૂત્રને જ આગળ કરી શાંત કરી શકાય. મૈત્રીમૂળક ધર્મ જો હૃદયમાં તરબતર હોય, તો કોઇ પણ નિમિત્તે પ્રગટતું ઝનુન ટકે જ નહીં. પણ જો ધર્મને આગળ કરીને જ દ્વેષ પ્રગટે, તો એ આગમાં બધું ખાખ જ થવાનું. તેથી જ ઇતિહાસ કહે છે, બાકી બધા ઝગડા શાંત થયા પછી પણ એક ધર્મને આગળ કરીને શરું થયેલા યુદ્ધો પૂરા થવાના હજી કોઇ અણસાર દેખાતા નથી.

પેલા બ્રાહ્મણો ધર્મઝનુનથી વિચારી રહ્યા છે, શું કરીએ તો આ બે સાધુની હિલના થાય ને જૈન ધર્મની વાહ વાહ નહીં થાય ?

રોજ-રોજ બે એરિયાને-બે કિનારાને જોડતાં નવા-નવા પુલોના ઉદ્‌ઘાટનો થાય છે ને રોજે રોજ બે હૃદયને જોડતા મૈત્રીપુલો તુટતાં જાય છે, કે જેમાં કારણ છે અપેક્ષા અને અહંકાર. લોખંડ ને સીમેંટ મોંઘા થતાં જાય છે ને વિવેક અને પ્રેમભરી લાગણી દુર્લભ.

પ્રમોદભાવના બદલે ઈર્ષ્યાનું કારણ છે અહંકાર. આ અહંકાર જ કરુણાને બદલે કઠોરતા તરફ પણ લઇ જાય છે. અહંકારના કારણે જ સહિષ્ણુતા પણ રહેતી નથી. **અહંકારના કારણો ધન, સાધન, સત્તા, કળા વગેરે ઘણા હોઈ શકે છે, પણ સૌથી ઘટ્ટ-તીવ્ર અહંકાર ધર્મ અંગેનો હોય છે.**

'પોતાનો ધર્મ જ સાચો છે' એવી દઢતા ધર્મતત્ત્વની સમજણ-પરીક્ષા કર્યા પછી જો આવે, તો બીજા ધર્મ નહીં કરનારા અને ધર્મના નામે અધર્મ કરનારાઓ પર દ્વેષ આવવાના બદલે દયા આવે. એના કોઇ પણ અપરાધ પર એને માફ કરી દેવાનું મન પણ એથી જ આવે - 'બિચારાને સાચો ધર્મ-સાચો વિવેક જ મળ્યો નથી, પછી આમ કરે એમાં શી નવાય ? અને એ બિચારો સાચા ધર્મની સમજણ-આરાધના ન મળવાથી આ ભવ હારી જઇ અનંત ભવ બગાડવાના કેટલા બધા મોટા નુકસાનમાં-ખાડામાં ઉતરી રહ્યો છે ?' આ વિચારથી જ એની બધી ગરબડ માફ કરી દેવાનું મન થઇ જાય....

પણ જ્યારે ધર્મ કુળપરંપરાથી આવવામાત્રથી કે તેવી વિશેષ સાચી સમજણ નહીં મળવાથી જે પોતાના ધર્મને ઝનુનથી વળગે છે, તે બીજા ધર્મવાળાને સહી શકતો નથી. એ અધર્મીએ માફ કરી દે, પણ અન્ય ધર્મીને તો

જરા પણ ચલાવી લેતો નથી. તેથી એની પ્રશંસા તો છોડો, દયા પણ વહાવી શકતો નથી.

'બીજો પોતાના ધર્મવાળો નથી' આ એક જ વાત એટલા મોટા અપરાધરૂપ લાગે છે કે એની કોઇ પણ સારી વાત એને સારી લાગતી નથી ને બીજાને પણ સારી નહીં જ લાગવી જોઇએ એવી દુર્બુદ્ધિ ઉદ્ભવે છે.

જેમ એક કળાકાર બીજા કળાકારના વખાણ સાંભળી શકતો નથી, એમ ધર્મઝનુની બીજા ધર્મના વખાણ સહી શકતો નથી. તેથી એ ધર્મવાળાને પછાડવા, ખતમ કરવાના આયોજનો કરે છે, જેના કારણે ઇતિહાસમાં જે હાહાકાર મચી જવાના પ્રસંગો નોંધાયા છે, એમાંનો એક પ્રસંગ એટલે કરટ-કુરુટ કથા.

ધર્મઝનુની બ્રાહ્મણોએ વરસાદ નગરમાં નહીં આવવાનું કારણ શોધી લીધું... ''બે સાધુઓ નગરખાઇના બે કિનારાની વચ્ચે અચિત્ત ભૂમિ પર કાઉસગ્ગમાં પૂરું ચોમાસું કરવાના છે. આવો એમનો અભિગ્રહ છે. અહીં ચોમાસુ કરવાનું કારણ એ છે કે નગરમાં કોઇએ રહેવાનું સ્થાન આપ્યું નથી.

આ બે સાધુના તપ-કાઉસગ્ગ-બ્રહ્મચર્યના પ્રભાવથી આકર્ષિત થયેલી નગરદેવીએ જ નગરના બદલે બહાર જ્યાં જરુરી હતો, ત્યાં જ વરસાદ થવા દીધો છે. તેથી રાજ્યને પાણી-ધાન્ય ભરપુર મળશે, ને નગરલોકો કાદવવગેરેથી બચી જશે એવો આનુષંગિક લાભ પણ થવાથી હવે જૈનધર્મની-જૈન સાધુની વાહ-વાહ થશે....

આમ વેદને નહીં માનનારાઓની વાહ-વાહ થાય તે ચલાવી શકાય નહીં. એ માટે જે પ્રપંચ-ખટપટ થઇ શકે તે કરી શકાય. આવા પ્રપંચ કરવા એ પણ ધર્મહેતુક હોવાથી ધર્મરૂપ જ છે. અને ધર્મરૂપ હોવાથી જ એ માટે કોઇ પણ હદ સુધી જઇએ, પુણ્યની કમાણી જ છે. તેથી એના ભાગરૂપે એવી ખોટી વિકૃત વાતો રજુ કરીને વગોવણી કરવામાં પણ દોષ નથી, એમને પોતાના સ્થાનેથી ધક્કો મારીને કાઢી મુકવામાં પણ ધર્મનો જ જય છે. એમને ધર્મમાં-સાધનામાં અંતરાયો-વિઘ્નો ઊભા કરવામાં પણ કશો વાંધો નથી. એમને પ્રતિજ્ઞાભ્રષ્ટ કરવા એ પણ ધર્મરૂપ જ છે.''

બ્રાહ્મણોના મગજમાં ઉઠેલા વિકૃત વિચારોના વાવાઝોડાએ સદ્‌બુદ્ધિ-ઔચિત્ય-ધર્મસમભાવ-માનવતાના વૃક્ષોને મૂળથી ઉખેડી નાખ્યા. શાંતિને ડહોળી નાખી.

એ બ્રાહ્મણોએ નિર્ણય કર્યો – જો આ બંને સાધુ એક જ સ્થાને રહેવાની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થશે, તો દેવી એમના પર નારાજ થશે... તેથી જૈનધર્મની હિલના થશે... લોકો જૈનધર્મ તરફ આકર્ષિત થશે નહીં, ઊલ્ટા જૈનધર્મથી વિમુખ થશે...

એ બ્રાહ્મણો લાંબો વિચાર કરવા સક્ષમ ન હતા, કારણ કે ઝનુન, ઈર્ષ્યાના પ્રભાવ હેઠળ હતા. જે તપસ્વીઓનો પ્રભાવ દેવ-દેવી સુધી પહોંચ્યો છે, તે તપસ્વીઓ નારાજ થશે તો શું થઇ શકે એટલે સુધી તેઓ વિચારી શક્યા નહીં.

તેઓએ તો નગરના રાજા **નરશેખર** આગળ જઇ વાતના મંડાણ કર્યા- હે રાજરાજેન્દ્ર ! શું આપે એ જોયું કે આ વખતે નગર બહાર ભરપુર વરસાદ થવા છતાં નગરમાં તો એક ટીપું પણ વરસાદ વરસ્યો નથી.

રાજાએ કહ્યું – અલબત્ત મને પણ આ વાતનું વિસ્મય થાય છે કે આ વખતે આમ કેમ થયું ?

બ્રાહ્મણો – તો પછી તમે એ વાતની તપાસ કેમ ન કરાવી કે આમ કેમ થયું ?

રાજા – અરે અમે તો ખુશ છીએ ! આ વખતે પણ પાણી અને ધાન્ય ભરપુર રહેવાના.

બ્રાહ્મણો – અરે ! એમ નહીં, વરસાદે નગરનો સ્પર્શ પણ નહીં કર્યો, એ એમ સૂચવે છે કે નગરી અપવિત્ર થઇ છે. અને વરસાદથી નગર પવિત્ર નહીં થવાથી અમે જે દ્વિજપૂજા-પિતૃપિંડ-યજ્ઞ વગેરે કરીએ છીએ, તે પણ નિષ્ફળ જાય છે. કોણ જાણે ? કદાચ અપવિત્ર સ્થળે આવા પવિત્ર કાર્યો કરવાથી ઘોર પાપ ઉદ્ભવતું હશે !

રાજા – આ તમારો કદાગ્રહ છે. આ વખતે નગરમાં વરસાદ નહીં થવાથી રસ્તાઓ કાદવ વિનાના છે. ધાન્ય પૂરતું ઉગ્યું છે... દુકાળની કોઇ સંભાવના

રહી નથી... પ્રજાને પણ કોઇ આપત્તિ આવી નથી. તેથી મને તો લાગે છે કે આ વખતે કોક વિશિષ્ટ તપસ્વીના પ્રભાવથી આ નગર ખરેખર પવિત્ર થયું છે.

બ્રાહ્મણો – રાજન્ ! નગરના રસ્તાઓ ખોટા માણસોના સ્પર્શથી ભ્રષ્ટ–અપવિત્ર થતા હોય છે. મેઘ રાજા વરસે ને જે શુદ્ધ જળનો છંટકાવ થાય, એ પાણીનો પ્રવાહ વહે, એનાથી જ જેમ રસ્તાના કચરા વહી જાય છે, એમ અપવિત્રતા પણ વહી જાય છે. તેથી નગરમાં વરસાદ તો પડવો જ જોઇએ. અમે તો માનીએ છીએ કે કો'કે પોતાની તેવી શક્તિથી વરસાદને નગરમાં આવતો અટકાવ્યો છે. એનો ઉપાય થવો જોઇએ.

રાજા :- અમને તો આમાં કશું ખોટું થયું દેખાતું નથી. છતાં તમારો આગ્રહ છે, તો હવે તમે જ ઉપાય બતાવો કે જે અમે અજમાવીએ ને તમને સંતોષ થાય.

બ્રાહ્મણો :- અમે અમારા પૂર્વજો પાસેથી સાંભળ્યું છે કે જ્યારે વરસાદ નહીં આવે, ત્યારે રાજા સ્નાન કરી પવિત્ર શ્વેત વસ્ત્ર ધારણ કરી પોતાના હાથમાં ધૂપ રાખી ભક્તિથી આ પ્રમાણે બોલે – હે દેવ કે દાનવ ! જેણે વરસાદ અટકાવ્યો છે, તે સૂર હોય કે સૂરી ! તેઓ પ્રસન્ન થાઓ અને મને વરસાદ અટકાવવાનું કારણ બતાવો ! ઉપાય બતાવો ! દેવો તો ઉગ્ર ભક્તિથી તરત પ્રસન્ન થાય છે ! તેથી તમે પ્રસન્ન થાઓ.

તેથી હે રાજન ! તમે પણ આ રીતે કરો.

બ્રાહ્મણોનું મન રાખવા રાજાએ સ્નાંન કરી પવિત્ર શ્વેત વસ્ત્રો ધારણ કર્યા. હાથમાં ધૂપ રાખી નગરના ચૌરે–ચૌટે ફરવા માંડ્યું ને ઉપરોક્ત ઘોષણા કરવા માંડી. આમ સમગ્ર નગરમાં ફરી વળ્યા. પણ દેવ કે દેવી પ્રગટ થયા નહીં.

બ્રાહ્મણો બધું જાણતા હોવા છતાં કશું જાણતા નથી એવા નિર્દોષ ચહેરે સાથે સાથે ફરતા રહ્યા.

આમ ફરતા ફરતા નગર બહારની ખાઇ આગળ આવ્યા. ત્યાં બંને સાધુ બે કિનારાની વચ્ચે કાઉસ્સગ્ગ–ધ્યાનમાં મગ્ન દેખાયા. ત્યારે હવે મોકો આવ્યો છે એમ માની એ બ્રાહ્મણોએ રાજાને હવે રવાડે ચઢાવવા બાજી ગોઠવવા માંડી.

આજકાલ ઘરોમાં વાયર છુપાયેલા રાખવાની ફેશન છે. પેલા બ્રાહ્મણો મનના આશય છુપાવવામાં કુશળ હતા. તેથી હૃદયમાં ભારોભાર દ્વેષ પડ્યો હોવા છતાં જાણે પોતે મધ્યસ્થ છે ને સારી વાતના પ્રશંસક છે, એમ દર્શાવવા તેઓ બોલ્યા – હે રાજન્ ! અમને તો નગરમાં વરસાદ નહીં પડવાનું કારણ જડી ગયું.

રાજાએ સાશ્ચર્ય પૂછ્યું – કયું કારણ છે ?

તેઓએ અંગુલિનિર્દેશ કરી બંને સાધુ બતાવી કહ્યું – વરસાદના રોધનું કારણ આ બે તપસ્વી સાધુ છે. જુઓ – બંને જણા ત્યાં કાઉસગ્ગમાં સ્થિર છે. હવે જો નગરમાં વરસાદ પડે, તો એ પાણી ખાઇમાં આવવાનું જ. તો બંને તપસ્વીઓ એમાં તણાઇ જાય. પણ આવા મહાન તપસ્વીઓ પોતાના નગરમાં આવ્યા પછી આવી પીડા ભોગવે તે નગર અધિષ્ઠાયક દેવીને પસંદ નથી. કારણ કે આ બંને ઘોર તપસ્વી છે. અને મહાત્માઓના ઘોર તપથી આકર્ષાયેલા દેવો એમની ઉપાસના કરવામાં ગૌરવ અનુભવે છે.

કહ્યું જ છે કે સાધના-તપ મુખ્ય છે, કુલ-જાતિની મહત્તા નથી. હરિકેશી બળ (ચંડાળપુત્ર)નું કયું કુળ હતું ? છતાં તેમના તપથી આકર્ષાયેલા દેવો તેમની ઉપાસના કરતા હતા.

તો રાજન્ ! અમને લાગે છે કે આ તપસ્વીઓના કારણે જ નગરમાં વરસાદ પડતો નથી. જો આ બંને આ સ્થાનથી ખસે, તો દેવી અવશ્ય નગરમાં વરસાદ વરસાવે.

રાજા :- પણ આ બંને તો સાધનામાં-કાઉસગ્ગમાં છે. વળી બંનેએ કદાચ ચારે મહીના અહીં રહેવાની પ્રતિજ્ઞા કરી હશે. એમ કરીએ, ચાર મહીના પછી તેઓ વિહાર કરે એની રાહ જોઇએ.

બ્રાહ્મણો :- રાજન્ ! આ ઉચિત નહીં ગણાય. ચોમાસામાં વરસાદ આશીર્વાદ છે. એ પછી પડે તો એ માવઠું ગણાય. ઋતુમાં ફેરબદલ તો પ્રલય-વિનાશની આગાહી કરે છે. શિયાળામાં તાપ ને ઉનાળામાં ઠંડી પડે તે કેમ ચાલે? ચોમાસામાં વરસાદ પડે છે, માટે તો ધર્મકાર્યો ચોમાસામાં વિશેષથી થાય છે.

રાજા :- તો હવે શું કરવું ?

બ્રાહ્મણો :- તમે એ બંને તપસ્વીઓને તપ-ધ્યાનમાટે બીજી અચિત્ત જગ્યા આપો. એમને ત્યાં જવાનું કહો. જેથી નગરમાં વરસાદ પડે.

રાજા નિર્દોષ હોવા છતાં બ્રાહ્મણોની વાતોના વમળમાં ફસાતો જતો હતો. **ખોટાના મન રાખવા જતાં સાચાને હાનિ પહોંચે છે. ને સાચાને થતી હાનિ પોતાને મોટી નુકસાનીનું કારણ બને છે.**

રાજાએ સાધુઓને મધુર ભાષામાં કહ્યું - હે તપસ્વી મુનિભગવંતો ! મારા નમસ્કાર. આપ આ અયોગ્ય સ્થાન છોડી દો. આપ જેવા માટે આ ઉચિત સ્થાન નથી. તેથી અન્યત્ર શ્રેષ્ઠ ઉપાશ્રયમાં નિવાસ કરો.

મુનિઓએ કહ્યું - રાજન્ ! અમારા માટે તો સાધનામાટે ઉચિત અચિત્ત ભૂમિ જે હોય તે શ્રેષ્ઠ જ ગણાય છે. એ સ્મશાન હોય, તો પણ શ્રેષ્ઠ ઉપાશ્રય છે.

રાજાએ કહ્યું - પણ મુનિભગવંતો ! આપ અહીં રહો છો, તેથી નગરમાં વરસાદ પડતો નથી. આપ જો ખસો, તો નગરમાં વરસાદ પડે અને જૈન ધર્મ પ્રત્યે દ્વેષ ના થાય. આ બ્રાહ્મણો પણ રાજી થાય.

મુનિઓએ કહ્યું - પણ રાજન્ ! અમને નગરમાં ક્યાંય રહેવાનું સ્થાન મળ્યું નહીં. તેથી અમે અહીં રહ્યા છીએ. ને અમે તો ચારે મહીના એક સ્થાને રહેવાની પ્રતિજ્ઞા કરી છે. અમે એવો કંઇ સંકલ્પ કર્યો નથી કે નગરમાં વરસાદ પડો નહીં. તેથી અમે કંઇ વરસાદને રોક્યો નથી. અમે વ્રતભંગ-અભિગ્રહભંગ-પ્રતિજ્ઞાભંગ કરવા ઇચ્છતા નથી, કારણ કે મહાપુરુષોના પ્રાણ એમની પ્રતિજ્ઞામાં હોય છે. એમના માટે પ્રતિજ્ઞાભંગ એટલે પ્રાણનાશ.

રાજા :- પણ આ બ્રાહ્મણો કહે છે 'તમારા કારણે વરસાદ નથી આવતો. તેથી નગર પવિત્ર નથી થતું.'

મુનિઓ :- રાજન્ ! દુર્જનોની વાણીમાટે બે કાન રાખવાના - એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાખવી. એમની વાતને વજન આપી આ રીતે અમને અહીંથી ખસવાનો આગ્રહ કરો નહીં.

રાજા :- મહાત્માઓ ! આપ તો થોડા વખતમાં અહીંથી વિહાર કરશો.

મારે આ નગર સંભાળવાનું છે. માટે નગરજનોની માગણી સ્વીકારવી પડે. તેથી આપ અહીંથી અન્યત્ર પધારો.

સાધુઓ :- જ્યારે અમને આ નગરમાં માત્ર ચોમાસામાટે-ચાર મહીનામાટે જ રહેવાનું સ્થાન ક્યાંય મળ્યું નહીં, ત્યારે રાજા તરીકેની તમારી જવાબદારી ક્યાં ગઇ હતી ? આ બ્રાહ્મણોએ ત્યારે કેમ ચિંતા કરી નહીં ? હવે અમે અહીં ચાર મહીનાના અભિગ્રહસાથે રોકાયા છીએ, ત્યારે અમને તમે બીજું સ્થાન આપવા તૈયાર થયા છો ને એમ કરી અમારો અભિગ્રહ તોડાવવા માંગો છો.... આ કેટલું વાજબી ગણાય ?

રાજા :- એ બધી વાતો છોડો. તમારા કારણે નગરમાં વરસાદ નથી પડતો ને નગર પવિત્ર નથી થતું એ વાત મહત્ત્વની છે. માટે તમારે સ્થાન છોડવું જ પડશે !

(અન્યત્ર એવી વાત આવે છે કે એ પછી બંને મુનિઓને ત્યાંથી ખસેડવા બળપ્રયોગ અજમાવાયો. એમાં ધક્કા-મુક્કી, તમાચા-લાતો પણ પડી. તેથી બંને મુનિઓ ક્ષમા ગુમાવી બેઠા.)

બંને મુનિઓ પ્રશમ વનને ક્રોધની આગમાં બાળી નાખવા તત્પર થયા. જે પ્રશમભાવ અત્યંત દુર્લભ હતો, ઘણી ઘણી સાધના પછી માંડ પ્રાપ્ત થયો હતો, તે આટલી એક નાની વાતમાં ખતમ થયો. સાધુઓને 'અમે જ્યારે યાચના કરી ત્યારે કોઇએ સ્થાન આપ્યું નહીં ને હવે અમારી પ્રતિજ્ઞા તોડાવવા અમને અહીંથી ખસેડે છે' એ વાતે પણ ખોટું લાગ્યું.

જેમ આજ-કાલ એમ.સી. એક્સ. કે ફ્યુચર ઓપ્શનમાં ક્ષણિક લોભના આવેગમાં આવેલો એક ક્ષણમાં જીવનભરની મૂડી ગુમાવી બેસે છે, એમ આ બંને સાધુ ક્ષણિક આવેશમાં જીવનભરની મૂડી સમાન પ્રશમભાવ, સંયમ, તપ, ગુમાવવાની ભૂમિકાપર આવી ગયા.

તેથી કરટ મુનિએ કહ્યું - એમ ! તમારે વરસાદ જોઇએ છે, તો લો ! હે મેઘરાજ ! જો તમે અમારા તપના કારણે વરસાદ નથી લાવતા, તો મારા વચનથી તમે વરસો - હે મેઘ તમે કુણાલામાં વરસો !

તરત કુરુટ મુનિ બોલ્યા - પંદર દિવસ સુધી વરસો !

પાછા કરટ મુનિ બોલ્યા - મુશળધાર વરસો !

છેલ્લે કુરુટ બોલ્યા - દિવસ ને રાત વરસો !

બંને તપસ્વીના તપથી ભાવિત આ વચન નિષ્ફળ જાય નહીં એ માટે દેવીએ નગરની બહાર અને અંદર વરસવાનું ચાલુ કર્યું. લાગલગાટ પંદર દિવસ અખંડ ધારાએ મુશળધાર વરસાદ વરસ્યો.

હવે વરસાદ અટકાવવાના રાજાના, પુરોહિતોના, બ્રાહ્મણોના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. સમગ્ર નગર પાણીના પ્રવાહમાં તણાઇ ગયું. રાજા કે બ્રાહ્મણો કોઇ બચ્યું નહીં. અરે, એ પુરમાં કરટ-કુરુટ મુનિ પણ તણાઇ ગયા. પણ અંતકાળે ક્રોધના આવેશમાં હોવાથી અને તેમના ક્રોધથી સમગ્ર નગરનો નાશ થવાથી જે ઘોર હિંસાજન્ય પાપ થયું, એના કારણે બંને મુનિઓ સાતમી **માઘવતી** નામની નરકમાં **'કાલ'** નામના નરકાવાસમાં દીર્ઘ સમયમાટે છેદન-ભેદન આદિ તીવ્ર વેદના ભોગવવા ફેંકાઇ ગયા. ક્રોધના ધમધમાટમાં નવકાર પણ યાદ આવ્યો નહીં, ને આલોચનાવગેરે અંતિમ આરાધનાઓ પણ કરી નહીં.

(શ્રી **અધ્યાત્મ કલ્પદ્રુમ** ગ્રંથની ટીકામાં આ બંનેના નામ કરટ-ઉત્કરટ બતાવ્યા છે. બંનેને માસીયાઇ ભાઇ કહ્યા છે. બંને બ્રાહ્મણ અધ્યાપકો હતા ને બંનેએ દીક્ષા લીધી હતી. કુણાલાનગરીના લોકોએ વરસાદ નહીં આવવા પર બંને સાથે દુર્વ્યવહાર કરી બંનેને ક્રોધ કરવા ઉશ્કેર્યા હતા.

બંને કુણાલામાં નહીં, પણ એ પછી ત્રીજા વર્ષે સાકેત નગરમાં કાળધર્મ પામ્યા. બંનેનું સાતમી નરકનું આયુષ્ય ૨ ૨ સાગરોપમ બતાવ્યું છે. વળી, આ પ્રસંગ બન્યા પછી તેરમા વર્ષે પ્રભુ વીરને કેવળજ્ઞાન પ્રગટ થયું.

એ ગ્રંથમાં જે ફરક-વિશેષ વાત છે, તે આ છે.)

કહો ! ક્રોધમય બનેલું મન કેટલું બધું નુકસાન કરી શકે ? તેથી જ ક્રોધ-અસંગત મન જ સૌથી મોટો દોષ છે. ક્રોધ પોતાને જ ઘોર પરિતાપ-સંતાપ આપે છે. ક્રોધ બધાને ઉદ્વેગ પહોંચાડે છે. વેરની પરંપરા પણ ક્રોધથી જ સર્જાય છે. ને ક્રોધના કારણે જ સદ્ગતિનો નાશ થાય છે.

કોઇ મોટાને નાનો કરતું નથી, ક્રોધ જ નાનો કરે છે. **કોઇના વ્યવહારથી ગૌરવ-હાનિ થતી નથી, તે વખતે કરેલા ક્રોધથી જ ગૌરવહાનિ થાય છે.** બીજાનો તેવો વ્યવહાર તો ક્ષમાની તક પૂરી પાડવા દ્વારા ગૌરવવૃદ્ધિનું કારણ બને છે, પણ આપણે તે વખતે ક્રોધ કરીને ગૌરવ ગુમાવી દઇએ છીએ.

ક્ષમાથી શત્રુ કાયમનો મિત્ર થાય છે ને ક્રોધથી અંગત મિત્ર પણ લોહી તરસ્યો દુશ્મન બની જાય છે. ક્ષમાથી પારકા પણ પોતાના થાય છે ને ક્રોધથી પોતાના પણ પારકા થઇ જાય છે. ક્રોધની ક્ષણ ઘણા ત્યાગ-બલિદાન લેવડ-દેવડથી ઊભા થયેલા મીઠા સંબંધની ઇમારતને ભૂકંપની જેમ પળવારમાં જમીનદોસ કરી નાખે છે.

ક્રોધથી કોઇનો પ્રેમ જીતાયો નથી, ક્રોધથી કોઇને પોતાનો કરી શકાયો નથી. એકલતા, ખિન્નતા, વિષાદના મૂળ કારણમાં ક્રોધ સિવાય પ્રાયઃ બીજો કોઇ દોષ નથી. ક્રોધ કરીને કોઇએ શાંતિ, સમતા, પ્રસન્નતા કે સમાધિ મેળવી નથી ને ક્રોધ કરવાથી કોઇની સદ્ગતિ થઇ નથી. **ક્રોધથી બીજો સુધરે તેની ગેરંટી નથી, પણ પોતે, પોતાનું મન અને છેવટે પોતાનો પરલોક બગડે છે એ નિશ્ચિત છે.**

ક્રોધના કારણે વરસોથી સંયમી, તપસ્વી, પ્રતિજ્ઞાધારક, કાઉસગ્ગ-ધ્યાનમાં રત સાધુઓ પણ સાતમી નરકે જઇ શકે છે એ વાત કોઇએ ભૂલવા જેવી નથી. ક્રોધથી નરક એ ભવિષ્યકાળની વાત છે, ક્રોધ એટલે જ નરક એ સાક્ષાત વાત છે.

તેથી હે ભવ્યજીવો ! તમે કરટ-કુરુટની આ કથા સાંભળી હવે પછી ક્રોધની આગ લાગે જ નહીં, ને લાગી હોય તો તરત બુઝાઇ જાય એ માટે તરત જ પ્રયત્નમાં લાગી જાવ.... જો તમારે સુખ-હિત, શાંતિ-પ્રસન્નતા, સમાધિ સદ્ગતિ જોઇતા હોય !

આમ આડત્રીશમાં પ્રશ્નપર ચાલીશમો ઉત્તર પૂર્ણ થયો....

*જેના તંતનો હોય અંત તે સંત, એના હૈયે સદા પ્રસન્નતાની વસંત...*

# મૈત્રી-માર્ગ મજાનો...

## મેઘકુમાર કથા...

ગુરુએ અસંગત મન=ક્રોધને સૌથી મોટા અનર્થરૂપ બતાવવા કરટ-કુરુટની કથા કહી. આ સાંભળી જિજ્ઞાસુ શિષ્યે ઓગણચાલીશમો પ્રશ્ન પૂછ્યો - સુખ લાવનાર-**સુખનો હેતુ શું છે ?**

માણસની શોધ અને દોડનો વિષય સુખ રહ્યો છે. સુખ શેમાં છે અથવા ક્યાં છે ? એ વિષયમાં ઘણા લેખકો-ચિંતકો-ફિલસુફોએ ઘણું ઘણું ચિંતન-મનન કર્યું છે. ઘણા ઘમ્મરવલોણા કર્યા છે. દરેક કંપનીની જાહેરાતનો તાત્પર્યાર્થ પણ કદાચ એ જ છે કે અમારી કંપનીની આ ચીજ તમે ખરીદશો, તો તમને સુખ જ સુખ મળશે.... જાણે કે અલીબાબાને મળેલો ખજાનો.

પ્રાયઃ દરેક ચિંતનને અને દરેક જાહેરાતને કોઇ ને કોઇ ઘરાક-અનુયાયી-શ્રદ્ધાથી સ્વીકારનારો મળી આવે છે. તેથી જ દેખાય છે કે બધાને સુખી થવું હોવા છતાં બધાના માર્ગ એક નથી, કદાચ એમ કહી શકાય કે સુખ મેળવવાના અનંતા માર્ગો તૈયાર થઇ ગયા છે, એ દરેક માર્ગપર એક જ બોર્ડ છે - સુખ તરફનો રસ્તો.

એ માર્ગો ઉજ્જડ નથી... એ દરેક માર્ગે કોઇ ને કોઇ જઇ રહ્યું છે. છતાં આશ્ચર્ય એ છે કે કોઇ સુખના એક મંઝિલ પર - લક્ષ્ય પર પહોંચતું નથી. એ માર્ગોથી જતાં બધા એક ઠેકાણે ભેગા થયા હોય એમ પણ દેખાતું નથી.

એક ઠેકાણે પહોંચાડનારા અનેક રસ્તાઓ હોઇ શકે છે. જો એ બધા રસ્તા જે ઠેકાણે જવા નીકળ્યા હોય તે ઠેકાણે પહોંચાડે તો સાચા ગણાય. એક જ સ્થળે પહોંચવા નીકળેલી જુદી જુદી વ્યક્તિઓ જો જુદા જુદા ઠેકાણેથી-દિશાએથી નીકળે, તો માર્ગો-દિશાઓ અલગ-અલગ દેખાવા છતાં વાસ્તવમાં

તે એક જ સાચા ઠેકાણે પહોંચાડનારા બને છે. નિશ્ચિત મંઝિલથી ઉત્તર તરફથી નીકળેલાએ દક્ષિણ તરફ ને દક્ષિણ તરફથી નીકળેલાએ ઉત્તર તરફ જવાનું થાય. છતાં બંને એક મંઝિલે ભેગા થઇ શકે.

આમ સુખમાટે નીકળેલાઓની દિશા અને રાહો અલગ-અલગ હોય, તો પણ જો નીકળવાના સ્થાન-નીકળવાની દિશા અલગ-અલગ હોય તો પણ તેઓ સુખરૂપી મંઝિલે એકઠા થઇ શકે. જેમ કે રાગથી દુઃખી થયેલાને સુખ જોઇતું હોય, તો વૈરાગ્યના રસ્તે આગળ વધવું પડે ને દ્વેષથી પીડાતી વ્યક્તિને સુખી થવું હોય, તો મૈત્રીના માર્ગે પ્રયાણ કરવું પડે. કંજુસમાટે દાનનો રસ્તો છે ને વ્યભિચારીમાટે શીલનો!

ભગવાન કહે છે, દુનિયાના બીજા વૈજ્ઞાનિકો કે ફિલસુફો, કવિઓ કે લેખકો, પંડિતો કે મનીષીઓએ સંસારમાં સુખી થવાના જે-જે રસ્તાઓ બતાવ્યા છે, તે પ્રાયઃ પરિણામે સુખ તરફ લઇ જતા નથી; કારણ કે તેઓ મિથ્યાત્વથી વાસિત હોવાથી સ્વયં જ ભૂલા પડેલા છે.

જો તમે દુનિયા જે-જે માર્ગે સુખી થવા દોડી રહી છે, તે-તે રસ્તાઓ વધુ મોટા દુઃખ તરફ લઇ જનારા છે - આ વાત જાણી લો, તો પછી તમને એમાંના કોઇ રસ્તે દોડવાનું કે ચાલવાનું તો છોડો, પગ મુકવાનું પણ મન નહીં થાય.

**સુખ બહાર નથી, સુખ મનના કારણે છે ને આત્મામાં જ પ્રગટે છે, જેમકે દુઃખ.** જિનવચનથી ભાવિત થયેલું-કેળવાયેલું મન સુખજનક છે ને તેથી વિપરીત મન દુઃખજનક છે. તેથી જ બહાર જે-જે આપણને દુઃખના કારણભૂત લાગે છે, તે-તે દરેક જીવ સુખના નિમિત્ત બની શકે, શરત એટલી કે તમારો એમના પ્રત્યેનો દષ્ટિકોણ બદલાઇ જવો જોઇએ. સૂર્યોદયવખતે પશ્ચિમતરફ જોનારાને અંધારાનો આભાસ થાય છે ને પૂર્વતરફ જોનારાને અજવાળાનો ! મોંની દિશા બદલાઇ ગઇ તો અંધારાના સ્થાને અજવાળું... મનની ભૂમિકા બદલાઇ ગઇ તો દુઃખના સ્થાને સુખ....

તેથી જ ભગવાન કહે છે, સુખનો શ્રેષ્ઠ, સરળ, સીધો રસ્તો છે મૈત્રી.

ગુરુ પણ શિષ્યને એકતાલીશમાં જવાબરૂપે કહે છે – **મૈત્રી જ** સુખ લાવે છે – સુખનો હેતુ છે. અલબત્ત, આમ તો મૈત્રી સજ્જનોસાથે પ્રીતિરૂપ હોય તો જ સુખકારક બને છે. દુર્જનોસાથેની મિત્રતા તો છેવટે અનર્થરૂપ જ બને છે. કોલસાનો સંગ કાળો કરે ને લસણનો સ્પર્શ દુર્ગંધી કરે.

કહ્યું જ છે – દુર્જનનો સંસર્ગ છોડો. સાધુસમાગમ સેવો. સર્વોત્તમ ધર્મ આદરો અને હંમેશા સંસારની અનિત્યતાનું સ્મરણ કરો. સજ્જનોસાથેની સંગતિ, પંડિતો સાથેનો સંવાદ અને નિર્લોભી સાથે મૈત્રી કરનારો ક્યારેય ખેદ પામતો નથી.

આમ સજ્જનોસાથે મૈત્રી સુખકર નીવડે છે. જો કે માનસિક ભૂમિકાએ કોઇના પર દ્વેષ-દુર્ભાવ રાખવાના નથી અને બધાનું સારું થાય એમ જ ઇચ્છવાનું છે. તેથી એ રૂપે મૈત્રી બધા સાથે હોવી જોઇએ.

જેને મિત્ર માનીએ, એની પોતાના તરફની દરેક ચેષ્ટા સારી લાગવી જોઇએ. અનુકૂળ ચેષ્ટાઓ તો ધર્મમાં સહાયરૂપ હોવાથી સારી લાગે જ, પણ મનને પ્રતિકૂળ ગણાતી ચેષ્ટાઓ પણ કર્મનિર્જરામાં સહાયક લાગવાથી સારી જ લાગવી જોઇએ.

મૈત્રી સાચી ત્યારે ગણાય, જ્યારે પોતે મરણાન્ત કષ્ટ ઉઠાવીને પણ જેને મિત્ર માને એના સારામાટે પ્રયત્ન કરે. મૈત્રીની શોભા એ જ છે કે સારું કર્યા પછી પણ ઇનામ, કદરની અપેક્ષા ન રાખે.... મૈત્રીનો ભાવાર્થ એ જ છે કે પોતે સારું કર્યા પછી સામેથી પણ સારા વ્યવહારની ઇચ્છા-ગણત્રી રાખવી નહીં ને ઉલ્ટો વ્યવહાર થાય તો પણ રાજી જ રહેવું ને મિત્રતા જાળવી જ રાખવી.

મિત્ર માટે ક્યારેય મનમાં ય ઓછું લાવવું નહીં ને ગમે તેવી ઘટના બને, એના માટે ખરાબ અભિપ્રાય ઉચ્ચારવો નહીં એ મૈત્રીનું સૌંદર્ય છે.

મિત્રને પાપમાં નહીં જોડનારો ને પાપ રસ્તે જતા મિત્રને અટકાવનારો કલ્યાણમિત્ર પોતાના સારા સુકૃતમાં મિત્રને આગ્રહ કરીને પણ જોડનારો હિતકર મિત્ર છે. જગત આ મૈત્રીઓના ગુણ ગાય છે. ઇતિહાસ એથી સુવાસિત થાય છે. આવી મૈત્રીના દર્શન નયનમાટે મહોત્સવ છે ને શ્રવણ કાનમાટેનું શ્રેષ્ઠ સંગીત છે.

મૈત્રીભાવ અંગે **શ્રીમેઘકુમારનું** દષ્ટાન્ત છે.

જ્યાં પ્રભુ **શ્રી મુનિસુવ્રતસ્વામીનાં** માતાને મંગળકારી ચૌદ સ્વપ્ન સૂચિત ચ્યવન કલ્યાણક, જગતને આનંદકારી જન્મ કલ્યાણક, સહુ જીવને અભયદાનદાતા દીક્ષા કલ્યાણક ને જગતના સમસ્ત પદાર્થોનું પ્રકાશક કેવળજ્ઞાન કલ્યાણક થયા, એ **રાજગૃહી** નગર આ જંબુદ્રીપના આ ભારતદેશમાટે મુગટ સમાન છે.

આ નગરમાં શ્રી **શ્રેણિક** મહારાજાનું એક ચક્રી શાસન ચાલતું હતું. આ શ્રેણિક મહારાજના પ્રતાપને ઝીલી લઇ સૂર્ય પણ દુશ્મન રાજાઓને ઉગ્ર તાપથી સંતપ્ત કરતો હતો ને ચંદ્ર પણ આ રાજાની કીર્તિથી ભાવિત થઇને ઠંડા કિરણોદ્વારા દુશ્મનોને પીડતો હતો. આમ શ્રેણિક મહારાજ દુષ્ટ, દુર્જન અને દુશ્મન માટે સૂર્ય સમાન હતા, તો સંત, સજ્જન અને સામાન્ય પ્રજામાટે ચંદ્ર સમાન હતા.

શ્રેણિક મહારાજાને ઘણી રાણીઓમાં એક રાણી **ધારિણી** હતી. એની અખંડ રૂપલક્ષ્મીથી લજ્જિત થયેલી કમળલક્ષ્મી ભમરાઓના ગુંજારવરૂપે ખરેખર તો શોકથી રડી રહી છે, કારણ કે કમળની રૂપલક્ષ્મી તો ક્ષણિક છે. શ્રેણિકની બીજી રાણીઓની જેમ ધારિણી પણ સતી-પતિવ્રતા હતી, કારણ કે પ્રભુ વીરની વાણીથી વાસિત હતી ને **પ્રભુવચનથી વાસિતને વાસના સતાવતી નથી.**

તે સમજતી હતી કે વાસનાનો આવેગ ક્ષણિક છે, પણ જેમ નદીના પૂર ઘણી વસ્તુને તાણી જાય છે, એમ વાસનાનો આવેગ-વાસનાનું પૂર ઘણા પુણ્યને તાણી જાય છે ને આત્માને ખોટા સંસ્કાર-પાપના કાદવથી ખરડી નાખે છે. આમ તેવી તીવ્ર વાસના જ ન રહેવાથી એમના માટે શીલપાલન સહજ હતું. ભાવરૂપ હતું, ભારરૂપ નહીં.

બધી સગવડ-સુવિધા-સુખસામગ્રીની વચ્ચે માનવ સુખી જ - આનંદી જ - પ્રસન્ન જ હોય, એવો કોઇ નિયમ નથી. છેવટે સુખ-દુઃખ-પ્રસન્નતાનો આધાર મન પર છે. અધ્યાત્મક્ષેત્રે જિનવચનના આધારે આત્માની ઓળખ-શ્રદ્ધા સુખ (Happiness) નું કારણ બને છે. આત્માનો પરિચય હર્ષ (Joy) નું કારણ બને છે, આત્માની પ્રતીતિ જાણે બત્રીશ કોઠે દીવાની અનુભૂતિ કરાવે છે

(Estacy) અને જ્યારે આત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે એક પરમ આનંદ (bliss) નો અનુભવ થાય છે – ત્યાં બહાર કશાની અપેક્ષા નથી, કશાની અધુરાશ નથી, કશું ઓછું લાગતું નથી.

પણ દુન્યવી જીવ બધા અને બધું હોય તો પણ કો'ક કે કાં'ક નહીં હોવા પર જાણે કશું જ નથી રહ્યું, એવા દુઃખ-સંતાપ-પીડા-બેચેનીથી ભરાઇ જાય છે.

ધારિણીપાસે રૂપ, લાવણ્ય, આભૂષણ, રાજાનો પ્રેમ, દાસ-દાસી બધું જ હતું, છતાં તે એક વખત આનંદ વિનાની-દુઃખથી ભરેલી-શોકથી છલકાયેલી સોગિયું મોં લઇ પોતાના મહેલમાં ઉદાસ બેઠી હતી. હા, એ વાત પાકી હતી કે એણે કોઇ ધમાલ મચાવી ન હતી. **ખાનદાન વ્યક્તિ પોતાના શોકથી જગતને બાળતી નથી. પોતાના દુઃખે બીજાને દઝાડતી નથી.**

શ્રેણિક રાજાને ધારિણી રાણીના શોકમય-ઉદાસ ચહેરાના સમાચાર મળ્યા. સંસારી જીવનો મોટો સમય, ઘણી શક્તિ પોતાના સ્વજન-પરિવારને ખુશ રાખવામાં-સાચવવામાં-એમના દુઃખને દૂર કરવાના અથવા નાના-મોટા કોઇપણ મુદ્દે ખોટું બગાડી રીસાઇ ગયેલા તેમને મનાવવાના પ્રયાસમાં જ ખર્ચાઇ જાય છે. પછી બિચારા પાસે આત્મચિંતામાટે શક્તિ કે ક્ષણો બચે ક્યાંથી ?

શ્રેણિક મહારાજાએ ધારિણી રાણી પાસે આવી ઉદાસીનતા-સોગિયા મોં માટે કારણ જાણવા માટે પૂછ્યું – હે પ્રાણપ્રિયા ! તમે કેમ આમ વિલખા દેખાવ છો? હું તમારી આવી અવસ્થા જોઇ શકવા સમર્થ નથી. તેથી મને કારણ બતાવો. હું એ જાણી તમારા શોકને દૂર કરવા પ્રયત્ન કરી શકું.

ત્યારે રાણીએ કહ્યું – મેં રાતે સ્વપ્નમાં મહામેઘ જોયો, ત્યારે મને એવી ઇચ્છા જાગી કે ચારે બાજુ મેઘરાજા વરસતા હોય ત્યારે હું હાથીપર બેસી સમગ્ર નગરને દાન આપતી ફરું.

આ સાંભળી રાજા 'રાણી ફોગટની શોક પામી' એ વાતથી હસ્યા, વિશિષ્ટ પુણ્યશાળી પુત્ર ગર્ભમાં આવ્યો છે એમ જાણીને આનંદ પામ્યા ને રાણીનો દોહદ કેવી રીતે પૂર્ણ થશે એ વિચારથી ચિંતિત થયા, કારણ કે એ સમય કંઇ વર્ષાકાળનો ન હતો.... બાકી બધું તો ગોઠવી શકાય, પણ વરસાદ વરસાવે

એવા વાદળા લાવવા ક્યાંથી ?

પણ શ્રેણિકને તો દરેક ચિંતામાં એક જ આધાર હતો - બુદ્ધિનિધાન **અભયકુમાર,** જેમ કે **દરેક ભક્તને દરેક પ્રશ્નમાં આશરો ભગવાનનો હોય છે.** ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી એમ ચારે પ્રકારની બુદ્ધિના સ્વામી અભયકુમારને શ્રેણિકરાજાએ ધારિણી રાણીને આવેલા સ્વપ્નની ને થયેલા દોહદની વાત કરીને કહ્યું - તમારે આ રીતે વાદળા વરસે એ માટે સફળ પ્રયત્ન કરવાનો છે.

રાજા-રાણીઓને ઘણીવાર વેળા-કવેળાએ ઇચ્છાઓ થઇ જતી હોય છે. મંત્રીઓના માથે એ પૂરી કરવાનો ભાર આવે છે. રાજાને એ ચિંતા નથી કરવાની કે અત્યારે આ ઇચ્છા કરવી યોગ્ય ગણાય ? અથવા આવી ઇચ્છા કેવી રીતે પૂરી થાય ? તેઓ તો ઇચ્છા કરીને છુટી જાય છે. ભાર મંત્રીઓના માથે આવે.

જો કે શ્રેણિક રાજાની આજ્ઞા ધારિણી દેવીને વિશિષ્ટ પુણ્યશાળી જીવ ગર્ભમાં આવ્યો એ નિમિત્તે આવેલા સપનાના કારણે હતી. એમ મનાય છે કે ગર્ભવતી સ્ત્રીને ગર્ભના પ્રભાવે થતી ઇચ્છા પૂરી ન થાય ત્યાં સુધી ચેન પડે નહીં. દિવસે દિવસે સુકાતી જાય. તેથી એ ઇચ્છા પૂરી કરવી જરુરી થઇ જાય છે.

અભયકુમાર મહા પુણ્યશાળી હતા. પવિત્ર બુદ્ધિવાળા હતા. પિતાની દરેક ઇચ્છાને માન આપનારા હતા. એમની વેળા-કવેળાની બધી ઇચ્છાઓ-આજ્ઞાઓ પૂરી કરવા હાર્દિક પ્રયત્ન કરતા હતા. આમ પરમ વિનીત હતા. અવસરોચિત કાર્યોથી એમણે માત્ર માનવો નહીં, દેવોને પણ રાજી કર્યા હતા. આ જ રીતે એક દેવને પૂર્વે આરાધી પ્રસન્ન કર્યો હતો.

અભયકુમારે વિચાર્યું - અત્યારના વરસતા વાદળ દેવના પ્રભાવ વિના શક્ય નથી. તેથી પેલા દેવની આ અવસરે સહાય લેવી જરુરી છે. અભયકુમાર ચરિત્રમાં જોવા મળે છે કે અભયકુમારે પોતાની બુદ્ધિનો પ્રાયઃ ક્યારેય કોઇને નુકસાનના ખાડામાં ઉતારવા ઉપયોગ કર્યો નથી. એ જ રીતે પ્રાયઃ ક્યારેય પોતાનો સ્વાર્થ સાધવા કોઇ દેવની સહાય લીધી નથી. પ્રાયઃ દરેક સ્થળે પરમાર્થ-

પરગજુતા માટે જ એ ઉપયોગો કર્યા છે. તેથી જ બેસતા વર્ષના પવિત્ર દિવસે 'અભયકુમારની બુદ્ધિ હોજો' એમ કરી એમનું નામ યાદ કરાય છે.

અભયકુમારે એ મિત્રદેવને યાદ કર્યો. એ વિશિષ્ટ પુણ્યશાળી હોવાથી જ દેવે પણ અવધિજ્ઞાનથી ત્યારે જ ઉપયોગ મુકી 'અભયકુમાર મને યાદ કરે છે' એમ જાણી લીધું.

આપણે વારં વાર યાદ કરવા છતાં દેવ સહાયમાં આવતા નથી એનું એક કારણ છે – એમને આપણે યાદ કરીએ છીએ એ વાતની ખબર જ નથી હોતી, કારણ કે એમનો અવધિજ્ઞાનનો ઉપયોગ આપણા તરફ નથી હોતો. એમનો ઉપયોગ આપણા તરફ ન હોવામાં મુખ્ય કારણ શું ? કહો, આપણું એવું વિશિષ્ટ પુણ્ય નથી.

આમ દેવ પ્રસન્ન થાય ને સહાયમાં આવે એમાં પણ પુણ્ય મહત્ત્વનો ભાગ ભજવે છે. દેવના આકર્ષણનું બીજું કારણ છે, વિશિષ્ટ સત્ત્વ સાથેની આરાધના-સાધના..... આપણી પાસે એવું સત્ત્વ પણ નથી, એવી સાધના પણ નથી.

શ્રીઅભયકુમાર પરગજુ હતા, પવિત્ર હતા ને સાથે પુણ્યશાળી હતા. તેથી દેવને તરત ખ્યાલ આવી ગયો. અભયકુમાર મને યાદ કરે છે.

આપણે ઘણાને યાદ કરીએ ને એને ખબર પણ હોય કે આ મને યાદ કરે છે, તો પણ ઘણીવાર એને આવવાનું મન નથી થતું, કારણ કે એ જાણે છે કે આ સ્વાર્થી છે, ગરજે ગધેડાને બાપ કહ્યા પછી ગરજ સરે એટલે બાપને પણ ગધેડો કહી દે એમાંનો છે. ને એના કામમાં પણ કોઇ કસ નથી. સાવ ફાલતુ બાબતમાં દોડાવે રાખે છે. ઇત્યાદિ મુદ્દાના કારણે આપણે યાદ કરીએ તો પણ આપણી ગણાતી વ્યક્તિ પણ દોડતી આવતી નથી, તો દેવ ક્યાંથી આવે ?

પરોપકાર એ પરમાર્થી જીવોનું જીવનધ્યેય હોય છે. તેઓ સમજે છે, અનંત કાળમાં પ્રાયઃ બધા સાથે સ્વાર્થની રમત રમી છે. આના પ્રાયશ્ચિત્તરૂપે પણ પરોપકાર જરુરી છે. **બીજાનું બગાડવાના ભવો અનંતા... તો આ એક ભવ બીજાનું સુધારી દઉં !**

ને કમાલ એ કે જે બીજાનું બગાડવા જાય છે, એનાથી બીજાનું કેટલું બગડે છે એ કંઇ નક્કી નથી હોતું, પણ પોતાનો અનંતકાળ બગડી જાય છે એ નક્કી છે. ને એ જ રીતે, બીજાનું સુધારવા જવાથી બીજાનું ખરેખર કેટલું સુધરે છે એ નિશ્ચિત નથી, પણ પોતાનું અવશ્ય સુધરી જાય છે.

અભયકુમાર પ્રતિભા સંપન્ન હતા. બુદ્ધિના બેતાજ બાદશાહ હતા. પણ તેથી ય વધુ પરગજુ હતા. પરોપકારરસિક હતા. માટે જ શ્રેણિક મહારાજાને એનો મોટો સહારો હતો. એ એવા ગુણનિધાન હોવાથી જ એ યાદ કરે તો દેવ પણ હાજર થઇ જતા હતા.

અભયકુમાર પરગજુ હતા. મહત્ત્વના કારણ વિના કોઇને તકલીફ આપવામાં માનતા ન હતા. સ્વભાવના સરળ-ઋજુ હતા. તેથી દેવ પણ તરત દોડતા એમની પાસે હાજર થઇ પૂછે છે – મને યાદ કરી તમે મને ધન્ય બનાવ્યો. હવે પ્રયોજન બતાવી ધન્યતર કરો. તમારું પ્રયોજન પૂર્ણ કરીને હું ધન્યતમ બનીશ.

અભયકુમારે કહ્યું – મારી માતા ધારિણી રાણીની કુક્ષિમાં એક ઉત્તમ જીવ ગર્ભ તરીકે અવતર્યો છે. એના પ્રભાવે એવું સપનું આવ્યું છે કે વરસતા વરસાદમાં હાથીપર બેસી સમગ્ર નગરને દાન આપું. મારા પિતા શ્રેણિક રાજાની ઇચ્છા છે કે એમનું આ સ્વપ્ન સફળ થાય. એ માટે તમને યાદ કર્યા છે. તમે મેઘ વિકુર્વી વરસાદ વરસાવો.

દેવે અભયકુમારની વાત સ્વીકારી વાદળ વિકુર્વ્યાં. રાજગૃહીમાં અચાનક મેઘાડંબર રચાયો. ગડગડાટ ને વિજળીના ચમકારા થવા માંડ્યા. મેઘરાજા ચારે બાજુ મન મુકીને વરસવા માંડ્યા. આ વાદળા-વરસાદની રમઝટમાં ધારિણી દેવી હાથીની અંબાડીએ બેસી નગરમાં ફરવા નીકળી. માથે છત્ર ધરવામાં આવ્યું. રાણીએ ઇચ્છા મુજબ દાન આપ્યું. સ્વપ્ન-દોહદ પરિપૂર્ણ થયા. રાણી પરિતૃપ્ત થઇ.

ઉચિત સમયે રાણીએ પનોતા પુત્રને જન્મ આપ્યો. પુણ્યશાળી જનમવાનો હોય તો ગ્રહદશાઓ પણ એવી સરસ ગોઠવાઇ જાય છે. જગતમાં પણ આનંદનો અવસર ઉત્સવરૂપે આવી જાય છે.

શ્રેણિક મહારાજ પણ સારા સ્વપ્નથી સૂચિત પુત્રના જન્મથી આનંદિત થયા. પુત્રજન્મની વધાઈ દેનારી દાસીને સારી પહેરામણી આપી દાસપણાથી મુક્ત કરી. પછી ઉચિત સમયે પોતાના પરિવાર-સ્વજન-મિત્ર-નોકર ચાકર વર્ગ વગેરે ને આમંત્રણ આપી બોલાવ્યા. સુંદર ભોજન સમારંભ ગોઠવ્યો. ભેટ-પહેરામણી આપી. આમ બધાના મન રાજી કર્યા.

**મોટા માણસની મોટાઇ એ છે કે પોતાના દરેક પ્રસંગે બધાને બોલાવી રાજી કરે...** અંગત ઉજાણી કરી લેવા જેવો સ્વાર્થી ન બને.

પછી બધા સમક્ષ એ નૂતન બાળકનું નામ સપનાના આધારે મેઘકુમાર રખાયું. રાજપુત્ર હોવાથી પાંચ ધાવમાતાઓએ બાળકની અંગત કાળજી રાખવા માંડી. એમ કરતાં આઠ વર્ષનો થયો ત્યારે પાઠશાળામાં મુકાયો. પુણ્ય અનુકૂળ હોવાથી ટુંકા ગાળામાં સર્વ કળા સંપન્ન થયો. યુવાવયે મેઘકુમારના આઠ રાજકન્યાઓ સાથે લગ્ન થયા. તીવ્ર આસક્તિ વિના ભોગ ભોગવી ભોગી થયા.

આ બાજુ પોતાના વિહાર ક્રમથી પૃથ્વીને પાવન કરતા કરતા પ્રભુ **વીર** રાજગૃહીની બહાર **વૈભારગિરિપર ગુણશીલ** ચૈત્યમાં પધાર્યા. સાથે શ્રી **ગૌતમસ્વામી** ગણધર વગેરે પરિવાર પણ હતો.

પ્રભુ વીરની પધરામણીના સમાચારથી રોમાંચિત થયેલા શ્રી શ્રેણિક મહારાજા પ્રભુને વંદન કરવા સામૈયાસાથે આવ્યા. એમાં મેઘકુમાર પણ જોડાયા. ભગવાને જગતના ભાવોની અનિત્યતા વર્ણવી કે સ્વજન, ધન, ભવન, યૌવન, પત્ની, પુત્ર, તન વગેરે બધું જ અનિત્ય છે, ને મરણધર્મી જીવમાટે અશરણભૂત છે. માત્ર ધર્મ જ આપત્તિમાં શરણભૂત છે. માટે હે ભવ્યો ! તમે ધર્મનું શરણ સ્વીકારો.

તેજીને ટકોરો બસ છે. વિવેકીને એક વાક્ય પૂરતું છે. પૂર્વભવથી ધર્મ-સાધક બનેલા ભવ્યાત્માને મોહનિદ્રામાંથી જાગવા માટે એક દેશના-ઉપદેશ પર્યાપ્ત છે. એ મહાપુરુષોના હૃદયરૂપી કોડિયામાં વિનયનું ઘી ને વિવેકની દીવેટ તૈયાર જ છે. પ્રેરણાજ્યોત મળે કે તરત વૈરાગ્યદીપ પ્રજ્વળી ઉઠે છે.

જો કે અન્યત્ર એવી પણ વાત આવે છે કે મેઘકુમાર પહેલા શ્રાવક થયા.

પ્રભુના શિષ્યોના વારંવાર સત્સંગમાં રહેતા હતા... પછી દીક્ષા લીધી.

મેઘકુમાર પ્રભુના વૈરાગ્યભીના પ્રવચનથી પ્રભાવિત થયા. વૈરાગ્યથી ભાવિત થયા. અંતઃકરણથી જાગૃત થયા. મોહરાજા સામે પરાક્રમ કરવા ઉલ્લસિત થયા. મળેલા માનવભવને અનંત ભવિષ્યકાળ સુધારવાદ્વારા સાર્થક કરવા ઉદ્યત થયા. પ્રભુ વીર જેવા યોગીશ્વરનો મળેલો યોગ અમોઘ કરવા ઉત્કંઠ થયા. વિનયરૂપી સુવર્ણપાત્રમાં વિવેકની સુગંધ ને વૈરાગ્યનો સ્વાદ ઉમેરવા તત્પર થયા.

દઢ વૈરાગ્યથી ભાવિત મેઘકુમારે શ્રેણિક મહારાજ અને ધારિણી રાણી-માતા-પિતાને પોતાની ભાવના બતાવી. રાજા રાણીએ દીક્ષા જીવનની કઠીણતા વર્ણવી. સંસારભોગથી યુવાનીની સાર્થકતા જણાવી, રાજા બનવાની આકર્ષક-ઓફર કરી. પણ મેઘકુમારનો વૈરાગ્ય દઢ હતો, રેતીનો મહેલ નહોતો કે આવી વાતોરૂપી હવાના એક ઝોકે ઢળી પડે.

આઠે રાણીઓએ પણ મનાવવાની કોશીશ કરી. આંસુ પાડ્યા. પણ મેઘકુમાર દઢ વૈરાગી રહ્યા. પત્નીઓને પણ ક્ષણિક વૈષયિક સુખના પારિણામિક ઘોર દુઃખો વર્ણવી વૈરાગ્યાભિમુખ બનાવી. પછી તેઓએ પણ પ્રસન્નતાપૂર્વક સંમતિ આપી.

અલ્પવિષય અને અલ્પકષાય જીવો શીઘ્ર વિષય-કષાયથી છુટી જાય છે. આ ભવમાં સતત વૈરાગ્યભાવનાનું ભાવન કરતા રહેવાથી પરભવમાં વિષય-કષાયના આકર્ષણો ખૂબ ઘટી જાય છે. પછી એ લલચાવી કે ફસાવી શકે નહીં.

શ્રી મેઘકુમારે પ્રભુપાસે દીક્ષા ગ્રહણ કરી. ભગવાને પણ ગ્રહણ-આસેવન શિક્ષા માટે સ્થવિર સાધુઓને સોંપ્યા. સાધુ જીવન ઉપયોગી વિવિધ સૂત્રોનું અધ્યયન ગ્રહણ શિક્ષારૂપ છે, ને સાધુ જીવનમાં નિર્દોષ આચારપાલન સહજ થાય એ માટે આસેવન શિક્ષા અપાય છે.

કેવળજ્ઞાની ન હોય એવા ગીતાર્થ ગુરુ ભગવંતો સ્થવિર ગણાય છે. વીતરાગ ભગવાન શિષ્યને અવસરોચિત કડકાઇ બતાવી પ્રમાદ કરતા અટકાવી શકે નહીં. તેથી શિષ્યના હિતમાટે જ શિષ્યને ગીતાર્થ છદ્મસ્થ ગુરુભગવંતોને સોંપે છે. તેઓ વીતરાગ ન હોવાથી અવસરોચિત કડકાઇ બતાવી શકે છે.

દીક્ષાના પ્રથમ દિવસની રાત પડી. સાધુઓના સંથારાની વ્યવસ્થા ગોઠવવા સ્થવિરોએ ભૂમિના વિભાગ કર્યા. એમાં નૂતન દીક્ષિત હોવાથી મેઘકુમારનો નંબર સૌથી છેલ્લે આવ્યો. એથી એમનો સંથારો ઉપાશ્રયના બારણાપાસે આવ્યો.

સ્થવિરો જાણે કે વૈરાગ્યસભર સંયમજીવનનો પ્રથમ પાઠ ભણાવવા ચાહતા હશે કે **એ જ સાચો સાધુ કે જે દરેક પરિસ્થિતિમાં સમભાવમાં રહે-** સ્વસ્થ રહે. રાજકુમાર પણ સાધુ થયા પછી બીજા સાધુઓને સમાન જ છે, ત્યાં પૂર્વ રાજકુમાર આદિ પર્યાય મહત્ત્વનો નથી, સંયમપર્યાય જ મહત્ત્વનો છે.

વિશિષ્ટ ઘરમાં જન્મ પૂર્વભવના પુણ્યથી મળે છે, વિશિષ્ટ બુદ્ધિ-પ્રતિભા પ્રાયઃ જન્મ સાથે જ પ્રાપ્ત થાય છે, પણ વિશિષ્ટ ચારિત્રનું નિર્માણ તો વર્ત્તમાન પવિત્ર પુરુષાર્થથી જ થાય છે. તેથી જ ચારિત્રપર્યાય મહત્ત્વનો ગણાય છે. સ્થાન-બુદ્ધિ-પ્રતિભા નહીં.

મેઘકુમારનો વૈરાગ્ય પ્રબળ જરુર હતો, પણ પાકો ન હોતો. તેથી રાત દરમ્યાન પ્રસ્રવણ (એકી) માટે જતા-આવતા સાધુઓના પગ એના શરીરને અડે, પુંજતા-પુંજતા જાય એટલે રજોહરણ અડે. પગ અને રજોહરણને વળગેલી ધુળ એના શરીર-સંથારા પર પડે. આખી રાત ચાલેલી આ પરિસ્થિતિના કારણે મેઘકુમારને ક્ષણભર પણ ઉંઘ આવી નહીં. પડખા ફેરવે તો ધુળ અડે ને ખુંચે.

એમનું દીક્ષા જીવન નવું હતું. ઉંઘ ન આવે તો સ્વાધ્યાય-પરાવર્તનમાં મનને કેવી રીતે પરોવવું તે બાબતથી અજાણ હતા. સાધુઓના પવિત્ર આચરણથી પવિત્ર થયેલી ચરણરજ શરીરને સ્પર્શે તો કેવી રીતે કર્મધુળ ખરી પડે ઇત્યાદિ વિચારણા કરી સમત્વમાં રહી શકે એ રીતે મન કેળવાયેલું ન હતું.

'સંયમજીવન એટલે મોક્ષમાટે પોતે આપેલી શરીરને પીડા' એટલી ખબર હતી, પણ બીજા તરફથી પ્રતિકૂળતા આવે તો એ સહન કરવાથી મોક્ષ વધુ ઝડપથી નજીક આવે એ બાબત ખ્યાલમાં ન હતી. સાધનાનો ખ્યાલ હતો. સહન અંગે અજ્ઞાત હતા. પરિષહ સહન કરવા એ સાધુ-જીવનનો સ્વાદ છે. એ વાત હજી નજરમાં આવી ન હતી.

પોતે મોટા રાજાના લાડીલા રાજકુમાર હતા ને વૈરાગી થઇને દીક્ષા લીધી. એ બાબતમાં સાધુ સમુદાયમાં પણ અહોભાવ હતો એ જોયેલું. પણ એ જ સાધુ સમુદાય આ રીતે અવર-જવર કરે ને પોતાને તકલીફ પડે એ વાતની ખબર ન હતી. તેથી જ એ રીતે પણ વિચાર્યું કે પહેલા 'રાજકુમાર શ્રાવક-મુમુક્ષુ' એ વાતને અહોભાવથી આગળ કરી આ જ બધા સાધુઓ માન-સન્માનથી બોલાવતા હતા. હવે આવો વ્યવહાર કરે છે, જાણે કે શો રૂમનો માલ જુદો ને ગોડાઉનનો જુદો ! શોરૂમમાં જે સજાવીને ગોઠવાય છે, એ જ ગોડાઉનમાં જ્યાં ત્યાં ફેંકી દેવાય છે !! રાજમહેલના સુખ-સગવડથી શરીર ટેવાયેલું હતું. આવી અગવડ આવશે ને તે પણ પ્રથમ રાતે જ એની કલ્પના હતી નહીં.

આમ વારંવારની ખલેલ-સ્પર્શનાથી રાતે ઉંઘ નહીં આવવા પર એમનું મન વિચારે ચડ્યું ને નહીં કેળવાયેલું મન જ્યારે વિચારની ચગડોળમાં ચકર-ચકર ફરે, ત્યારે પ્રાયઃ નકારાત્મક, નિરાશાત્મક વલણ તરફ જ વહે છે. મેઘકુમાર મુનિ પણ વિચારે છે -

દીક્ષા પહેલા આ સાધુઓ મારા પ્રત્યે આદરવાળા હતા, પણ હવે મને પગથી પત્થરની જેમ ઠોકર લગાવે છે ! એટલે કે એમનો મારા પ્રત્યે આદરભાવ દેખાવનો હતો-બનાવટી હતો-મને પોતાના સમુદાયમાં ભેળવવા હતો. મેં દીક્ષા લીધી એટલે તેઓએ હવે પોત પ્રકાશ્યું. તેઓને મારી કોઇ કિંમત નથી. 'નવો છું' એ પણ એમને યાદ નથી.

તો જેઓને મારા પર પ્રેમ જ નથી, તેઓ તરફથી આજની જેમ કાયમ તકલીફ આવ્યા જ કરશે. મારે શું આખી જિંદગી આ રીતે સહન કરવું પડશે ? શી રીતે આખી જીંદગી આ સહેવાશે ? આના કરતાં તો ઘરે હતા તે જ સારા હતા. પણ પ્રભુ પાસે ઓઘો લીધો છે. તેથી પ્રભુને પૂછીને ફરી ઘરે જતો રહીશ. ઘરે રહીને પણ ક્યાં પ્રભુભક્તિ-ગુરુભક્તિ નથી થતી ?

આ ઉંધા વિચારોમાં રમતા-રમતા માંડ-માંડ રાત પસાર કરી. સવારે એ પ્રભુને વંદન કરવા ગયા. ત્યારે પ્રભુએ મધુર ભાષામાં કહ્યું - વત્સ ! તેં રાત્રે આવતા-જતા સાધુઓના પગસ્પર્શવગેરેથી ત્રાસ અનુભવ્યો. તેઓ આમ કેમ

કરે છે તે વિચાર્યું. પણ આ બરાબર વિચાર્યું નથી. જો સાંભળ ! તારા પૂર્વના બે ભવની વાત....

તું આ ભવથી પૂર્વના ત્રીજા ભવે **વૈતાઢ્ય** પર્વતની તળેટીની ભૂમિપર હાથી હતો. તારો વર્ણ સફેદ હતો. તને છ દાંત હતા. તારા યૂથ-જૂથમાં એક હજાર હાથિણીઓ હતી. તું **સુમેરુપ્રભ** તરીકે ઓળખાતો હતો. એકવાર ઉનાળામાં ભયંકર દાવાનળ પ્રગટ થવાથી ભયભીત થયેલો તું હાથિણીઓની રક્ષાની તારી ફરજને ભૂલી જીવ બચાવવા દોડવા માંડ્યો. ઘણું દોડવાથી તૃષાતુર થયેલા તેં એક કાદવવાળા સરોવરમાં પ્રવેશ કર્યો. જાણે કે જવાબદારીથી છટકી જવાના દંડરૂપે તું એ સરોવરના કાદવ-કીચડમાં ફસાઇ ગયો. પાણી તો મળ્યું જ નહીં. એ વખતે મોકો જોઇને તારા દુશ્મન હાથીએ તારાપર પ્રહારો કર્યા. એ વખતે થયેલી મહાવ્યથાને સાત દિવસ સુધી સહન કરી એકસો વીશ વર્ષની ઉંમરે અવસાન પામ્યો.

બીજા ભવે-આ ભવના આગલા ભવે તેં **વિંધ્ય** પર્વતની આજુબાજુના જંગલમાં હાથી તરીકે જન્મ લીધો. અહીં તું **મેરુપ્રભ** તરીકે ઓળખ પામ્યો. તારો રંગ લાલ હતો ને દાંત ચાર હતા. તારા જુથમાં સાતસો હાથિણીઓ હતી. તું હાથિણીઓ સાથે ભોગ મગ્ન હતો. તેં એકવાર જંગલમાં પ્રગટેલો દાવાનલ જોયો. એ જોતાં જ તને જાતિસ્મરણજ્ઞાન થયું. પૂર્વનો હાથીનો ભવ યાદ આવ્યો.

તેથી તેં વિચાર્યું – ગયા ભવમાં મોત સુધીની આપત્તિનું મૂળ આવો જ દાવાનળ હતો. હવે આ ભવમાં આ રીતે દાવાનળથી બચવું હોય, તો અત્યારથી જ એવું માંડલું-મેદાન બનાવું કે જેમાં વનસ્પતિનો અંશ નહીં રહેવાથી દાવાનળ પ્રવેશે જ નહીં, જેમકે **ઇચ્છા-અપેક્ષા ઉગે જ નહીં, તો ક્રોધ દાવાનળ પ્રગટે જ નહીં.**

આમ વિચારી તેં એક યોજનના વિસ્તારવાળું એક ગોળાકાર માંડલું બનાવ્યું. (અન્યત્ર ત્રણ માંડલાની વાત આવે છે.) એમાં રહેલી તમામ વનસ્પતિ દૂર કરી. વર્ષાઋતુમાં વરસાદથી જે વનસ્પતિ ઉગતી, એ બધી પણ દૂર કરવા વર્ષાકાળ પૂર્વે, મધ્યે અને વર્ષાકાળના અંતે તું જે કાંઇ ઘાસ-અંકુરા ઉગે એને દૂર

કરી નાખતો હતો.

જેમ ઘણા મનુષ્યોને રહેવા જગ્યા ઘણી ઓછી જોઇતી હોવા છતાં ઘણા મોટા મહેલ બનાવે છે, એમ તેં પણ તારી જરુરત કરતાં ઘણું મોટું માંડલું બનાવ્યું હતું.

અને જેમ મુનિઓ આત્મપ્રદેશમાં ક્યાંય કષાયરૂપી આગ-દાવાનળ માટે કારણ બને એવા વિષયાભિલાષ, અહંકાર, અપેક્ષાના અંકુરા પ્રગટ્યા તો નથી ને ? એની કાળજી માટે સવાર-બપોર-સાંજ ત્રણે ટાઇમ આત્મનિરીક્ષણ કરે છે, ને એવા ઉગેલા અંકુરાઓને દૂર કરે છે. તેમ તેં પણ માંડલામાટે આવી કાળજી લીધી.

**જેમ બે વ્યક્તિઓની પરસ્પરમાટેની અપેક્ષાઓ ટકરાવાથી ક્રોધની આગ ફાટી નીકળે છે,** એમ ફરી એકવાર બે ડાળીઓ ટકરાવાથી જંગલમાં આગ-દાવાનલ ફેલાવા માંડ્યો.

એ વખતે એ દાવાનલથી કાયર થયેલો તું જેમ **ક્રોધના દાવાનળથી ડરેલો સાધુ આત્મભાવના-સ્વાધ્યાયના માંડલામાં પ્રવેશી જાય છે,** એમ તારા માંડલામાં પ્રવેશ્યો. પણ એ પહેલા જ એ જંગલના બીજા પણ પશુ-પંખીઓએ દાવાનલથી બચવા એ માંડલામાં પ્રવેશ કરી લીધો હતો.

અન્યત્ર એવી વાત છે કે બે માંડલા તો ખીચોખીચ ભરાઇ જવાથી ત્યાં તો એ હાથી પ્રવેશી શક્યો જ નહીં. ત્રીજામાં માંડ-માંડ જગ્યા મળી. જેમ ઉદારચરિત માણસ પોતાનાં વિશાળ ઘરનો કે વિપુલ સંપત્તિનો કટોકટીના અવસરે બીજાઓ આશરો લે છે-લાભ લે છે, ત્યારે નારાજ થવાના બદલે રાજી થાય છે - સમભાવમાં રહે છે. એમ તું પણ તારા બનાવેલા માંડલામાં બીજા પશુઓના પ્રવેશથી નારાજ થવાના બદલે સ્વસ્થભાવે એ માંડલામાં પ્રવેશ્યો.

જ્યાં જગ્યા મળી, ત્યાં ઊભો રહી ગયો. ભીડ એટલી બધી હતી, કે જેમ ચારે બાજુ વિષયાકર્ષણની ભીડથી બચવા સાધુઓ સંલીનાંગોપાંગ રહે છે, એમ તું પણ અંગોને સંકોચીને ઊભો રહી ગયો.

અચાનક ખંજવાળ આવવાથી એક પગ ઊંચો કરી એનાથી ખંજવાળી

તું પગ પાછો મુકવા ગયો. ત્યારે જીવદયાના ભાવવાળા સાધુઓ કોઇ પણ ચીજ મુકતા પહેલા ત્યાં 'કોઇ જીવ નથી ને ?' એમ જોઇ લે છે, તેમ તેં પણ નીચે જોયું. ભીડથી ત્રાસેલું સસલું તેં પગ ઉપાડ્યો એથી મોકલાશ થવાથી ત્યાં ગોઠવાઇ ગયુ હતું.

તે વખતે જેમ જીવમૈત્રીભાવથી ભાવિત સાધુઓ જાતને કષ્ટમાં મુકીને પણ જીવરક્ષા કરે છે, તેમ તેં પણ કરુણાવશથી વિચાર્યું – આ બિચારો દાવાનલથી બચવા અહીં આવ્યો છે, હવે મારા પગથી કચડાઇ મરે તે બરાબર ન કહેવાય. મારે આના વધમાં નિમિત્ત થવું નથી. તેથી જેમ ક્ષત્રિયો શરણે આવેલાની રક્ષા કરે છે, એમ તેં પણ જાણે કે શરણે આવેલું માની એ સસલાની રક્ષા કરવા પગ ઊંચો જ રાખ્યો.

દાવાનળનો કોપ અઢી દિવસ રહ્યો. જેમ ક્રોધાગ્નિ પૂર્વ કરોડ વર્ષના સંયમવગેરેને ખતમ કરીને જ શાંત થાય છે. એમ આ દાવાનળ પણ જંગલના ઘણા ઝાડ-વનસ્પતિ વગેરેને ખતમ કરી શાંત થયો. ત્યારે તેં તૈયાર કરેલા માંડલામાં તને પૂછ્યા વગર પ્રવેશેલા પશુઓ તને પૂછ્યા વગર કે આભાર પણ માન્યા વિના એ માંડલામાંથી નીકળી રવાના થયા, કારણ કે આવા બધા વ્યવહાર ને આવી બધી અપેક્ષાઓ મનુષ્યજગતમાં છે, પશુ જગતમાં નથી. તેં પણ પશુ હોવાથી એવી કોઇ અપેક્ષા રાખી ન હોતી. તેથી તને પણ એમાટે કશું ખોટું લાગ્યું નહીં.

પછી તું પણ પગ નીચે મુકી જવા ગયો, ત્યાં જ અઢી દિવસ એમ નેમ રહેવાથી પગ અકડાઇ ગયા હોવાથી તું ભૂમિપર પડી ગયો, જાણે કે કરવતથી કપાયેલું વૃક્ષ ! ત્રણ દિવસ એ જ અવસ્થામાં ભૂખ-તરસ સહન કરતો તું પડ્યો રહ્યો.

એ વખતે મનુષ્ય જેટલી બુદ્ધિ વિકસી નહીં હોવાથી જ તને એવા ખોટા-સંક્લેશકર વિચાર આવ્યા નહીં કે 'મારા કારણે આગથી બચેલા આ પશુઓમાંથી કોઇ મારી આ આપત્તિમાં મારી મદદે પણ આવતું નથી ? મેં આં બધાને નકામા મારા માંડલામાં પ્રવેશવા દીધા ને રહ્યા તો ચલાવી લીધું !!' આવા સુકૃત બાળી

નાખનારા ખોટા વિચારોમાં અટવાઇ જવાના બદલે તેં જીવમૈત્રીભાવ ધારી રાખી સમતાથી આ પીડા ભોગવી લીધી. છેવટે બસો વર્ષનું (અન્યત્ર સો વર્ષ આવે છે.) આયુષ્ય ભોગવી આ પીડામાં જ સમતાથી મરી તું શ્રેણિક મહારાજાને ત્યાં મેઘકુમાર તરીકે ઉત્પન્ન થયો.

હે મેઘકુમાર ! તેં પૂર્વના હાથીના ભવમાં તિર્યંચ હોવા છતાં બધા જીવો પ્રત્યે એવો મૈત્રીભાવ રાખ્યો કે જેથી તારા મરણના દુઃખની પણ તેં પરવા કરી નહીં. તારા એ શુભભાવની કદર કરીને જ માની લે કે કર્મે તને આવો વિશિષ્ટ મનુષ્યભવ આપ્યો.

અને હવે તું ચારિત્રધર્મ સ્વીકારીને પણ અને (૧) સાધુજીવનમાં કષ્ટ તો આવે જ, (૨) સાધુઓનો સ્પર્શ-એમના ચરણની ધુળનો સ્પર્શ કર્મરજને દૂર કરે છે. (૩) સાધુઓ ક્ષમાસાગર છે, માત્ર તારા પ્રત્યે નહીં, સમગ્ર જીવસૃષ્ટિપ્રત્યે મૈત્રીભાવ ને ક્ષમાભાવથી ભરેલા છે... ઇત્યાદિ જાણતો હોવા છતાં એમના ચરણથી સ્પર્શાયો એટલામાત્રથી હૃદયમાં આટલો બધો ખેદ અને ઉદ્વેગ કેમ વહન કરે છે ?

વત્સ ! આ કષ્ટ આકરું પણ નથી ને કાયમી પણ નથી, ને સાધુઓને તારા પ્રત્યે કોઇ દ્વેષ કે દુર્ભાવ પણ નથી. પણ નરકના કષ્ટ આકરા છે, જાણે કે શાશ્વત ન હોય, એટલા દીર્ઘકાલીન પણ છે ને પરમાધામીઓ એ કષ્ટ આપે છે તે દુર્ભાવથી આપે છે. તો એ તેં કેવી રીતે સહન કર્યા ? અને સાધુપણુ છોડી સંસારમાં જઇ પાપ કરશે, તો ભવિષ્યમાં શી રીતે સહન કરી શકશે ?

**વત્સ ! ખરી કમાણી સમતાથી છે, ને ખરી સમતા બીજાના અનપેક્ષિત વ્યવહાર વખતે ને બીજાઓ તરફથી થતાં અપેક્ષાભંગના અવસરે રાખવાની હોય છે.**

કુદરત-સંયોગ-પરિસ્થિતિ-શરીર-દેવ-પશુ વગેરે તરફથી આવતી પ્રતિકૂળતામાં સ્વસ્થ-સમભાવમાં રહેવું હજી સરળ છે. પણ જેમના તરફથી મોટી અપેક્ષા રહે છે, એવા સાધુ-શ્રાવક-સંઘ તરફથી થતાં અપેક્ષાભંગ વખતે કે એમના અનપેક્ષિત વ્યવહાર વખતે સ્વસ્થ-સમભાવમાં રહેવું ઘણું અઘરું છે. ને

તેથી જ એ વખતે સમતામાં રહેવાથી સંવર-નિર્જરાની મોટી કમાણી છે.

તેથી વત્સ ! તું સાવધ થા ! સાધક થા !

પ્રભુની આવી અમૃત ઝરતી વાત્સલ્યભરી વાણીથી ભિંજાયેલા ને એ સાંભળી પૂર્વભવોને જાતિસ્મરણજ્ઞાનથી જાણી ગયેલા મેઘમુનિએ સંવેગસભર હૈયે પ્રભુ પાસે પોતે કરેલા દુષ્ટ વિચારોમાટે ક્ષમા માંગી ભાવવાહી સ્વરે કહ્યું - હે મારા ધર્મસારથિ નાથ ! આજ પછી કોઇ પણ સાધુના સંઘટ્ટનાદિ કોઇ પણ વ્યવહારમાટે એમના પર કદાપિ ક્રોધ કરીશ નહીં - ખોટા વિચાર સુદ્ધા કરીશં નહીં. તેઓને મારા પરમ મિત્ર જ માનીશ. કારણ કે **મૈત્રીભાવ જ પરમ સુખનું સાધન છે.**

પ્રભુ પાસે આ પ્રમાણે અભિગ્રહ લઇ મેઘમુનિએ દીર્ઘકાળ ચારિત્ર પાળ્યું. જેમ કોઇપણ સામયિક (=મેગેઝીન)નું પ્રકાશન 'આ અંક છેલ્લો જ છે' એવી વિચારણાથી થાય તો એ સંકલન શ્રેષ્ઠ થાય છે, ને જો એવી ભૂમિકા હોય કે પાના વધારવા કરતાં ય વધુ ભાર એ સુધારવા પર હોય, તો એ મેગેઝીનનો દેખાવ આકર્ષક, ગોઠવણ વ્યવસ્થિત ને લખાણ હૃદયસ્પર્શી થાય છે.

એમ મેઘકુમાર મુનિએ પણ જતી દરેક ક્ષણ જાણે કે જિંદગીની અંતિમ ક્ષણ છે, એમ સમજી એને આરાધનાથી ભરપૂર કરવા માંડી. એમનો મનોભાવ હતો, આયુષ્યના દિવસો વધારવાને બદલે સુધારવા, તેથી જ તેમનો અન્ય મુનિઓ સાથેનો વ્યવહાર સુકોમળ હતો, આચાર સુંદર હતાં ને પરિણતિ-વિચારધારા પવિત્રભાવોથી સુવાસિત હતી.

અંતે એક મહીનાનું અનશન કરી તેઓ **વિજય** નામના **અનુત્તર** દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી વિદેહમાં ઉત્પન્ન થઇ સાધના કરી મોક્ષે જશે.

આ પ્રમાણે મેઘકુમારનું ચરિત્ર સાંભળી અસામાન્ય-અનન્ય સુખમાં કારણભૂત સમસ્ત જીવમૈત્રીને તમે ધારણ કરો, કારણ કે એ વિના બીજા કરાયેલા સુકૃતોથી પણ શું વળશે ?

આમ ઓગણચાલીશમાં પ્રશ્નપર એકતાલીશમો ઉત્તર પૂર્ણ થયો.

# કષ્ટ વિનાશક છે, ત્યાગ
## (વસુમતી-ચંદનબાળા)

ગુરુએ મૈત્રીને મજાનો માર્ગ બતાવ્યો. એમાટે મેઘકુમારની કથા કહી. હવે જિજ્ઞાસુ શિષ્ય ચાલીશમો પ્રશ્ન પૂછે છે - બધા જ **વ્યસન**=કષ્ટોનો વિનાશ કરવામાં કોણ દક્ષ=કુશળ-સમર્થ છે ?

સંસાર એટલે જ શારીરિક-માનસિક, ભૌતિક-આધ્યાત્મિક, કૌટુંબિક-સામાજિક, આર્થિક-પારિવારિક, ઇહલૌકિક-પારલૌકિક દુઃખ, કષ્ટ, આપત્તિ, પીડા, વ્યથા, સંતાપ, બેચેની, તકલીફ, મુશ્કેલી, આધિ-વ્યાધિ-ઉપાધિઓની શરુઆત ને અંત વિનાની પરંપરા.

અહીં તો હોવામાં ય દુઃખ છે, નહીં હોવામાં પણ. સંયોગ દુઃખનું કારણ બને ને વિયોગ દુઃખનો અનુભવ. જન્મ મોતનો ભય ઊભો કરે ને મોત પોતાના ભયથી જ મનોબળને ભાંગી નાખે.

મળે તો ક્યાં રાખવું ? કેવી રીતે વાપરવું ? વગેરેની વ્યથા ને ન મળે તો અભાવનો ડંખ ! પોતાની પીછેહઠ અહંકારને ઘા કરે ને બીજાની આગેકુચ ઈર્ષ્યાની આગમાં હડસેલે ! **અહંકાર ઘટતો નથી, એ સચવાઈ જાય એટલું પુણ્ય પહોંચતું નથી.**

પોતાના કામમાં બીજાની પરવા કરવી નથી ને સતત 'બીજા મારી પરવા કરતા નથી' એ ફરિયાદ છુટતી નથી. કોઈની પણ અપેક્ષાની દરકાર નહીં કરનારાને સતત એ વાત ખુંચે છે કે મારી અપેક્ષાની ઘોર ઉપેક્ષા થાય છે.

અહીં દરેક જણ બીજાપાસેથી ઇષ્ટની ઇચ્છા રાખે છે ને પોતે અનિષ્ટ વ્યવહાર કરે છે. આ ભવમાં એ બીજાને દુઃખી કરે છે ને પછી ઘણા ભવોમાં પોતે દુઃખી થાય છે. ટોણો મારવામાં કુશળ પોતે બીજાનો એક પણ ટોણો સહન કરી

શકતો નથી. આનંદથી પાપ કરીને પછી દરેક દુઃખની અસહ્યતાની બુમો પાડે છે.

આમ સંસાર પાપથી ને દુઃખથી ભરેલો છે. પાપ બીજ છે, દુઃખ ફળ. આવા સંસારમાં તમામ કષ્ટ-દુઃખ-પીડાથી કાયમી છુટકારો આપે એવો કોઇ ઇલાજ ખરો? તમામ વ્યથાની કથા સમાપ્ત કરી દે એવો કોઇ ઉપાય ખરો ? પાપના બીજ જ નાશ પામી જાય એટલે તમામ તકલીફોનો અંત. એ માટે કોઇ સમર્થ સાધન ખરું ?

દુનિયામાં તો દુઃખ-કષ્ટ દૂર કરનારા જે-જે સાધન છે, એ બધા કામચલાઉ રાહત આપનારા હોઇ શકે. કાયમી ઇલાજ કરનારા નથી. વળી, ઘણી વખત તો એ સાધન જ એવા ઉપાય બને કે જે ભયંકર અપાયરૂપ બની જાય, જેમ કે સુખી થવા ધન કમાવવાનો ઉપાય, સમયને મનોરંજનથી ભરવામાટે ટી.વી. વગેરેના ઉપાય, મનને ટેન્શન ફ્રી કરવામાટે શરાબઆદિ નશાના ઉપાય. બીજાને ઠેકાણે લાવવા ક્રોધવગેરે ઉપાય.

તો હે ગુરુદેવ ! આપ એવો ઉપાય બતાવો કે જે તમામ તકલીફનો કાયમમાટે અંત લાવી દે.

અહીં ગુરુ પણ પ્રશ્નને અનુરૂપ બેંતાલીશમો ઉત્તર આપતા કહે છે - વત્સ ! તમામ તકલીફના કાયમી અંત માટે શ્રેષ્ઠ, નિર્દોષ, નિરવદ્ય ઉપાય છે - **સર્વથા ત્યાગ.**

આપત્તિ-મુસીબતોરૂપ ગૂમડાને મટાડવાના બે ઉપાય જગત પ્રસિદ્ધ છે. ધન અને ધર્મ. વૈદો-ડોક્ટરો ગૂમડા મટાડવામાટે બહારથી લગાડવાનો મલમ અને અંદર ઉતારવાની ગોળી... એમ બે ઉપાય બતાવે છે. એમાં મલમ તાત્કાલિક રાહત માટે હોય છે, ને ગોળી એ દરદ મટાડવામાટે હોય છે.

એમ દુન્યવી તકલીફો દૂર કરવા અંગે ધન મલમનું કામ કરે છે ને ધર્મ ગોળીનું. ધનથી તકલીફોમાં તાત્કાલિક-કામચલાઉ રાહત થાય છે ને ધર્મ એ તમામ તકલીફોને મૂળથી મટાડી દે છે, પાપ કર્મોની નિર્જરા કરાવવાદ્વારા ને પુણ્ય કર્મના ઉપાર્જન કરાવવાદ્વારા.

અલબત્ત, લોકો ધર્મને મલમ તરીકે વાપરે છે. એટલે કે બહારથી જ આદરે છે – મનમાં કશી અસર વગર પતાવવારૂપે કરી લે છે... ને ધનને અંદર ઉતારે છે – તેથી અહંકારના કારણે પણ એ રોગ વકરે છે.

ધર્મમાં શ્રેષ્ઠ ધર્મ છે સર્વવિરતિ, ને ધનનો શ્રેષ્ઠ ઉપયોગ છે એનો સુપાત્રમાં વિનિયોગ. **સર્વસંગનો આજીવન સર્વથા ત્યાગ એ જ બધી તકલીફના અંતનો શ્રેષ્ઠ અને છેવટનો ઉપાય છે.** એ ન થાય, તો પોતાની અતિ જરુરી વસ્તુનું ઉત્કૃષ્ટ પાત્રમાં સર્વથા દાન–ત્યાગ પણ બધી મુસીબતના અંતનો ઉપાય છે. સુપાત્ર વગેરેમાં કરેલું દાન બધા અનર્થના વિલયનું કારણ બને છે.

કહ્યું જ છે કે દાન કીર્તિરૂપી નદીના ઉદ્ભવ પર્વત સમાન છે. દાન શ્રેયઃનું નિધાન છે. દાન સમસ્ત જગતનું પોષક છે. દાન જ લક્ષ્મીનું કારણ છે. દાન જ દુર્જનના મદનું ખંડન કરે છે. દાન ગુણોનો ઉત્કર્ષ કરે છે. પૃથ્વીપર બીજી બધી વાતોથી સર્યું. દાન જ પોતાના બધા ઇષ્ટ પ્રયોજનોને સિદ્ધ કરવા સમર્થ છે. અહીં **વસુમતી-ચંદનબાળાનું** દષ્ટાન્ત છે.

આ જ જંબુદ્વીપના આ જ ભરતક્ષેત્રના આ જ ભારત દેશમાં **'વત્સ'** નામનું રાજ્ય હતું. એની રાજધાની **કૌશાંબી** નગરી હતી. શિવ, સૂર્ય અને શશાંક પણ જાણે પોતાનાં પ્રસન્નતા, પ્રતાપ અને પ્રહ્લાદનસ્વરૂપ આ નગરના લોકો પાસેથી મેળવતા હતા.

આ નગરનો રાજા **શતાનિક** હતો. **ચેડા** રાજાની પુત્રી **મૃગાવતી** મુખ્ય રાણી હતી. મંત્રી હતો **સુગુપ્ત** કે જેને **નંદા** નામની પરમ શ્રાવિકા પત્ની હતી. આ જ નગરમાં **ધનાવહ** નામના શ્રીમંત પણ શ્રદ્ધાળુ શેઠ રહેતા હતા. એમને **'મૂળા'** નામની પત્ની હતી. એમાં 'મૂળા' ને છોડી બાકીના બધા દયાર્દ્રચિત્ત–વાળા હતા. પરોપકાર નામના વ્રતના પાલનમાં સાવધાન હતા ને તેથી જ પોતાના જન્મને કૃતાર્થ કરી રહ્યા હતા.

છદ્મ=કપટ વિનાના પણ છદ્મસ્થ અવસ્થામાં રહેલા પ્રભુ **વીર** પણ વિહાર કરતા કરતાં કૌશામ્બી નગરે પધાર્યા. નગરના સમીપે રહેલા ઉદ્યાનમાં આવ્યા. ત્યારે આ જ ભવમાં નિશ્ચિત કેવળજ્ઞાન હોવા છતાં જાણે કે કર્મવનને

બાળવા ઉતાવળા થયેલા પ્રભુ વીરે આત્મસ્થ થઇ એવો ઘોર અભિગ્રહ ગ્રહણ કર્યો કે 'રાજકુમારી દાસીપણાને પામી હોય, ગાઢ બેડીઓથી ઝકડાયેલી હોય, એક પગ ઉંબરાની બહાર રાખ્યો હોય, આંસુભીની આંખ હોય, માથે મુંડન થયું હોય, ત્રણ દિવસથી આહાર પાણી કર્યા ન હોય, ભિક્ષુકોનો ભિક્ષામાટેનો સમય પૂરો થઇ ગયો હોય, ત્યારે એ કન્યા જો સુંપડાના ખુણામાં રહેલા અડદના બાકળા (=બાફેલા અડદ) વહોરાવે, તો જ મારે પારણુ કરવું, નહિંતર નહીં.'

ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે આ અભિગ્રહનો દિવસ પોષ વદ એકમ (ગુજરાતી માગસર વદ એકમ) બતાવ્યો છે. ક્ષુધા વેદનીયના તીવ્ર ઉદય વિના પ્રભુ ભિક્ષા માટે નીકળે નહીં. છતાં આવો અભિગ્રહ ! આપણી સ્થૂળ ભાષામાં વાત કરીએ, તો પ્રભુએ ભૂખ પછી ભોજનમાટે-ગોચરીમાટે પાંચ મહીના ને પચ્ચીસ દિવસની રાહ જોઇ.

આ અભિગ્રહપૂર્વક પ્રભુ પ્રતિદિન ભિક્ષામાટે ઘરે ઘરે જતાં. બીજી બધી રીતે અચિત્ત ને નિર્દોષ ભોજન ઉપલબ્ધ થતું હોવા છતાં પ્રભુ ત્યાં ત્યાંથી કશું લીધા વિના નીકળી જતા. જો કે પ્રભુના ચહેરાપરની સ્વસ્થતા, પ્રસન્નતામાં કશો ફરક પડતો ન હતો. પણ રોજે રોજ પ્રભુ આ રીતે ભિક્ષામાટે નીકળવા છતાં કશું લીધા વિના ચાલ્યા જવા માંડ્યા એ આખા નગરનો ચર્ચાનો વિષય બની ગયો.

આમ અભિગ્રહ અપૂર્ણ હોવાથી પ્રભુ રોજે રોજ ગોચરીચર્યા માટે વિષાદ વિના ફરતા ફરતા એકવાર સુગુપ્ત મંત્રીના ઘરે પ્રવેશ્યા. પ્રભુને ગોચરીમાટે પધારતા જોઇ નંદાના તો કોઠે કોઠે દીવા પ્રગટ્યા... આનંદથી હૈયું છલકાઇ ઉઠ્યું. એનું હૃદય એ વિચારોથી રોમાંચિત થઇ ગયું કે -

આજે મારો જન્મ સફળ થયો, આજે જ મારું જીવેલું પણ સાર્થક થયું, કારણ કે આજે સાક્ષાત્ કલ્પવૃક્ષ સમા પ્રભુ સ્વયં મારા ઘરે પધાર્યા. તેથી પ્રભુને સંયમોપયોગી જે પણ કલ્પ્ય ભોજનાદિની સામગ્રી છે, તે બધું પ્રભુ સામે ધરું, કારણ કે આવા અતિથિ તો અનંત ભવના પુણ્યે જ પ્રાપ્ત થાય છે. જે મહાપુરુષે બધી તીથી - પર્વ-ઉત્સવોનો ત્યાગ કર્યો છે, અર્થાત્ જે આત્મસાધનામાટે કોઇ તિથિ-પર્વ કે ઉત્સવની રાહ જોતા નથી, પણ પ્રત્યેક ક્ષણને વિશિષ્ટ

આરાધનાથી પવિત્ર તિથિ, શ્રેષ્ઠ પર્વ અને ઉત્તમ ઉત્સવરૂપ બનાવી દે છે; તે મહાપુરુષ જ ખરેખર અતિથિ છે, ઘરે આવનારા બીજાઓ તો અભ્યાગત-મહેમાન કહેવાય. પણ એમને અતિથિનો દરજ્જો મળતો નથી.

આમ વિચારી ભાવવિભોર થયેલી નંદાએ પોતાના સ્થાનેથી ઉઠી પ્રભુને સર્વવાંછિત દેનારું વંદન કર્યું. પછી અંજલિ જોડી ગદ્ગદ્ સ્વરે વિનંતી કરી – હે જગત્ના ઈશ્વર ! મારા પ્રાણના આધાર પ્રભુ ! આપ આ આપનામાટે નહીં કરેલા – નહિં કરાવેલા હોવાથી કોઇપણ દોષ વિનાના આહારનો સ્વીકાર કરી મને ભવસાગરથી તારો ! તારો !

નંદાની ભાવના, ભક્તિ અને વિનંતી એવી અદ્ભુત હતી કે કોઇ પણ યોગીને એને લાભ આપ્યા વિના પાછા જવાનું ઉચિત લાગે નહીં. પણ પ્રભુ તો દૃઢપ્રતિજ્ઞ હતા. જાણતા હતા કે નંદા તો પોતાની ભાવનાથી જ તરી જશે, સમ્યગ્દર્શન નિર્મળ બનાવી દેશે. પણ મારે મારી પ્રતિજ્ઞામાંથી ચલાયમાન થવાનું નથી.

પ્રભુ જાણતા હતા કે પોતાની દરેક પ્રવૃત્તિ-ચેષ્ટા ભવિષ્યમાં અસંખ્ય શ્રદ્ધાળુ ભવ્યજીવોમાટે આદર્શ અને આલંબન થશે. **આલંબનભૂત બનનારાની એક ક્ષણની ચેષ્ટા પણ નબળી-પ્રતિજ્ઞાભંજક ન હોવી જોઇએ.**

તેથી પ્રભુ અહીં પણ પોતાનો અભિગ્રહ પૂર્ણ નહીં થવાથી જેમ ખોટા શુકન થવાથી યાત્રામાટે નીકળેલો માણસ પાછો ફરે છે, તેમ પ્રભુ પણ પાછા ફર્યા... પણ પ્રભુની અદ્ભુત નિર્લેપતા, અદ્ભુત આત્મસંયમ, અદ્ભુત ક્ષુધા-પરિષહવિજેતા તરીકેની ભૂમિકા જ એવી હતી કે જેથી ગોચરી નહીં મળવા છતાં પ્રભુના ચહેરાપર રમતી પ્રસન્નતામાં રતીભાર જેટલો પણ ફરક પડ્યો નહીં.

ફરક પડ્યો નંદાની મનોભૂમિકામાં. આંગણે કલ્પવૃક્ષની જેમ પધારેલા પ્રભુ કશું લીધા વિના નીકળી ગયા એનો આઘાત નંદાને એટલો બધો લાગ્યો કે એ ક્ષણવાર માટે મૂર્ચ્છિત થઇ ગઇ. પછી ભાનમાં આવેલી તે વારંવાર પોતાના દુર્ભાગ્યને કોશતી બબડવા માંડી-મંદભાગ્યથી ભરેલી એવી મને આવા સુકૃતના સાથિયા રચવાનો લાભ ક્યાંથી મળે ? કે જેથી જગતના નાથ પ્રભુ મારા ઘરે

પારણું કરે ? રાંકડી મેં રત્નચિંતામણિની ઠગારી આશા રાખી, માટે જ હવે અફસોસનો અવસર આવ્યો છે.

નંદા પ્રભુ પધારતી વખતે જેટલા આનંદમાં હતી, એટલી જ હવે શોકમાં ડુબી ગઇ. ત્યારે નંદાની આ હાલત જોઇ એની દાસીએ વાસ્તવિકતાનો ચિતાર દોરી કહ્યું – હે સ્વામિની ! આપ નકામો ખેદ કરો છો. આ કોઇ મહા તપસ્વી આખા નગરમાં રોજ આ રીતે ફરે છે... નગરમાં આવે છે, ફરે છે, પણ કશું લીધા વિના નીકળી જાય છે. આવું તો ઘણા દિવસથી ચાલે છે. તમારે ત્યાં જે થયું તે કંઇ નવું નથી.

આ સાંભળી માનવસહજ સ્વભાવથી 'આ રીતે લાભથી પોતે એકલી વંચિત નથી રહી' એવું જાણી કાં'ક શાંત થયેલી નંદાએ પ્રભુએ ગૃહાંગણે જ્યાં પગલા મુક્યા હતા, એ સ્થાનને વારંવાર વંદી-નમન કરી પછી વિચાર્યું – ચોક્કસ પ્રભુએ કો'ક એવો વિશિષ્ટ મોટો અભિગ્રહ કર્યો હોવો જોઇએ જે હજી સુધી કોઇ પૂરી શક્યું નથી.

આમ નંદા સખેદ ઉદાસ વદને વિચારી રહી હતી, ત્યાં જ સુગુપ્ત મંત્રી ઘરમાં પ્રવેશ્યા. નંદાના મુખપર ઉદાસીનતા જોઇ 'કશુંક અજુગતું થયું છે' એમ વિચારી સંભ્રાન્ત થયેલા મંત્રીએ પત્નીને પૂછ્યું – હે દેવી ! શું મેં કે બીજા કોઇએ તમારા વચન વિરુદ્ધ-તમારી ઇચ્છા વિરુદ્ધ વ્યવહાર કર્યો છે કે જેથી તમારું મુખકમળ શોકથી કરમાયેલું દેખાય છે ?

જ્યાં પરસ્પરના ચિત્તને ઠેસ ન પહોંચે એની કાળજી લેવાય ને જ્યાં એકનો ચહેરો પણ કોઇ કારણવશ ઉતરેલો હોય તો એની ચિંતા બધાને થાય, એ પરિવાર કિલ્લોલ કરે છે, ને એ ઘર સ્વર્ગ બને છે.

નંદાએ કહ્યું – હે પ્રાણેશ ! આપનો મને અંશમાત્ર પણ અપરાધ નજરે ચઢતો નથી. એમ બીજા પણ કોઇએ અપરાધ કર્યો નથી. પરંતુ મારા ખેદનું કારણ એ છે કે પ્રભુ વીર ઘણા દિવસોથી ભિક્ષા માટે આપણા નગરમાં ફરે છે, આજે આપણા ઘરે પણ પધાર્યા હતા, પણ એમણે કોઇ વિશિષ્ટ અભિગ્રહ ધારણ કર્યો હોવાથી પારણું કરતા નથી – ક્યાંય વહોરતા નથી. શું આ મોટા

ખેદનું કારણ નથી ?

મંત્રી :- અવશ્ય આથી શ્રદ્ધાળુ ભવ્યને ખેદ થાય જ. પણ અહીં આપણે શું કરી શકીએ ?

નંદા :- એમ કહીને છટકી જાવ નહીં. એ **ત્રિશલાનંદનના** કર્મનાશક અભિગ્રહને આપ ગમે તે ઉપાયે જાણી લો. એ જ બુધ પુરુષ કહેવાય કે જે નહીં કહેવાયેલું પણ જાણી લે છે. કહ્યું જ છે – કહેવાયેલો અર્થ તો પશુ પણ સમજી જાય છે. માત્ર પ્રેરણા કરાયેલા ઘોડાઓ અને હાથીઓ દોડવા માંડે છે. પંડિત પુરુષ નહીં કહેવાયેલું પણ તર્કથી જાણી લે છે, કારણ કે બુદ્ધિનું ફળ છે કે બીજાના ઇંગિતને-ઇશારાને પણ જાણી લેવા.

સુગુપ્તે કહ્યું – હે દેવી ! મેં તમારી વાત સાંભળી. પણ તમે હવે શોક-ખેદ મુકી દો અને આનંદિત થાવ, હું અવશ્ય તેવો પ્રયત્ન કરીશ કે જેથી પ્રભુ વીરનો અભિગ્રહ જાણી શકાય.

નંદા પતિના જવાબથી સંતોષ પામી. એ જ વખતે મૃગાવતી રાણીની દાસી ત્યાં કોક કામથી આવી હશે. એણે આ આખો વાર્તાલાપ સાંભળ્યો. એ તરત મૃગાવતી પાસે ગઇ ને મંત્રી-મંત્રીપત્નીનો વાર્તાલાપ સંભળાવી કહ્યું - બંનેને પ્રભુ વીરના પારણાની ને તેમાટે અભિગ્રહ જાણવાની ખૂબ તાલાવેલી છે.

'ભગવાન રોજ ફરે છે, છતાં પારણું નથી થયું' આ સાંભળી મૃગાવતીનો ચહેરો પણ ઉદાસ થઇ ગયો. આ બધા જ હજી છદ્મસ્થ અવસ્થામાં જ રહેલા પ્રભુ વીરના અનન્ય ભક્તો હતા. તેથી જ પ્રભુ વીરના પારણા માટે ચિંતિત હતા.

રાજા શતાનિકે રાણી મૃગાવતીનો ઉતરેલો ચહેરો જોઇ પૂછ્યું – હે દેવી! દિવસે કુમુદિનીની જેમ અને રાતે કમલિનીની જેમ તમારો ચહેરો કરમાયેલો કેમ દેખાય છે ?

ત્યારે મૃગાવતીએ કહ્યું – સ્વામિન્ ! મારો ચહેરો કરમાઇ જવા માટેનું કારણ મને લાગેલો શોક છે.

રાજાએ આઘાતસાથે પૂછ્યું – તમને કઇ બાબતનો શોક લાગ્યો છે ?

રાણી – પ્રભુ વીર આપણા નગરમાં રોજ ભિક્ષામાટે ભમે છે. છતાં

હજી સુધી એમનું પારણું થયું નથી. આ વાતનો મને મોટો શોક છે. તમે ગમે તે ઉપાયે **સિદ્ધાર્થપુત્ર** પ્રભુ વીરનો અભિગ્રહ જાણી લઇ પારણા અંગેનો ઉપાય શોધો. નહિંતર બૃહસ્પતિ કરતાં વધુ બુદ્ધિમાન ગણાતા મંત્રીથી અને સમૃદ્ધિથી કુબેરનગરને ઝાંખા પાડતા આ રાજ્યલક્ષ્મીથી સર્યું. પ્રભુ વીર પ્રતિદિન આપણા નગરને પોતાના પવિત્ર ચરણોથી પવિત્ર કરે છે એ જેટલા આનંદની વાત છે, એથી પણ વધુ અફસોસની વાત એ રહેશે કે આ નગર આટલું સમૃદ્ધ હોવા છતાં ને અહીં પ્રભુ વીરના અનુયાયી તરીકે તમારા જેવા સમર્થો હોવા છતાં આ નગરમાં પ્રભુ વીરનો અભિગ્રહ પૂરો કરનારું કોઇ મળ્યું નહીં ને પ્રભુ જેવા જગતપૂજ્યોને અહીં ભિક્ષા પણ મળી નહીં !!

શતાનિકે કહ્યું – હે દેવી ! ભયંકર પ્રમાદ નામની નિદ્રાથી બિડાયેલી આંખવાળા મને આ રીતે જગાડીને તમે ખૂબ સારું કામ કર્યું. હવે હું પણ શાંતિથી નહીં બેસીશ. સવારે જ પ્રભુ વીરનો અભિગ્રહ જાણી લઇ આપણા માટે પરમ મહોદયનું કારણ બને એવું પારણું કરાવીશ.

શતાનિકે આપેલા વચનથી રાજી થયેલી મૃગાવતીનો ચહેરો ફરીથી પૂનમની ચાંદની જેમ ખીલી ઉઠ્યો. જો કે આ મુદ્દાથી માત્ર નંદા કે મૃગાવતી નહીં, સમગ્ર નગરના ભવિક જીવો ચિંતાતુર હતા... ચૌરે ને ચૌટે પ્રભુના અભિગ્રહ અંગે ચર્ચા ચાલી રહી હતી. એ કેવી રીતે જાણી શકાય ? એ માટે ભલભલા બુદ્ધિમાનો બુદ્ધિને કસોટીના એરણે ચઢાવી રહ્યા હતા.

યોગી ભોગી અને રોગી આ ત્રણેની ગત ન્યારી છે. **રોગીને ભાવતું નથી, ભોગીને ભૂખ નથી ને યોગીને ખાવાના ભાવ નથી હોતા...** ભગવાન પ્રભુ વીર તો ક્ષુધા વેદનીયનો ઉદય થવાથી ગોચરીમાટે નીકળતા હોવા છતાં ક્ષુધા પરિષહ જીતવા એવા અભિગ્રહ ધારણ કરતા કે જેથી એમના ઉપવાસ લંબાઇ જતાં ને ભોજન-ગોચરી વાપરવાનું લંબાઇ જતું....

એમાં પણ આ વખતે તો એવો ભીષ્મ અભિગ્રહ ધારણ કર્યો છે કે જેથી ગોચરીમાટે રોજ ફરવા છતાં પારણું થતું નથી. પોતે અવધિજ્ઞાનથી જાણી શકે કે મારું પારણું કયા દિવસે થશે... છતાં પોતાની અપ્રમત્ત સાધનામાં મગ્ન તેઓ

એમાટે અવધિજ્ઞાનનો ઉપયોગ મુકતા નથી, કારણ કે તેઓ એટલાં બધા પરમાર્થમય હતા કે સ્વાર્થમાટે શક્તિ-લબ્ધિ-જ્ઞાનનો ઉપયોગ કરવાનું પણ એમને સૂઝતું ન હોતું.

એમણે પોતાના અભિગ્રહને પોતાના અંતરમનમાં એવો ઢબુરી દીધો હતો કે બીજા અવધિજ્ઞાનીઓ પણ પ્રાયઃ એમના અભિગ્રહને જાણી શકે નહીં. ભગવાન માનો કે પોતાના ભવિષ્યના અનુયાયીઓ સામે ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપે રજુ થવા માંગતા હતા, જેથી અનુયાયીઓ પણ ઢીલા ન પડે, કર્મનિર્જરાના કાર્યમાં જરા પણ ઉપેક્ષા રાખે નહીં.

પ્રભુના આવા આચરણ જ જગતમાટે દીવાસમાન હતા, કારણ કે એથી જ જાણી શકાય છે કે એ જ ભવમાં નિશ્ચિત કેવળજ્ઞાન ને મોક્ષ પામનારા પ્રભુ નિયતિ કે ભવિતવ્યતાના પનારે પડી સાધનામાં ઢીલા પડવાની વાતને ને પુરુષાર્થને ગૌણ કરવાની બાબતને જરા પણ ચલાવી લેવા માંગતા નથી.

તેઓ જાણે કે કહેવા માંગતા હતા કે અનંતકાળથી જીવ અવળા પુરુષાર્થ કરવાના અવસરે નિયતિવગેરેને આગળ કરી કદી પાછો પડચો નથી. તો આત્મહિત કરવાના મળેલા આ અવસરે એવા મુદ્દાઓને આગળ કરી પુરુષાર્થ કરવામાં પાછો પડે તો તે મૂરખ જ ઠરશે.

કઠોર પરિશ્રમ, ઉગ્ર અભિગ્રહો, તીવ્ર તપ, ઉત્કૃષ્ટ સંયમ, અપ્રમત્તભાવે સ્વાધ્યાય-કાઉસગ્ગ-ધ્યાન અને પરમ સમતા-પ્રસન્નતા ભાવે જે આવે તે સહી લેવાની તૈયારી વિના કદી જીવનું આત્મહિત થવાનું નથી. આ વાતના જીવતા-જાગતા ઉદાહરણ બનેલા પ્રભુ વીરના પારણા અંગે ચિંતિત શતાનિકે બીજે દિવસે સવારે સેવામાટે આવેલા સુગુપ્ત મંત્રીને પ્રભુના પારણા અંગે શું ઉપાય કરી શકાય? એ પૂછ્યું.

ત્યારે સુગુપ્તે કહ્યું - આમ તો ઘણી તીક્ષ્ણ ગણાતી પણ મારી બુદ્ધિ આ કાર્યમાં તો સાવ બુઠ્ઠી થઇ જાય છે. વજ્રની દિવાલને નાનું બાણ શી રીતે ભેદી શકે ? હું પણ ઘણું ઘણું વિચારીને થાકી ગયો. પણ મને પ્રભુના અભિગ્રહ અંગે કોઇ સ્ફુરણા થતી નથી, કારણ કે જૈનશાસનમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને

ભાવને આશ્રયી વિવિધ પ્રકારે અનેકાનેક અભિગ્રહો બતાવ્યા છે.

પ્રભુ વીરે લીધેલો અભિગ્રહ તો કેવળી વિના કોણ બતાવી શકે ? કોણ જાણી શકે ? છતાં એક કામ કરીએ... આપણે નાગરિકોને બોલાવી એમને કહીએ - તમે રોજે રોજ પ્રભુના પારણામાટે વિવિધ પ્રકારની ભોજનસામગ્રી તૈયાર રાખો. કોણ જાણે પ્રભુને કઇ વસ્તુનો અભિગ્રહ હોય ?

રાજાએ પણ નાગરિકોને બોલાવી એ પ્રમાણે આદેશ આપ્યો. તેઓએ પણ મનગમતો આદેશ હોવાથી એ સહર્ષ સ્વીકાર્યો, ને પોતપોતાના સ્થાને ગયા. હવે પ્રભુ જ્યારે જ્યારે ગોચરી માટે પધારે છે, ત્યારે લોકો પ્રભુ આગળ વિવિધ ઉત્તમ-મનભાવન ભોજનો ધરે છે. એ ભોજન પ્રાસુક-નિર્દોષ થાય એ માટે પણ ચીવટ રાખે છે.

એક બાજુ દિવસો-મહીનાઓથી ઉપવાસ, બીજી બાજુ વિવિધ વાનગીઓ, ત્રીજી બાજુ ક્ષુધા વેદનીયનો ઉદય ને ચોથી બાજુ લોકોનો હાર્દિક આગ્રહ... છતાં પ્રભુ તદ્દન નિર્લેપ છે. સ્વસ્થ છે.... પોતાના અભિગ્રહમાં મસ્ત છે. પ્રભુના ક્ષુધાપરિષહ જયને કયા શબ્દોમાં બિરદાવીશું ? પ્રભુ કશું લીધા વિના નીકળી જાય ને લોકોના હૃદયમાં ખેદ ઉભરાઇ જાય.

આમને આમ પ્રભુના ઉપવાસોના ચાર મહીના વ્યતીત થયા.

આ બાજુ એક ગુપ્તચરે શતાનિકને ગુપ્ત માહિતી આપી - હે દેવ ! આપનો શત્રુ **દધિવાહન** અત્યારે ઘણી ઓછી સેનાથી યુક્ત છે. તેથી હમણાં તેને જીતવો ઘણો સહેલો પડશે.

શતાનિકે પણ આ સાંભળી યુદ્ધમાટેના પ્રયાણમાટેની ઘોષણા કરાવી. નૌકામાં પૂરી સેનાને ચઢાવી યમુના નદીના માર્ગે એક જ રાતમાં ચંપાનગરીને ઘેરો ઘાલ્યો.

આમ અચાનક શતાનિકનું આક્રમણ થવાથી ચારે બાજુ હાહાકાર મચી ગયો - બહાર એની સેના હલ્લો કરવા કોલાહળ કરી રહી હતી. અંદર નગરજનોએ અને અંતઃપુરની રાણીઓએ દીનતાથી પોકારો કરવા માંડ્યા. આ અચાનક હુમલાથી મોતનો-કેદનો ભય ઊભો થવાથી દધિવાહન રાજા ભાગી ગયો. શતાનિકે

સૈનિકોમાં ઘોષણા કરાવી – દોડો ! ભાગતા દધિવાહનને પકડીને લાંવો. જેથી મને અનન્ય આનંદ થાય.

જો કે દધિવાહન તો તેઓના હાથમાં આવ્યા નહીં. પણ એ નહીં પકડાવાથી રોષે ભરાયેલા શતાનિકની આજ્ઞાથી સૈનિકોએ નગરમાં લુંટ-ફાટ મચાવવા માંડી. શતાનિકે તો ઘણી સંપત્તિ એકઠી કરી લીધી. જાણે કે પોતે કદી મરવાના નથી, આ સંપત્તિ કદી ચાલી જવાની નથી ને બીજાના હાયકારા સાથે લુંટેલી આ સંપત્તિ સુખ આપશે એવી ભ્રમણા જ એમને આવી લુંટારું જેવી ચેષ્ટામાં નિમિત્ત બની.

અને રાજા જ જો પારકી મિલકત લુંટવામાં રસવાળો હોય, તો સૈનિકો થોડા બાકી રહેવાના ?

સૈનિકોએ પણ જે આવે તે કબજે કરવા માંડ્યું. જાણે કે લુંટવું એ જ ધર્મ બની ગયો. વધુ લુંટનારો આદર્શ હીરો બની ગયો. એમાં એક ભાગ્ય ફરેલા દુષ્ટ સૈનિકે દધિવાહનની પત્ની ધારિણીને દીકરી વસુમતીસાથે જોઇ. એ બંનેને પોતાના કબજામાં લીધી. પછી શતાનિકસાથે એ પણ કૌશાંબી તરફ પાછા ફરતાં જંગલ જેવા સ્થાને એકાંત જોઇ ધારિણી આગળ પોતાનો મનોભાવ વ્યક્ત કરવા માંડ્યો.

હે કૃશોદરિ ! હે લાવણ્યમૂર્તિ ! આ રૂપવતી કન્યાને વેંચી દેવાથી મને ઘણું ધન મળશે. એ ધનથી તારી સાથે હું ઇચ્છિત ભોગ ભોગવીશ !! તું મારી પત્ની બનજે. આમ આપણું ગૃહસ્થજીવન સફળ થશે.

પરમ શીલધારિણી ધારિણી તો આ વચનરૂપી વજ્રના પાતથી હતપ્રભ થઇ ગઇ. છતાં પેલા દુષ્ટને દુષ્ટ માનવાના બદલે પોતાના ભાગ્યને જ ઠપકો આપતા મનોમન એ બોલી ઉઠી – હે દુષ્ટ ભાગ્ય ! મેં તારો એવો તે કેવો અપરાધ કર્યો કે જેથી તું મને આવા પ્રકારના દુઃખોથી ખેદ પમાડવા ઉદ્યત થયો છે ? એક તો પ્રેમના સાગર એવા ચંપાધિરાજ કે જે મને પ્રાણપ્રિય છે, તેમનો આવો દુઃસહ્ય વિરહ ઊભો કર્યો. બીજા નંબરે તેં અમને રાજ્યથી ભ્રષ્ટ કર્યા. વળી અમારા પ્રત્યે સદ્ભાવવાળા પરિવારનો નાશ કર્યો. અને હવે આ ઉલ્લંઠ પુરુષના

શીલરૂપી કવચને ભેદનારા વચનો કાનમાં જઇ ધગધગતા સીસાના રસ રેડાયાની પીડા આપે છે. તો શું ભાગ્ય ? તને મારી આવી અવસ્થા કરવાથી સંતોષ નથી થયો કે જેથી હવે મારા શીલના નાશમાટે ઉદ્યત થયો છે?

પણ હે ભાગ્યદેવતા ! હે વિધાતા ! મારી બાહ્ય વિષમ પરિસ્થિતિ ઊભી કરવામાં તું ગમે તેટલો સમર્થ હશે. શીલ પાલનમાટેની મારી મક્કમતાને તું ડગાવી નહીં શકે.... અથવા...

ભાગ્યનો કે વિધાતાનો પણ શો વાંક ? પોતે જ ભૂતકાળમાં કરેલા દુષ્ટ કર્મો ઉદયમાં આવે ત્યારે બીજાનો વાંક કાઢવો એ તો દુર્ધ્યાન છે. જીવમૈત્રીભાવનો નાશ છે. મને એ નહીં શોભે ! પણ હવે આ ભવમાં શીલભંગ કરીને ફરી તેવા દુષ્ટ કર્મો બાંધવા નથી કે જેથી ભવિષ્યમાં ફરી આવી પરિસ્થિતિનો સામનો કરવાનો અવસર આવે. તેથી હવે તો શીલરક્ષામાટે મારે મરણના શરણે જવું જ યોગ્ય છે. **વિષય-કષાયમાટે કે આશા-અરમાન ભંગ થાય એ માટે મરવું એ કાયરતા છે, નાલેશી છે, મહા પાપનું કારણ છે. પણ વ્રતરક્ષામાટે, શીલ માટે મરણ પણ શ્રેષ્ઠ છે, વીરતા છે.**

આમ વિચારી ધારિણી પાપથી બચવા જીભ કચડીને પ્રાણથી મુક્ત થઇ. દેહ જમીનપર પડ્યો ને આત્માએ ઉર્ધ્વગતિમાં ગમન કર્યું.

વિષયો ભોગવીને જીવતર સાર્થક માનતા ને એ માટે ગમે તેટલી હલકાઇને વશ થઇ જતા પેલા તુચ્છ સૈનિકમાટે શીલ માટે મરી જવાની વાત નવી હતી, નવાઇની હતી ને સમજની બહારની હતી.

વસુમતી તો પોતાની માતાના મૃતદેહને જોઇ આઘાતથી સ્તબ્ધ થઇ ગઇ. પછી ખૂબ જ રડી. પેલા સૈનિકે ખોટી ખોટી વાતથી ફોસલાવી એને શાંત કરી. પોતાની સાથે લઇ જઇ એનું અનન્ય રૂપ જોઇ વિચાર્યું – આને જો ગુલામ તરીકે–દાસી તરીકે કે પછી વેશ્યાતરીકે વેંચીશ, તો મને ઘણું ધન મળશે.

આમે ય અર્થના દાસ બનેલાઓને લોહી આદિ સંબંધથી પોતાના ગણાતાઓ પર પણ પ્રેમ રહેતો નથી. તો પારકા પર તો ક્યાંથી હોય ?

શતાનિકે કોશાંબીમાં ધામધુમથી પ્રવેશ કર્યા પછી પેલાએ વસુમતીને

ચાર રસ્તા જ્યાં ભેગા મળે, ત્યાં ચોકમાં વસુમતીને કોઇ વસ્તુની જેમ વેંચવા ઊભી રાખી. **પ્રમાણિકતાનું લીલામ કરનારો થોડા રૂપિયા ખાતર જાતે વેંચાઇ જાય છે. સજ્જનતાનું લીલામ કરનારો રૂપિયા ખાતર બીજાને વેંચવા નીકળે છે. મિથ્યાત્વસહિત બુદ્ધિનો વિકાસ એટલે ઘોર વિનાશ.** બુદ્ધિવાળું ગણાતું મનુષ્ય નામનું પ્રાણી વિવેક-લાગણીના-સંવેદનાના અભાવમાં કઇ હલકાઇ ન આચરે તે જ પ્રશ્ન છે.

વસુમતીની હજી ઉગતી તરુણવય, અનુપમ લાવણ્ય, નિર્દોષ ચહેરો, રૂપની ભરમાર જોઇ વેશ્યાઓ પણ એને ખરીદવા તૈયાર થઇ. એ વખતે ત્યાંથી પસાર થતાં એ જ નગરના જૈન શ્રાવક ધનાવહ શેઠની નજર પણ અચાનક વસુમતીપર ગઇ. જોતાં જ આંખને આનંદ દેનારી એને જોઇ ધનાવહે વિચાર્યું -

આ કામધેનુ જેવી કન્યાને આ અધમ પુરુષ વેંચવા તૈયાર થયો છે. ખરેખર ભાગ્યહીનોના ઘરે આવું કન્યારત્ન સ્થિર રહી શકે નહીં. પણ આ કન્યાની આકૃતિ જોતા લાગે છે કે આ ઉત્તમકુળમાં જન્મેલી હશે, તેથી તો લજ્જાધારી નીચી આંખે ઊભી છે. તેથી સંતાન વિનાના મને જો આ દીકરી મળી જાય, તો મને વહાલનો દરિયો મળી જશે. અત્યંત ચપળ અને ચંચળ લક્ષ્મીનું શ્રેષ્ઠ ફળ એ જ છે કે આપત્તિમાં પડેલા જીવ સમુદાયનો એ લક્ષ્મી ખર્ચી ઉદ્ધાર કરવો. તો ભાગ્યદેવીએ આપેલી અમાપ સંપત્તિમાંથી કાંક સદુપયોગ કરી આ કન્યાનો આ દુષ્ટના હાથમાંથી છુટકારો કરાઉં. મારે ઘરે લઇ જઇ દીકરી જેમ રાખું !

તેથી મોટી રકમ બોલી - તરત જ આપી દુષ્ટ પાસેથી વસુમતીને છોડાવી પોતાની સાથે ઘરે લઇ જતાં ધનાવહે વસુમતીને એના માતા-પિતા-કુલ વગેરે અંગે પૂછ્યું. પણ દુઃખથી દાઝેલી ને આ અવસ્થામાં ઉત્તમ માતા-પિતાનું નામ લઇ એમનું નામ લજવવું યોગ્ય નહીં લાગવાથી વસુમતી મૌન રહી.

ત્યારે 'જેની દષ્ટિ સીધી છે ને વિચારધારા ઉદાત્ત છે તે બધું સીધું લે છે' આ ન્યાયે શેઠે પણ સીધું વિચાર્યું - ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલાઓ પોતાની જાત-પોતાની ઓળખાણ આપતા નથી. તેથી જ આ મૌન રહી છે. આમ મૌન છે, તેથી જ નક્કી થાય છે કે આ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી છે.

શેઠે ઘરે આવી પત્ની મૂળાને સોંપી. મૂળાએ પણ કોમળ વાણીથી વસુમતીને સત્કારી આનંદિત કરી પોતાની પાસે રાખી. તે ઘરના કોઇને એનાં નામની પણ ખબર હતી નહીં, તેથી એના શીતળ-શાંત વ્યવહારથી રંજિત થયેલા બધાએ એકમતે એનું નામ રાખ્યું **ચંદનબાળા**....

દિવસે દિવસે યુવાનવયની સમીપ આવતી જતી ચંદનબાળાનું રૂપ વધુ ને વધુ વિકસિત થવા માંડ્યું. તેથી અનર્થના મૂળભૂત શંકાથી પીડાતી મૂળાએ વિચાર્યું - જો આને આવી સ્વરૂપવતી જોઇ પતિ પ્રેમમાં પડી જશે, તો કમભાગિની એવી મારી શી હાલત થશે ? આવું સુંદરીરત્ન જોઇને સાધુઓ પણ કામબાણથી વિંધાઇ જાય, તો બીજાની તો વાત જ શી કરવી ?

મૂળા બિચારી આવા વિચારોથી શંકાને મજબૂત કરતી જતી હતી ને તેથી દિવસ-રાત અંદરથી બળ્યા કરતી હતી. વહેમનું કોઇ ઔષધ નથી ને શંકાની આગમાં બળનારાને કદી શાંતિ નથી. એની નજર હવે સૂક્ષ્મ થઇ ગઇ. પતિની ને ચંદનબાળાની દરેક ચેષ્ટાનું એનું મન પૃથક્કરણ કરવા માંડ્યું... ને પછી એમાં ખોટી કલ્પના ઉમેરી એ મન બળવા માંડ્યું. માણસ દુઃખી થાય પોતાની શંકાથી ને વાંક કાઢે જેમના પ્રત્યે શંકા થાય એમનો.

એમાં એકવાર ઉનાળાના તીવ્ર તાપમાં દુકાનેથી ઘરે આવેલા ને પરસેવાથી છલકાતા શેઠના પગ ધોવામાટે ઘરના નોકરોમાંથી કોઇ હાજર થયું નહીં. બધા પોતપોતાના કામમાં વ્યસ્ત હતા. ત્યારે નિર્મળ મનવાળી ચંદના નિર્મળ પાણી લઇ પિતાના પગ ધોવા માંડી.

આજ સુધી આવું કાર્ય કર્યું ન હોવાથી આ કાર્ય કરતાં એના અતિ શ્યામ મનોહર વાળોની લટ પાણીમાં પડવા માંડી. ત્યારે વાળ કાદવવાળા ન થાય એવા શુભાશયથી દીકરી માનેલી ચંદનબાળાના વાળ શેઠે હાથમાં લીધા.

મૂળાનું જાસુસીનું કાર્ય ચાલું જ હતું. એણે બારીની જાળીમાંથી આ દશ્ય જોયું. દશ્ય પાછળનો આશય જાણવા જેટલું જ્ઞાન હતું નહીં ને એમાટે ચલાવવા યોગ્ય બુદ્ધિપર શંકાનું આવરણ આવી ગયું હતું. તેથી જ જડતાથી ભરાયેલી મૂળાએ જે જોયું એ દશ્યમાં પોતાની કલ્પનાનો આશય જોડી દઇ

મનોમન વિચાર્યું - મેં પૂર્વે જે વિચાર્યું હતું, તે જ હમણાં થયું. બસ ! પતિ આના પ્રત્યે આકર્ષાઇ ગયો છે. નહીંતર શા માટે પોતે એના માથાના વાળ-વેણી હાથમાં લઇ સંવારે ? તેથી આ બાળા હોવા છતાં વિષ વેલડી છે. તેથી હમણાં જ એને ઉખેડી નાખવી પડશે, નહીંતર ભવિષ્યમાં મારા અનર્થમાટે જ થશે.

મૂળાને હવે શંકા રહી નથી, નિર્ણય જ થઇ ગયો છે - કે આ ચંદનબાળા મારી શોક્ય થવા આગળ વધી રહી છે, એને હવે અહીં જ અટકાવવી પડશે. તત્કાલ જ પગલું ભરવું પડશે. **માણસ પોતાના સ્વાર્થને બચાવવાની કલ્પનાથી બીજાને અનર્થ કરવામાં પળની રાહ જોવા તૈયાર હોતો નથી. હા, પરમાર્થમાટે એ મૂડ, અવસર, અનુકૂળતાવગેરેની રાહ જોવામાં પૂરી જિંદગી વિતાવી દે છે.**

તેથી ધનાવહ શેઠ મધ્યાહ્નની પ્રભુપૂજા ને તે પછી ભોજન કરી ફરી દુકાને ગયા કે તરત મૂળાએ પોતાની મૂળ પ્રકૃતિ પ્રગટ કરી. ઘરના તમામ નોકર-ચાકરને ધાક-ધમકીવગેરેથી વશમાં લીધા. હજામપાસે ચંદનબાળાના વાળ ઉતરાવી એનું મુંડન કરાવી નાખ્યું - પતિ આ વાળથી આકર્ષાયા છે, તો વાળ જ જોઇએ નહીં, એવી ગણતરી હશે.

પછી લુહાર પાસે બેડીઓ તૈયાર કરાવી બેડીઓ ચંદનાને પહેરાવી દીધી. બીજા સારા વસ્ત્રો ઉતારી જીર્ણ-શીર્ણ-ફાટેલા-થીંગડા મારેલા કપડા પહેરાવી દીધા. આ ચંદનબાળા ઘરની દાસીથી અધિક કાંઇ ન હોવા છતાં આગળ વધવા ગઇ એનો આ દંડ એવા ભાવથી મૂળાએ આ રીતે એની બાહ્ય અવસ્થા બદલી. પછી એને એક અંધારા ઓરડામાં પૂરી દીધી ને બહારથી તાળુ વાસી દીધું.

પછી કડક ધમકીના સ્વરમાં બધા નોકર ચાકરોને કહી દીધું - રે ! રે ! સાંભળો ! તમારામાંથી કોઇએ પણ આ વૃત્તાન્ત શ્રેષ્ઠિને કહ્યો છે, તો તેને હું યમના દ્વાર દેખાડી દઇશ.

સાંજે સૂર્યાસ્ત પહેલા વાળુ કરવા દુકાનથી ઘરે આવેલા શેઠે ઘરમાં ચંદના નહીં દેખાતા પૂછ્યું - આજે ચંદના કેમ દેખાતી નથી ? ત્યારે મૂળાના ભયથી કોઇએ જવાબ આપ્યો નહીં. ત્યારે સરળ આશયવાળા શેઠે વિચાર્યું - હશે !

પોતાના જેવી સખીઓ સાથે ક્યાંક આનંદ-પ્રમોદમાટે ગઇ હશે ! આમ વિચારી શેઠ નિશ્ચિંત થયા.

પણ રાતે ય ચંદના નહીં દેખાવાથી ફરીથી પૂછ્યું. જવાબ મળ્યો નહીં. શેઠે માની લીધું કે એ ક્યાંક સુઇ ગઇ હશે. બીજે દિવસે પણ ચંદના નહીં દેખાવાથી શેઠે ફરીથી પૂછપરછ કરી. પણ સરખો જવાબ મળ્યો નહીં. તો પણ શેઠે 'બીજા કોક કામમાં વ્યગ્ર હશે' એમ માની શાંતિ રાખી.

પણ ત્રીજે દિવસે પણ એ નહીં દેખાવા પર શેઠનો પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો. રોષમાં બોલ્યા - અરે ! તમારામાંથી જે કોઇ ચંદના અંગે જાણતું હોય તે મને કહે, નહીતર હું બધાને સખત દંડ આપીશ.

આ સાંભળી મૂળાથી ડરેલા પરિજનોએ વિચાર્યું - હવે શું કરીશું ? કહી દઇશું તો શેઠાણી દંડ આપશે ને નહીં કહીએ તો શેઠ દંડ આપશે. તો હવે શો ઉપાય કરવો ? આપણને તો આ બાજુ નદી ને બીજી બાજુ વાઘની પરિસ્થિતિ આવીને ઊભી છે.

જો કે 'જૈનધર્મથી પરિભાવિત થયેલા શેઠનો સ્વભાવ શાંત છે ને એમનો ક્રોધ પણ શિયાળાના તડકા જેવો કોમળ છે' એમ બધાનો અનુભવ હતો. જ્યારે મૂળા મૂળથી ઉકળતા તેલ જેવી છે ને ક્રોધ વખતે તો એ ઉકળતું તેલ ઉડીને હાથપર પડે ને જે દઝાડે તેવી છે એમ જાણતા બધાએ શેઠની આ કડક સૂચના પછી પણ મૌન પકડી રાખ્યું.

પણ એક જુની અને વૃદ્ધ થયેલી નોકરાણીએ વિચાર્યું - મારે મૂળાનો ભય શું કામ રાખવો જોઇએ ? આમે હું હવે મરવાની નજીક પહોંચેલી છું. તો આ જનારા પ્રાણથી જો ચંદના પર થોડો ય ઉપકાર થતો હોય, તો મને શું મળ્યું નથી ?

**અનશ્વરનો જો લાભ થતો હોય, તો એમાટે નશ્વરને હોડમાં મુકવામાં લાભ જ છે. પરમાર્થ-સુકૃત-બીજાને આપત્તિમાં નિસ્વાર્થભાવે કરેલી સહાય વગેરે અનશ્વરભાવો એટલામાટે છે કે અનશ્વર એવા મોક્ષમાં કારણભૂત બનતા ધર્મ-સાધન-સંયોગ-ભાવની પ્રાપ્તિમાં એ કારણ બને છે.**

જેઓએ પ્રસન્ન રહેવું હોય, તેઓએ શુભ લેશ્યામાં રહેવું જરુરી છે. જેઓએ શુભ લેશ્યામાં રહેવું હોય, તેઓએ પરમાર્થની ભાવનામાં રહેવું જરુરી છે. જેઓએ પરમાર્થની ભાવનામાં રહેવું હોય, તેઓએ સ્વાર્થને ભૂલવો પડે-ગૌણ કરવો પડે, ને અવસરે સ્વાર્થનો નાશ પણ કરવો પડે.

ચંદના ક્યાં છે ? એમ ત્રીજા દિવસે શેઠે આક્રોશથી પૂછ્યું, ત્યારે બીજા બધા તો મૂળાના ભયથી મૌન રહ્યા. પણ એક વૃદ્ધાએ પોતાના જીવતરની પરવા કર્યા વિના સાચું બતાવી દેવાનો ને તે દ્વારા નશ્વર પ્રાણના ભોગે પણ પરમાર્થ કરવાનો નિર્ણય કરી લીધો.

એ વૃદ્ધાએ મૂળાએ ચંદનાસાથે કેવો વ્યવહાર કર્યો તે બધી વાત શેઠને જણાવી પછી કહ્યું - ચંદનાને આ ઓરડામાં પૂરી દીધી છે. આ સાંભળી અત્યંત ખેદ પામેલા શેઠ તરત એ ઓરડા પાસે ગયા. દ્વાર ખોલાવી અંદર ગયા. ત્યાં ઋષભદેવના વિરહથી રડી રડીને થાકી ગયેલા મરુદેવા માતાની જેવી રડી રડીને થાકી ગયેલી આંખવાળી ચંદનાને જોઇ.

રાત પૂરી થાય ત્યારે ચંદ્રની કાંતિ ઝંખવાઇ જાય છે, એમ એની ઝંખવાયેલી કાંતિ જોઇ. એના હાથે-પગે કર્મજંજીરને યાદ કરાવતી જંજીરો જોઇ. ક્લેશમુક્ત મુનિઓના મૂંડન થયેલા મસ્તક જેવું મૂંડનવાળું મસ્તક જોયું. મહા તપસ્વીની જેમ ભૂખ-તરસથી ઊંડુ ઉતરી ગયેલું પેટ જોયું.

ત્યારે વિષાદ પામેલા શેઠે ચંદનાને કહ્યું - હે વત્સ ! તું વિષાદ નામના નિષાદ=શિકારીને વશ થા નહીં. કારણ કે જીવ જે કંઇ અનુભવે છે, તે પોતે ભૂતકાળમાં કરેલા કર્મનું જ ફળ હોય છે. આગમમાં કહ્યું જ છે - હે ભંતે ! જીવને દુઃખ આત્મકૃત હોય છે કે પરકૃત હોય છે કે ઉભયકૃત હોય છે ? ભગવાને જંવાબમાં કહ્યું - હે ગૌતમ! જીવને દુઃખ આત્મકૃત જ હોય છે, નહિં કે પરકૃત કે ઉભયકૃત.

શેઠ સ્વયં ધર્મથી ને કર્મના સિદ્ધાંતથી ભાવિત હતા, તેથી ચંદનાને પરિસ્થિતિવશ દુઃખ નહીં થાય ને મૂળાપર દ્વેષ નહીં થાય એ માટે આ રીતે આશ્વાસન આપ્યું. પછી ચંદનાને ઓરડામાંથી બહાર કાઢી ઘરના ઉંબરાપાસે

બેસાડી. પછી એને ભોજન કરાવવા ઘરના રસોડામાં ગયા.

પણ ત્યાં કોઇ મિષ્ટાન્ન-ફરસાણ વગેરે સ્વાદિષ્ટ વસ્તુ મળી નહીં. માત્ર રાંધેલા અડદ=બાકળા જોયા. વાસણ પણ મળ્યા નહીં. તેથી સુંપડાના એક ખુણે એ બાકળા રાખી ચંદનાને આપતા કહ્યું - હેપુત્રી ! ઘરમાં બીજું કશું ભોજન દેખાતું નથી. તેથી તું હમણાં આ રાંધેલા અડદ વાપર... ત્યાં સુધીમાં હું તારી બેડીઓ તોડાવવા લુહારને લઇને આવું છું.

ધનાવહ શેઠ લુહારને લઇ આવવા એના ઘર તરફ જવા નીકળ્યા. આ બાજુ ચંદનાએ નિર્વેદભાવે આંખમાં આંસુસાથે વિચાર્યું - દધિવાહન રાજાની દીકરી હોવા છતાં મારી આ અવસ્થા થઇ એમાં પરવશતા જ કારણ છે. પરવશતા શ્વાસ ચાલતા હોવા છતાં મરણરૂપ છે, અગ્નિ ન હોવા છતાં બળવા સમાન છે, બેડી વિનાના બંધનને તુલ્ય છે, કાદવ વિનાની મલિનતા છે અને નરકની મહાયાતનાની અનુભૂતિ છે. તેથી જ હિંસાદિ મોટા પાપોની જેમ પરવશતા પણ મહાપાપ સમાન છે.

અથવા આ ચિંતાથી સર્યું, કારણ કે કર્મ જનિત આ પરિસ્થિતિને સ્વીકારી લેવામાં જ સાર છે. મારે તો ઇચ્છા વિના પણ અટ્ઠમ તપ થઇ ગયો. હવે પારણા માટે રાંધેલા અડદ સામે છે. પણ જો કો'ક નિર્ગ્રન્થ શ્રમણ પધારે, તો એમને આ નિર્દોષ અને કલ્પ્ય આહાર વહોરાવી પછી પારણું કરું તે અહોભાગ્યરૂપ બનશે.

અનિચ્છાએ થયેલા તપના પારણે કકડીને ભૂખ લાગી હોય ત્યારે સુપાત્રદાનનો ભાવ જાગે એ સુપાત્ર પ્રત્યે તીવ્ર અહોભાવ અને સુપાત્રદાનની તીવ્ર ઇચ્છા સૂચવે છે. આ બંનેના સંયોગમાં પ્રાયઃ ભાવના ફળીભૂત થતી હોય છે.

મુનિદાનની ભાવનાથી ચંદનબાળાએ કોઇ સાધુ ભગવંત પધારે છે કે નહીં તે જોવા નજર આમ તેમ ફેરવી. આ બાજુ પાંચ મહીના અને પચ્ચીસ દિવસ અભિગ્રહ સહિત પ્રભુ મહાવીર સ્વામી ગોચરીમાટે નગર ભ્રમણ કરતા હતા. આજે પણ ગોચરી માટે નીકળ્યા હતા ને જોગ-સંજોગથી આ તરફ જ

આવી રહ્યા હતા...

ચંદનબાળાની આંખે ગોચરીમાટે નીકળેલા પ્રભુ વીરને જોયા. ચંદનબાળા 'આ પ્રભુ મહાવીર સ્વામી છે' એમ ઓળખી ગઇ. તેથી ભાવવિભોર થઇ વિચારવા માંડી – ભાગ્યહીન થયેલી હું શું આ પુણ્ય પામી શકું ખરી કે પ્રભુ અહીં પધારી મારા હાથે વહોરી એમની દીર્ઘ તપસ્યાનું પારણું કરે ?

**ભાગ્યથી કમભાગ્ય જીવ પણ સુંદર ભાવનાઓથી પુણ્યનું ભાથું ભરવા જેટલો સૌભાગ્યશાળી થઇ શકે છે.** વળી, એ ભાવના તીવ્રતાએ પહોંચે તો જે લાભ પરમ ભાગ્યશાળી ગણાતા રાજા મહારાજા કે શેઠ શાહુકારો નથી મેળવી શકતા, એ લાભ પણ મેળવી શકે છે.

પ્રભુ વીર તો કરુણાનિધાન હતા, રાજા–રંક બંનેપ્રત્યે સમાનભાવવાળા હતા, અથવા કહો તો રાજા કરતાં પણ રંક પ્રત્યે, શેઠ કરતાં પણ ચાકર પ્રત્યે, બળવાન કરતાં પણ નબળા પ્રત્યે જાણે કે વધુ કરુણારસભંડાર હતા...

જાણે કે તેઓ જગતને કહેવા માંગતા હતા કે તમે જેને દાસ, ચાકર, ગરીબ, રંક ગણીને તિરસ્કારો છો, અપમાનિત કરો છો, તુચ્છ નજરે જુઓ છો, એ બધા પણ મારી કરુણાના સમાન હકદાર છે ને સન્માનપાત્ર છે, એ વાત તમને સમજાય એમાટે હું મારા મોટા તપના પારણા કરાવવાનો હક એમને આપીશ.

તેથી જ પ્રભુ વીરે સંગમના છ મહીનાના ઉપસર્ગવખતે થયેલા છ મહીનાના ઉપવાસનું પારણું એક દરિદ્ર ભરવાડણના હાથે કર્યું હતું. આ દીર્ઘ તપના પારણાનો લાભ પણ તેઓ રાજકુમારીમાંથી દાસી થયેલાને જ આપવા માંગતા હતા...

તેથી જાણે કે ચંદનબાળાના પુણ્યથી પ્રેરાઇને ત્યાં પધાર્યા. લોખંડની બેડીથી પગ ઝકડાયેલા હોવાથી ઉંબરો ઓળંગવા અસમર્થ ચંદનાએ પણ ત્યાં જ રહીને ક્ષમાવીર પ્રભુ વીરને વિનંતી કરી – હે નાથ ! આપના દીર્ઘ તપના પારણે આ રાંધેલા અડદ અયોગ્ય ગણાય. છતાં આપ મારા જેવી રાંક પર કૃપા કરી આ ગ્રહણ કરી અનુગ્રહ વરસાવો.

**ઘણી વાનગી એ સંસારી ભોજન છે. ઘણી વસ્તુ એ સંસારી ભવન છે. સાધુને કેટલું જોઇએ ?**

ભગવાનને છ મહીનાના દીર્ઘ તપના પારણે માત્ર એક જ વાનગી... અદડના બાકળાથી ચાલી ગયું ! બીજી કોઇ વાનગી નહીં.

ચંદનબાળાની આંખમાં જે આંસુ આવેલા, તે હજી સુકાયા ન હતા... એટલે કે એની આંખ અશ્રુભીની હતી. પ્રભુએ જોયું - મારો દ્રવ્યાદિથી લીધેલો અભિગ્રહ અહીં પૂર્ણ થાય છે. બધી બાબત મળતી આવે છે, તેથી આ નિર્દોષ કલ્પ્ય અડદના બાકળા વહોરવામાં વાંધો નથી. તેથી પ્રભુએ પણ હાથ લંબાવ્યા, ચંદનબાળાએ બાકળા વહોરાવી પ્રભુના ભીષ્મ અભિગ્રહથી યુક્ત દીર્ઘ તપનું પારણું કરાવ્યું.

(કલ્પસૂત્રવગેરેમાં એવી વાત આવે છે કે ચંદનબાળાની આંખમાં આંસુ ન હોતા. તેથી પ્રભુ પાછા ફરી રહ્યા હતા, એ જોઇ આઘાતથી ચંદના રડી પડી. એ આંસુ જોઇ અભિગ્રહ પૂર્ણ થવાથી પ્રભુએ વહોર્યું.)

પ્રભુના સુવર્ણવર્ણી હસ્તકમળમાં કાળા અડદ જાણે કે સુવર્ણથાળમાં નીલમની જેમ શોભી ઉઠ્યા. એ જ ક્ષણે દિવ્ય પ્રભાવથી ચંદનબાળાના મસ્તકપર અત્યંત શોભી ઉઠે એવો કેશકલાપ પ્રગટ થયો. પગમાં રહેલી બેડીઓ સોનાના ઝાંઝર થઇ ગયા. હાથની બેડીઓ રત્નકંકણ તરીકે શોભવા માંડી. જીર્ણ વસ્ત્રો દિવ્ય વસ્ત્રોમાં રૂપાંતર પામ્યા. મૂળાએ જ્યાં જ્યાં સોટીના પ્રહાર કર્યા હતા.... ત્યાં ત્યાં રત્નાલંકારો પ્રગટ થયા.

અહો ! સુપાત્રમાં ત્યાગ-દાન સર્વ આપત્તિ વિનાશક બને છે. કહ્યું જ છે કે - જળ, જ્વલન, સિંહ, હાથી, રાક્ષસ વગેરેના ભયો સત્પાત્રત્યાગ-સુપાત્રદાનથી ક્ષણવારમાં વાયુથી વાદળાની જેમ વિખેરાઇ જાય છે.

સૌધર્મેન્દ્ર-શક્ર વગેરે દેવ-દેવીઓ પ્રભુનું પારણું ક્યારે થાય એની જ રાહ જોતા હતા. પ્રભુનું પારણું થયું એ અવધિજ્ઞાનથી જાણી આનંદિત થયેલા તેઓ ત્યાં આવ્યા. દેવદુંદુભિનો નાદ કર્યો. દિવ્ય વસ્ત્રો વરસાવ્યા. અહો દાન ! અહો દાન ! એવી ઘોષણાઓ કરી. સાડા બાર કરોડ સોનામહોર-રત્નોની વૃષ્ટિ

કરી ને સુગંધી જળધારા કરી. આમ પાંચ દિવ્ય પ્રગટાવ્યા.

પછી હૈયે હર્ષ નહીં માવાથી હાથ-પગ-કમર ના વિવિધ ન્યાસો કરવાદ્વારા નૃત્ય કરવા માંડ્યા. એમાં સાથ પૂરાવવા પ્રભુના ગુણોના વર્ણનથી ભરપૂર સુંદર ગીતો ગાવા માંડ્યા... એમાં ઔર રંગ ભેળવવા તાન-માન-લય વગેરેથી અત્યંત આહ્લાદક બને એવા સંગીતના સુર રેલાવવા માંડ્યા.

આમ ત્યાં ભવ્ય મહેફિલ જેવું વાતાવરણ સર્જાવાથી સમગ્ર નગરને જાણકારી મળી ગઇ કે પ્રતિદિન ગોચરીમાટે ફરતા પ્રભુ વીરનું આજે પારણું થયું છે. આ સમાચાર મળવાથી આનંદિત થયેલા નંદા-સુગુપ્તની સાથે રાણી મૃગાવતીને લઇને શતાનિક રાજા પણ ત્યાં આવ્યા.

ત્યારે એ બધાની સામે જાણે કે બંદી-ચારણની જેમ ઇંદ્રે ચંદનબાળાની પ્રશંસામાં કહ્યું – હે કલ્યાણકારિણી ! બધામાં માત્ર તમને જ હું કૃતપુણ્યા માનું છું, કારણ કે પ્રભુને જગતને આનંદદાયક પારણું કરાવવાનો લાભ માત્ર તમને જ મળ્યો છે.

ત્યાં તો મૃગાવતીના નોકર તરીકે નવા આવેલા એક અંતઃપુરરક્ષકે ચંદનબાળાને જોઇ મોં-ફાટ રોવા માંડ્યું. એના આવા મંગળમય-આનંદમય અવસરે આ રીતે રોવાથી બધાની આંખ પણ ઝળઝળિયાવાળી થઇ.

રાજા શતાનિકે એ કંચુકી-અંતઃપુરરક્ષકને પૂછ્યું – આ આનંદમય અવસરે તમે કેમ આમ રડો છો ? ત્યારે પેલાએ ખુલાસો કરતા કહ્યું – હું ચંપાનરેશની પટ્ટરાણી ધારિણીના અંતઃપુરનો રક્ષક હતો. ચંપાને તમે જીત્યું ત્યારે હું પણ ત્યાંથી અહીં આવ્યો છું. આ ચંપાપુરનરેશ દધિવાહન અને રાણી ધારિણીની દીકરી વસુમતી છે, એનો સુખમય ભૂતકાળ યાદ આવી જતાં હું રડી પડ્યો.

શતાનિકે કહ્યું – હે કંચુકિન્ ! આ ભલે પરઘરમાં ગઇ, પણ પવિત્ર ચરિત્રવાળી છે. તેથી જ એના હાથે ભગવાનનું પારણું થયું. મૃગાવતીએ પણ ચંદનબાળાને બેનની દીકરી જાણી અત્યંત હર્ષથી કહ્યું – હે વત્સ ! તું જલ્દી આવ ને મારા ખોળાને અલંકૃત કર ! મેં પાપિણીએ જ આટલા દિવસસુધી તારા

આગમનની જાણકારી મેળવી નહીં. હવે તારા દુઃખના દિવસ પૂરા થયા છે. તારે મારી સાથે જ રહેવાનું છે.

પ્રભુને શ્રેષ્ઠ દાનના પ્રભાવે ચંદનબાળાના દિવસો ફરી ગયા. એ બધા માટે આનંદદાતા, અભિનંદનપાત્રા, અહોભાવસ્થાન બની ગઇ. પારણા વખતે થયેલી ધનવૃષ્ટિ શતાનિકે પોતાના કબજે લેવાનો પ્રયત્ન કર્યો, ત્યારે ઇન્દ્રે એમને રોકતા કહ્યું - રાજન્ ! તમે આ ધનના માલિક નથી. ચંદનબાળાનો અધિકાર છે. તેથી ચંદનબાળા આ ધન જેમને આપશે, એમનું થશે, બીજા કોઇનું નહીં.

આમ કહી ઇંદ્રે ઔચિત્યમાર્ગનો નિર્દેશ કર્યો. ત્યારે રાજાએ ચંદનબાળાને પૂછ્યું - આ ધન તમે કોને આપવા માંગો છો ? ત્યારે સરળઆશયવાળી અને કૃતજ્ઞતાને વરેલી ચંદનબાળાએ કહ્યું - હે તાત ! આ ધનસમુદાયના સ્વામી પિતા ધનાવહ થાય એવી મારી ઇચ્છા છે, કારણ કે એમણે નિઃસ્વાર્થ કરુણાભાવે મને પેલા દુષ્ટના હાથમાંથી છોડાવી આટલા દિવસ સુધી શીલરક્ષા થાય એ રીતે મારું પાલન-પોષણ કર્યું છે. જો તેઓએ મને બચાવી ન હોત, તો મારી શી હાલત થાત ?

આમ ચંદનબાળાએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી. તેથી ધનાવહ શેઠે પુણ્યની વૃષ્ટિસમાન આ ધનવૃષ્ટિનો સ્વીકાર કર્યો.

આ બાબતથી રાજાને ઓછું નહીં આવે ને ચંદનબાળા સાથેના વ્યવહારમાં રુક્ષતા નહીં આવે એ માટે ઇંદ્રે શતાનિકને કહ્યું - હે રાજન્ ! તમે સાંભળો ! આ ચંદનબાળા ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરસ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી એમની પ્રથમ શિષ્યા થશે. તેથી અમારા આદેશથી તમારે પ્રયત્નપૂર્વક એ બાલિકાનું પાલન-પોષણ કરવાનું છે. એમ માનજો કે હું પુણ્યથી પ્રાપ્ત થતી કલ્પવેલડીની સાર-સંભાળ લઇ રહ્યો છું.

સુકૃત કરનારો સુકૃતની ભાવના-અહોભાવથી સુકૃત કરે છે. એનામાટે સુકૃતનો અવસર-સુકૃતની ક્ષણ જિંદગીભરમાટેનું સંભારણું બની જાય છે. પણ એમના સ્વજનો એ સંબંધી માન-સન્માન-પહેરામણી જેવી બાબતોમાં પોતાનું સ્થાન ક્યાં હતું ? પોતાને એ બાબતમાં કેટલી મહત્તા મળી ? કયો લાભ થયો?

એ જોવામાં-એની ગણતરીમાં અટવાઇ જાય છે. તેઓ સુકૃતની અનુમોદનાના બદલે એ વખતે 'આપણને યોગ્ય માન-પહેરામણી નહીં મળ્યા' એ વિચારે અફસોસ-ઓછું આવ્યાની લાગણીમાં તણાઇ જાય છે.

ઈંદ્ર જાણતા હતા કે એક તો દધિવાહનની એટલે દુશ્મનની દીકરી ને જાહેરમાં ધનવૃષ્ટિનો અધિકાર ધનાવહ શેઠનો બતાવી ભોંઠા પાડનારી આ ચંદનબાળાપર શતાનિકને જો પ્રેમ નહીં રહે, તો એ મહેલમાં પણ એને હેરાન કરશે. તેથી જ શતાનિકને આવો સ્પષ્ટ આદેશ આપ્યો.

પુણ્યની તરતમતા દુનિયાના ક્ષેત્રે કેવી હાલત કરે છે ? પોતાના નગરનો રાજા ગણાતા ને પોતાની સામે એક શબ્દથી પણ જવાબ દેનારને દંડ દેવાના સામર્થ્યવાળા શતાનિકે ત્યાં જ ઈંદ્ર આવો સ્પષ્ટ આદેશ આપે ને ચુપચાપ સ્વીકારી લેવો પડે ! કારણ પુણ્ય-શક્તિ-સત્તાવગેરેથી ઈંદ્ર શતાનિકથી હજારો ગણો વધુ સમર્થ હતો.

સાધનામાં વીર્યોલ્લાસ ઓછો પડે, વિધિમાં જરાક નબળો પડે, એ વખતે જે ઉછળતા ભાવ જોઇએ એમાં કાંક મંદતા આવે, શક્તિ જરા પણ છુપાવવામાં આવે ઇત્યાદિ કારણોથી સાધનાજન્ય વિશિષ્ટ પુણ્યમાં પણ એવી મંદતા આવે કે જેથી શતાનિકને ઇંદ્રનો આદેશ સાંભળવાનો-માનવાનો અવસર આવે.

શતાનિક ચંદનાને લઇ પોતાના મહેલે પહોંચ્યા. આ બાજુ ચંદનાની ખરાબ હાલત કરવામાં હેતુ બનેલી મૂળાને ધનાવહે ઘરમાંથી કાઢી મુકી. મૂળા પણ પોતાના પાપનું ફળ અનેક ભવમાં અનેક રીતે ભોગવશે.

શતાનિક રાજાના કન્યા અંતઃપુરમાં રહેલી ચંદનાને બીજી કોઇ બાહ્ય મનોરંજક ગણાતી પ્રવૃત્તિઓમાં પણ રસ ન હોતો. એ અત્યંત અંતર્મુખ થઇ આત્મહિતકર ધર્મકાર્યોમાં જ અપ્રમત્તભાવે મગ્ન રહેવા લાગી. સંસારની અસારતાના સાક્ષાત અનુભવ થઇ ગયા પછી કયો સમજુ ધર્મજ્ઞ જીવ એવા સંસાર વધારનારી પ્રવૃત્તિમાં રુચિ પણ રાખે ? એની તો દરેક ક્ષણ સંસાર ઘટાડનારી ધર્મપ્રવૃત્તિમાં જ પ્રાયઃ જાય.

એકવાર ચંદનબાળા વિચારે છે - ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન

ઉત્પન્ન થયાની સૂચના આપતી ખબર ક્યારે મારા કાનને પવિત્ર કરશે ? મારા માટે તો તે જ અમાપ હર્ષ દેનારું વર્ષ, તે જ મહિમાનો આવાસ બનતો માસ, દક્ષતાવાળો પક્ષ, દીનતા હરનારો દિન, અભય દેનારો સમય હશે, જે વખતે ભગવાન મારા મસ્તક પર પોતાના કરકમળથી વાસક્ષેપ કરી મારો આ સંસાર સાગરથી નિસ્તાર કરશે.

આમ વિચારતી ચંદનબાળાએ આકાશમાં જોયું તો દેવો દેવવિમાનમાં ઉલ્લાસથી આમ-તેમ જતા દેખાયા. તરત એણે કલ્પના કરી - આજે પ્રભુને કેવળજ્ઞાન પ્રગટ્યું લાગે છે. એણે તરત ભાવના કરી - હું ક્યારે પ્રભુ પાસે પહોંચુ ને ક્યારે દીક્ષા લઉં. આમ વિચારી આંખ ખોલે છે, તો એને આશ્ચર્ય થયું... કોઇ ભદ્રક દેવે એના દિલના ભાવ જાણી એને ઉપાડી પ્રભુ સન્મુખ રાખી દીધી છે.

ભગવાને પણ **મધ્ય અપાપાપુરી** નગરની અનેક રાજપુત્રીઓસાથે ઉત્સવપૂર્વક ચંદનબાળાને દીક્ષા આપી પોતાની પ્રથમ સાધ્વીશિષ્યા તરીકે જાહેર કરી. ચંદનબાળાએ અગ્યાર અંગ સૂત્રનો અભ્યાસ કર્યો. પ્રભુ વીરના શાસનના એ સહુ પ્રથમ પ્રવર્ત્તિની થયા. પછી કેવળજ્ઞાન પણ પામ્યા. આ ભવના અંતે સિદ્ધ-બુદ્ધ-મુક્ત થયા.

તેથી હે ભવ્ય જીવો ! ચંદનબાળા સાધ્વીનું આવું મનોહર ચરિત્ર સાંભળી તમે પણ જેથી શાશ્વત સુખ તરફ દોરી જનારો મોક્ષમાર્ગ મળે અને જેથી સંસારની પણ તમામ આપત્તિઓ દૂર થાય એવા સુપાત્રદાનમાટે શ્રેષ્ઠ-ઇષ્ટ-દુર્લભ ચીજનો ત્યાગ કરો. આમ ચાલીશમાં પ્રશ્નપર બેંતાલીશમો ઉત્તર પૂર્ણ થયો.

***<u>ખોવાઇ જવાના મારા ત્રણ પ્રિય સ્થાનો</u>***

*(૧) માતા-પિતાના જૈનત્વના સંસ્કારદાયક ઉપકારોના વિચારો*
*(૨) ભવોદધિત્રાતા ગુરુદેવોના ઉપકાર-આશીર્વાદોના વિચારો*
*(૩) તરતતારણ જહાજ દેવાધિદેવના અનુગ્રહ-કરુણાના વિચારો*
*-આ વિચારોમાં ખોવાઇ જવું મને ખૂબ ગમે છે...*

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः । सिरसा वंदे महावीरं ।
विजय प्रेम-भुवनभानुसूरि-मुनि मणिप्रभ वि.-विजय वरबोधि सूरिभ्यो नमः

# આ સાચું કે તે સાચું...

(એક અદ્ભુત કથા)

માર્ગદર્શન

**પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ**

લેખક

**પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી વિમલબોધિવિજયજી ગણિવર મહારાજ**

દેવાધિદેવ.... ત્રિલોકનાથ.... દેવેન્દ્રવંદિત.... કરુણાસાગર.....

પ્રભુ મહાવીર સ્વામીએ રજત-સુવર્ણ અને રત્નમય સમવસરણમાં રાગ-દ્રેષ અને મોહ વિનાશક અમૃત ઝરતી વાણીમાં દેશના આપી.... પ્રભુએ 'સમગ્ર સંસાર કેવી રીતે અસાર છે.' માલકોશ રાગમાં આ વર્ણન કરીને લોકોને સંવેગ અને નિર્વેદથી ભરી દીધા.... દેશના પૂરી થઇ...

રોમાંચિત દેહથી આનંદિત હૈયાથી મસ્તક પર હાથ જોડીને બારે પર્ષદાએ પ્રભુની દેશનાને અહોભાવથી અપનાવી લીધી.... દરેકના હોઠ પર શબ્દો રમવા માંડ્યા.... 'ભગવાને ભવતારિણી દેશના આપી'.... 'ભગવાને સકલજંતુ હિતકારિણી દેશના આપી'.... 'ભગવાને જન્મ-જરા-મોતની કાલ ચક્કીમાં પિસાતા જીવોને ઉગારતી દેશના આપી.' આ રીતે બધા પ્રભુને વંદી રહ્યા હતાં.... પ્રભુની વાણીને અભિવંદી રહ્યા હતાં....

તે વખતે એક સોહામણો રાજકુમાર સમવસરણમાં આવ્યો....

એના ઢીંચણ સુધી લાંબા હાથ એ ભાગ્યશાળી છે એમ સૂચવતા હતા.

વિશાળ હૃદય પર ઝગમગ થતાં હીરાનો હાર એની સમૃદ્ધિની ચાડી ફુંકતો હતો....

વ્યવસ્થિત શોભાયમાન થયેલા કાળા ભમ્મ વાળ એ રંગીન તબીયતનો જુવાન છે એમ સૂચવતાં હતાં...

રત્નમય સુવર્ણ બાજુબંધથી શોભતા એના હાથ એની વીરતાને પ્રકાશિત કરતાં હતાં.... હતો મનુષ્ય, પણ જાણે કે દેવકુમાર ન હોય, એમ શોભી રહ્યો હતો. 'જય હો, વિજય હો, પ્રભુ મહાવીર સ્વામીનો જય જયકાર હો' એમ પ્રભુ મહાવીરસ્વામીનો જયકાર કર્યા પછી એણે પ્રભુને જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિદાયક ત્રણ પ્રદક્ષિણા આપી.

'પ્રભુ ! આપ છ જીવ નિકાયના પ્રિયબંધુ છો. માટે મારા પણ અકારણ વત્સલ બંધુ છો.' આ પ્રમાણે પરમાત્માની સ્તુતિ કરી એણે ભગવાનને પૂછ્યું-

'હે ભગવન્ ! આજની રાતે મેં જે જોયું... જે સાંભળ્યું... અને જે અનુભવ્યું.... તે સ્વપ્ન હતું ? માયાજાળ હતી ? કે સાચી હકીકત હતી ? એ આપ અનુગ્રહ કરીને મને કહો... કારણ કે આપ દરેક જીવના ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનને સાક્ષાત્ જુઓ છો.... જાણો છો...'

ભગવાન મહાવીર સ્વામીએ અમૃત ઝરતી વાણીથી કહ્યું - 'હે મહાનુભાવ ! તમે જે જોયું, તે માયાજાળ ન હોતી, તે સ્વપ્નું પણ ન હતું... તે બધું સાચું હતું... તે બધું તથ્ય હતું...'

ભગવાનની આ વાત સાંભળી હર્ષિત થયેલો.... રોમાંચિત થયેલો.... ગદ્ગદ્ થયેલો તે 'હે પ્રભો ! આપે જે કહ્યું એનો હું સ્વીકાર કરું છું.' એમ કહી તરત જ ત્યાંથી નીકળી ગયો. બધાં ઇન્દ્રો, દેવો, સાધુઓ અને મનુષ્યો એને આ રીતે આવતાં અને જતાં જોઇ રહ્યાં.... બધાના ચહેરા પર આશ્ચર્ય સાથે 'શું હશે એની જિજ્ઞાસા' એ જાણવાની ઉત્કંઠા તરવરી રહી હતી... એ વખતે બધાનાં ચહેરાના ભાવો ને જાણીને જાણતાં હોવા છતાં પણ **ગૌતમસ્વામીએ** ભગવાનને પ્રશ્ન પૂછ્યો... જેથી બધાની ઇચ્છા સંતોષ પામે અને સંવેગની પ્રાપ્તિ થાય...

ગૌતમસ્વામીએ પૂછ્યું - ''હે ભગવન્ ! આ જે પુરુષ કે જેણે આપને પૂછ્યું - 'મેં જે જોયું... તે સાચું છે કે સ્વપ્નું છે ?' એ પુરુષ કોણ છે ? એણે શું જોયું ? શું સાંભળ્યું ? શું અનુભવ્યું ? તે આપ કરુણા કરી કહો...''

તે વખતે ઇન્દ્રો સહિત બધાએ ભગવાનને વિનંતી કરી 'હે ભગવન્ ! અમને પણ આ જાણવાની ઇચ્છા છે. તો આપ અનુગ્રહ કરી અમને કહો.'

ત્યારે ભગવાને જલધિજલગંભીર વાણીથી કહ્યું - 'સાંભળો...

અહીંથી થોડે દૂર **અરુણાભ** નામનું નગર છે... આ નગર વિશાળ છે. ઘણાં મનુષ્યોની ભીડવાળું છે. ચારે બાજુ સુરમ્ય વનોથી મનોહર છે. ખાઇ અને કિલ્લાથી સુરક્ષિત છે. શ્રીમંતોના મકાનો ઉપર ફરકતી સેંકડો ધ્વજાઓથી જાણે સતત ઉત્સવમય છે.

આ નગરનો રાજા **રત્નગજેન્દ્ર** છે. તે શૂર છે, ધીર છે, મધુરભાષી છે, દૃઢ છે, દક્ષ છે, દક્ષિણામૂર્તિ છે, દયાળુ છે અને દાનવીર છે. એને એક પુત્ર છે -

એનું નામ **કામગજેન્દ્ર** છે. એ પણ અનેક ગુણોથી ભરેલો છે. પણ આ રાજકુમાર કામવાસનાથી પીડિત છે. સ્વભાવથી જ સતત કામનાઓમાં ડૂબેલો રહે છે. આ કામગજેન્દ્રને ઘણી પત્નીઓ છે. એમાં **પ્રિયંગુમતી** અત્યંત પ્રિય પટ્ટરાણી છે.

એક વખત સ્નાન કરી ભોજન કરી વિલેપન વગેરે કરી આ કામગજેન્દ્ર પ્રિયંગુમતી સાથે પટ્ટહસ્તી પર બેસી નગરના કૌતુક જોવા નીકળ્યો. એમાં અચાનક એની નજર એક વેપારીના મકાનપર ગઇ. મકાનની અગાશીમાં એક કન્યા દડો લઇ રમી રહી હતી. એ કન્યાનું અદ્ભુત રૂપ-લાવણ્ય જોઇ કામગજેન્દ્ર આકર્ષાયો. જાણે ભૂખ હતી ને ભાવતું ભોજન મળ્યું. મનોમન વિસ્મય પામ્યો. શું એક વણિક્ કન્યા આટલી રૂપવાન હોઇ શકે ખરી ? કામદેવ નામના રાજાનો ગુલામ બનેલો આ કામગજેન્દ્ર આ વણિક્કન્યા પર અત્યંત અનુરક્ત બન્યો.

ખરેખર.... 'પ્રેમ રૂપવાન પર પણ થાય. રૂપહીન પર પણ થાય. જ્યાં ઋણાનુબંધ હોય, ત્યાં પ્રેમ સંબંધ થાય. માટે રૂપનું અભિમાન કરવું જોઇએ નહીં. કારણ કે રૂપ એ કાંઇ પ્રેમનું કારણ નથી.'

કામગજેન્દ્ર આ પ્રમાણે વિચારી રહ્યો હતો અને કામાવેશમાં તણાઇ રહ્યો હતો. તે જ વખતે અચાનક એને ખ્યાલ આવ્યો કે પાસે જ પટ્ટરાણી બેઠા છે. એણે મનોગત ભાવો છુપાવી દીધા. પણ પતિના મનોગત ભાવોને જાણવામાં કુશળ પટ્ટરાણી જાણી ગઇ કે મારો પતિ કો'ક સ્ત્રી તરફ આકર્ષાયો છે.

આ બાજુ કામગજેન્દ્ર વણિક કન્યાના વિચારમાં ખોવાઇ ગયો. 'એ નહિ મળશે તો' એવા ભયથી ઉદાસ થઇ ગયો. તેથી રાણી પૂછે છે છતાં જવાબ આપતો નથી. રાણીએ વિચાર્યું કે 'ચોક્કસ ! મારો પતિ પેલી કન્યાના વિચારમાં ખોવાઇ ગયો છે.' આમ પતિ ઉદાસ રહે એમાં શોભા નહીં. પત્ની તરીકે મારું કર્તવ્ય છે કે મારે એમને પ્રસન્ન રાખવા.

આમ વિચારી પટ્ટરાણીએ જ પતિના ઉદ્વેગને દૂર કરવા પગલાં ભરવાનું વિચાર્યું. પોતે જ એ વણિક્કન્યાની માતાને બોલાવી કહ્યું - 'તમારી કન્યાના લગ્ન આર્યપુત્ર સાથે કરાવો.' પ્રિયંગુમતીની વાત સાંભળી વણિક્કન્યાની માતા

ખુશ થઇ.. પોતાની પુત્રીને કામગજેન્દ્ર સાથે પરણાવવા તૈયાર થઇ.

કામગજેન્દ્રના એ કન્યા સાથે ધામધૂમથી લગ્ન થયાં. કામગજેન્દ્રે વિચાર્યું, મારી પત્ની પ્રિયંગુમતી મારાપર સાચા સ્નેહવાળી છે અને શાણી છે. મારી પ્રસન્નતા ખાતર મારા મનના ભાવોને જાણીને મને મનગમતી કન્યા પોતાને માટે શૌક્ય બનતી હોવા છતાં સામે ચાલીને મને પરણાવી ! ખરેખર ! આ મહાન રાણીને પ્રસન્ન રાખવાથી મારું જીવતર સફળ થશે....

આમ વિચારી કામગજેન્દ્રે પ્રિયંગુમતીને કહ્યું-'અહો ! મહાદેવી ! તમે મારા મનના ભાવોને જાણી ગયા અને મને પ્રસન્ન રાખવા મારી ઇચ્છા પૂરી કરી.. કહો ! તમે શું ઇચ્છો છો ? તમે જે માંગશો તે આપવા હું તૈયાર છું.'

ત્યારે મહાદેવીએ કહ્યું – 'બોલો ! ખરેખર તમે આપશો ? તો હું કહું...'

કામગજેન્દ્રે કહ્યું – 'તમે નિશ્ચિંત થઇ માંગો. હું અવશ્ય આપીશ.'

ત્યારે પ્રિયંગુમતીએ કહ્યું – 'જો એમ હોય, તો સાંભળો, તમે આ જગતમાં જે કાંઇ જુઓ.... સાંભળો... કે કાંઇ અનુભવો... તે બધું તમારે મને કહેવાનું. બસ ! મારે આ વરદાન જોઇએ છે.

કામગજેન્દ્રે કહ્યું – 'ભલે, આ પ્રમાણે હો...' પછી તો ઘણા દિવસો પસાર થયાં. એક વખત...

એક ચિત્રકાર કામગજેન્દ્ર પાસે આવ્યો. એ ચિત્રકારે એક ચિત્ર કામગજેન્દ્રને આપ્યું. એ ચિત્રમાં સર્વગુણસંપન્ન... સર્વકલાસંપન્ન.... સર્વરૂપ-લાવણ્યસંપન્ન કન્યાનું ચિત્ર હતું. આ ચિત્ર જોઇને કામગજેન્દ્રે કહ્યું – ખરેખર... કોકે સાચી વાત કહી છે કે 'રાજા, ચિત્રકાર અને કવિ – આ ત્રણ નરકે જાય છે.'

ત્યારે ચિત્રકારે કહ્યું – હે દેવ ! મારી વાત સાંભળો.

રાજા તો સ્વ-તંત્ર હોવાથી ભલે નરકે જાય. એને કોણ અટકાવી શકે ? પણ તમે જે વાત ચિત્રકાર અને કવિ માટે કહી, એ વાત ખોટી છે. કારણ કે કવિ પોતે જોયેલું, સાંભળેલું અને અનુભવેલું જ પોતાની કવિતામાં શક્તિ મુજબ ઉતારે છે... એ જ પ્રમાણે ચિત્રકાર પણ જોયેલું જ ચિત્રમાં ઉતારે છે.

કામગજેન્દ્રે પૂછ્યું – જો તું જોયેલું જ ચિત્રમાં ઉતારતો હોય, તો મને

આ વિરુદ્ધ વાત લાગે છે. કારણ કે તેં ચિત્રમાં દોરેલું રૂપ ક્યાંય સંભવતું નથી. અને છતાં તેં જોયું હોય... તો તે ક્યાં જોયું ? ચિત્રકારે વાત માંડી....

'ઉજ્જૈની નગરી છે. ત્યાં **અવંતી** નામના રાજા છે. તેમની આ રાજકુંવરી છે. મેં એમને જેવી જોઇ છે, એવી જ આ ચિત્રમાં ઉતારી છે.'

આ સાંભળીને કામગજેન્દ્ર ફરી-ફરીવાર એ ચિત્ર જોઇ વિચારવા માંડ્યો.

આ કન્યા નિદ્રા જેવી છે... જેમ નિદ્રા મન અને નયનને વશ કરે છે. એમ આ કન્યા મારા મન અને નયનને વશ કરે છે.

આ કન્યા મને દેવ બનાવે છે, કેમ કે એને જોતાં મારા નયન પલકારા ય લગાવતા નથી. આ કન્યા ભાલા જેવી છે. મારા હૃદયને વિંધી રહી છે.

આ કન્યા સ્વર્ગ જેવી છે. કારણ કે ઘણા પુણ્યથી જ પ્રાપ્ત થાય એવી છે. આ કન્યા સુદ બીજના ચન્દ્રની જેમ વિશુદ્ધ રેખાવાળી છે. મહારાજ્યની વ્યવસ્થાની જેમ એના દરેક અંગ વ્યવસ્થિત છે.

ચોક્કસ.... રતિદેવીને ભાંગીને અને અમૃતની શાહી બનાવીને જાણે કે સાક્ષાત્ બ્રહ્મા નામના ચિત્રકારે જ આને બનાવી હોય એવું લાગે છે.

કામગજેન્દ્ર આ ચિત્ર જોતાં જોતાં જ ધ્યાનમાં લીન થઇ ગયો અને શિલાની જેમ સ્થિર થઇ ગયો.

પછી ચિત્રકારને પૂછ્યું - 'આ કન્યા કુંવારી છે કે વિવાહિત છે ?'

ચિત્રકારે કહ્યું - 'હે દેવ ! આ કુંવારી છે.'

ત્યારે કામગજેન્દ્રે કહ્યું - 'પોતાના ભ્રમર કટાક્ષોથી ભલ-ભલાને મારતી આ ખરેખર કુ-મારી છે...'

પછી આ ચિત્ર પ્રિયંગુમતીને બતાવી કહ્યું - 'જો આ રાજકુમારી પ્રાપ્ત થાય તો કેવું સારું !

મહારાણીએ મંત્રીઓને આ અંગે ઉપાય કરવા કહ્યું. ત્યારે મહામંત્રીએ કહ્યું - 'આપણે એમ કરીએ કે આ ચિત્રકાર પાસે જ આપનું (=કામગજેન્દ્રનું) ચિત્ર તૈયાર કરાવી એને જ એ કન્યા પાસે મોકલીએ... કન્યા જ આપનું રૂપ જોઇને સામેથી વરવા આવશે....'

કામગજેન્દ્રે વાત માન્ય રાખી. ચિત્રકારે કામગજેન્દ્રના ચિત્રનું આલેખન કર્યું અને એ આ ચિત્ર લઇ ઉજ્જૈની નગરી ગયો. રાજકન્યાને આ ચિત્ર બતાવ્યું. રાજકન્યાને પણ કામગજેન્દ્ર પ્રત્યે આકર્ષણ થયું.

રાજકુમારીની સખીએ પિતા રાજાને વાત કરી – આપની રાજકુમારી કે જે પુરુષદ્વેષિણી હોવાથી અત્યાર સુધી કોઇ પણ પુરુષને વરવા તૈયાર ન હતી, એ રાજકુમારીને ચિત્રમાં દોરાયેલા કામગજેન્દ્ર રાજકુમાર પસંદ પડ્યા છે. એની સાથે વરવા તૈયાર છે.

આ સાંભળીને અવંતી રાજા પ્રસન્ન થયા કે 'ચલો ! રાજકુમારી કો'ક રાજકુમારને તો પરણવા તૈયાર થઇ.' રાજાએ 'કામગજેન્દ્ર સાથે રાજકુમારીના વિવાહ થશે.' એવી જાહેરાત કરી અને એનો મહોત્સવ કર્યો. કામગજેન્દ્ર રાજકુમારને સમાચાર મોકલ્યા કે 'અમારી રાજકુમારીને પરણવા પધારો.'

કામગજેન્દ્ર પણ પ્રિયંગુમતી રાણી સાથે લાવલશ્કર લઇ પરણવા નીકળ્યા.

અહીંથી (=ભગવાનના સમવસરણથી) થોડે દૂર જ એની છાવણી સ્થપાઇ અને સૂર્યાસ્ત થયો. જાણે કે ઘણા લોકોએ આંખ ગુમાવી. એક છાવણીમાં કામગજેન્દ્ર રાજકુમાર પોતાના બધા કાર્યો પતાવીને પલંગ ઉપર સૂઈ ગયા...

રાત્રીના બીજા પ્રહરે અચાનક અત્યંત સુકોમલ હાથનો સ્પર્શ થવાથી ઊંઘ ઉડી ગઇ અને વિચારમાં ચડ્યો... 'અહો ! મેં ક્યારેય આવો સ્પર્શ અનુભવ્યો નથી... આ કોઇ સામાન્ય માણસનો સ્પર્શ નથી.' આંખ ઊઘાડીને જુએ છે તો સામે રૂપ-રૂપના અંબારસમી બે કન્યાઓ દેખાય છે. જાણે કે સાક્ષાત્ લક્ષ્મી અને સરસ્વતી... જાણે કે રંભા અને ઉર્વશી...

એ વખતે રાજકુમારે આ બંને કન્યાઓને પૂછ્યું – તમે કોણ છો ? દેવી છો ? વ્યંતરી છો ? કે કિન્નરી છો ? ત્યારે એ બન્ને કન્યાઓએ કહ્યું – 'અમે વિદ્યાધરી છીએ. તમારી પાસે એક પ્રયોજનથી આવ્યા છીએ. તો કૃપા કરો. અમારી આશા ને ભાંગશો નહીં.'

કામગજેન્દ્રે કહ્યું – 'અમારા કુળમાં કોઇએ પણ ક્યારે ય પણ આશા લઇને આવેલા નમ્ર માણસોની આશા ક્યારેય પણ ભાંગી નથી.'

ત્યારે વિદ્યાધરીઓએ કહ્યું – 'જો તમારા કુળમાં શરણે આવેલાની આશાનો ભંગ કરાતો નથી, તો આપ અમને ત્રણ શબ્દો કહો.'

કામગજેન્દ્રે પૂછ્યું – 'કયા ?' વિદ્યાધરીઓએ કહ્યું – 'તમારું કાર્ય કરશું.'

કામગજેન્દ્રે વિચાર્યું – કોણ જાણે ? આ લોકો મારી પાસે શું માંગશે ? અથવા 'જે શરણે આવેલાને અપાતું નથી. અને મિત્રો અને બંધુવર્ગ સાથે ઉપભોગમાં આવતું નથી. એવું અમારા કુળમાં સાતમી પેઢી સુધી થાઓ નહી...'

વળી સત્ત્વથી રાજ્ય પણ પ્રાપ્ત થાય છે. અને **રોહણગિરિના** રત્નો પણ પ્રાપ્ત થાય છે. પરંતુ ક્યાંય પણ અને ક્યારેય પણ નમ્ર સજ્જનની પ્રાપ્તિ થતી નથી.'

વળી 'આ ગુણસમૃદ્ધ મુગ્ધ અને મનોહર વિદ્યાધર કન્યાઓ કૃતપુણ્ય એવા મને છોડીને બીજા કોની પાસે પ્રાર્થના કરશે ? તેથી આ કન્યાઓ ધન-રાજ્ય-વૈભવ-પરિજન-સ્વજન-માથું-કે જીવન જે કાંઇ માંગે, એ મારે આજે આપી દેવાનું છે. આમ વિચારીને કામગજેન્દ્રે કહ્યું – 'હે સુંદરીઓ ! તમે જે કહ્યું, કે ત્રણ શબ્દો કહો, તે વાત મને માન્ય છે. અરે ! પહેલો શબ્દ (=કાર્ય) જ પ્રમાણભૂત છે. બાકીના બે શબ્દો નિરર્થક છે. જો પહેલું જ પ્રમાણભૂત ન હોય, તો બાકી બેથી શું ? લાખ શબ્દો કહો ને ? બધાં જ શબ્દો નકામા છે. તેથી કાર્ય કહો.'

વિદ્યાધર કન્યાઓએ કહ્યું – જો એમ હોય તો સાંભળો.

અહીંથી ઉત્તરદિશા તરફ જતાં **વૈતાઢ્ય** નામનો શ્રેષ્ઠ પર્વત છે. આ પર્વત સર્વરત્નથી નિર્મિત છે. સુવર્ણકાન્તિમય અનેક સુંદર દેરાસરો વગેરેથી શોભિત છે. આ પર્વત ઉપર તમામ પ્રકારની ઔષધિઓ પ્રાપ્ત થાય છે. આ વૈતાઢ્ય પર્વત ઉપર દશ યોજન ઉપર ગયા પછી બે શ્રેણી આવે છે. ઉત્તર શ્રેણી અને દક્ષિણ શ્રેણી. આ બંને શ્રેણીઓના નગરોમાં વિદ્યાધરો રહે છે.

હે રાજકુમાર ! એમાં જે ઉત્તરશ્રેણી છે, ત્યાં સાંઇઠ નગરો છે. એમાં **'આનંદ મંદિર'** નામનું એક સુંદર-સમૃદ્ધ નગર છે. ગગનચુંબી ઇમારતો... દિવ્યરૂપધારી મનુષ્યો... અસંખ્ય કાંતિમય રત્નો... અને ઉદ્યાન... સરોવરો વગેરેથી આ નગર સુશોભિત છે.

ત્યાં ભીમ અને કાન્ત ગુણોથી યુક્ત **પૃથ્વીસુંદર** નામનો રાજા રાજ્ય કરે છે. આ રાજાને અત્યંત રૂપવતી અને શીલવતી **મેખલા** નામની મહારાણી છે અને **બિંદુમતી** નામની રાજકુમારી છે.

આ બિંદુમતી ચતુર છે, મધુર છે, દક્ષા છે, દાક્ષિણ્યવાળી છે, દયાળુ છે, રૂપવંતી છે, સૌભાગ્યશાલિની છે, બધી કળાઓમાં કુશળ છે. બીજી કોઇ સ્ત્રી એની તુલનામાં ન આવી શકે એવી અનન્ય છે. કરોડો વર્ષનું આયુષ્ય હોય અને પોતે પંડિત હોય તો પણ આ કન્યાના ગુણસમુદ્રને પાર પામી શકે નહીં.

હે કુમાર ! આવી સર્વગુણ સંપન્ન રાજકુમારી પુરુષો ઉપર દ્વેષ રાખે છે... પુરુષદ્વેષિણી છે... રૂપ-વૈભવ-વિલાસ-પરાક્રમ અને માહાત્મ્યથી યુક્ત એવા પુરુષોની સામે પણ જોતી નથી.

યૌવનવયમાં આવેલી આ કન્યાને વડીલોએ કહ્યું - 'હે પુત્રી ! તું સ્વયંવર દ્વારા ઉચિત પતિને પ્રાપ્ત કર...' આ સાંભળી ચમકેલી અને લગ્ન કરવાથી બચવા રાજકુમારીએ વૈતાઢ્યના નગરોમાં ભમવાનું શરુ કર્યું. એક વખત આ રાજકન્યાએ અમને કહ્યું - 'હે સખીઓ ! આપણે દક્ષિણ શ્રેણીના નગરોમાં અને ઉપવનોમાં ફરવા જઇએ.' અમે કહ્યું - 'ભલે.'

અમે દક્ષિણ શ્રેણીના નગરોમાં ફરવાનું શરુ કર્યું. એક વખત એક પર્વતની તળેટીમાં રહેલા વનમાં અમે ફરી રહ્યા હતાં. ત્યારે એક કિન્નર યુગલ એક ગીત ગાઇ રહ્યું હતું. તે સાંભળ્યું. તે યુગલ ગાઇ રહ્યું હતું કે 'જે રૂપથી કામદેવ સમાન છે, જે યશથી લોકોમાં હંસ જેવી ઉજ્જ્વલતા પામ્યા છે, એવા કામગજેન્દ્રને પુણ્ય રહિત માણસો બિચારા જોઇ પણ ક્યાંથી શકે ?'

આ સાંભળીને બિંદુમતીએ મને કહ્યું - 'અરે ! અરે ! પવનવેગા !!! જરા આ કિન્નર યુગલને પૂછ તો ખરી કે તમે જેના ગાણા ગાયા, તે કામગજેન્દ્ર

કોણ છે ? ક્યાં રહે છે ?' મેં પણ જેવી 'આપની આજ્ઞા' એમ કહીને કિન્નર યુગલ પાસે જઇ પૂછ્યું – 'તમે જેના ગાણા ગાયા, તે કામગજેન્દ્ર કોણ છે ? અને ક્યાં રહે છે ?'

ત્યારે કિન્નરીએ કહ્યું – 'અરે ઓ વિદ્યાધર બાળા ! તું કાનથી સાંભળે છે અને આંખથી જોઇ શકે છે ખરી... ? જો તું સાંભળી શકતી હોય અને જોઇ શકતી હોય, તો હજુ સુધી તેં કામગજેન્દ્રને સાંભળ્યો કે જોયો કેમ નથી ?'

ત્યારે મેં કહ્યું – આમ વાતો વધારવાથી તમે મારી જાણવાની ઇચ્છાને ભડકાવી રહ્યા છો ! આ પરિહાસથી મને ખબર પડી કે તમે ખૂબ જાણકાર છો. તેથી કહું છું કે બહુ લાંબુ કર્યા વગર કહો કે કામગજેન્દ્ર કોણ છે ? એ ક્યાં રહે છે?

ત્યારે કિન્નરીએ કહ્યું, જો તમારે કામગજેન્દ્ર અંગે જાણવું હોય, તો તમે આમને પૂછો.' એમ કહીને કિન્નર તરફ ઇશારો કર્યો. તેથી મેં કિન્નરને પૂછ્યું કે 'આ કામગજેન્દ્ર કોણ છે ? અને ક્યાં રહે છે ?'

કિન્નરે કહ્યું, ભારતની ભૂમિપર અરુણાભ નામનું નગર છે. ત્યાં રત્નગજેન્દ્ર નામનો રાજા છે. તેનો પુત્ર કામગજેન્દ્ર છે. એનામાં એટલી બધી વિશેષતાઓ છે કે જેથી બધાં કિન્નરો દ્રુપદ-ખંડકાવ્ય-ચિત્રગાથા-રૂપકો વગેરે દ્વારા સતત એના ગીતો ગાય છે.

આ સાંભળીને મેં બિંદુમતીને વાત કરી. મારી વાત સાંભળીને બિંદુમતી સરોવરમાંથી કાઢેલી કમલિનીની જેમ... પાણીમાંથી બહાર કાઢેલી માછલીની જેમ... બેવડ વાળી દીધેલી વનલતાની જેમ... તોડી નાંખેલી મંજરીની જેમ... વિરહિણી થયેલી હંસિની જેમ... ગ્રહોથી ગ્રહણ કરાયેલી ચન્દ્રલેખાની જેમ... મંત્રથી હણાયેલી સાપિણીની જેમ... કરમાઇ ગઇ છે, તરફડી રહી છે, ઉદાસ થઇ ગઇ છે, મ્લાન થઇ ગઇ છે, અને આલેખન-નર્ત્તન-ગાયન-વાંચન-લેખન-વીણાવાદન-વિદ્યાજાપ... બધું બંધ કરી મૂર્તિની જેમ સ્તબ્ધ થઇ ગઇ છે.

જાણે કે મૂર્ચ્છિત થઇ હોય, ગ્રહથી ગ્રસાઇ ગઇ હોય, સૂઈ ગઇ હોય, એમ, હું કહું તો જવાબ પણ આપતી નથી. આંખ ખુલ્લી હોવા છતાં જોતી નથી.

ચાલવાનું કહીએ તો ચાલતી નથી. પણ જ્યારે જવાનું ન હોય ત્યારે જાય છે. જે કરવાનું નથી હોતું તે કરે છે. ન બોલવાનું હોય ત્યારે અને ન બોલવા જેવું હોય તે બોલે છે. વારંવાર સ્તબ્ધ થઇ જાય છે. વારે ઘડી વિચારોમાં ચડી જાય છે. નિરાશાના ગીતો ગાય છે. ધમણની જેમ લાંબા લાંબા શ્વાસ લે છે.

પ્રિય સખીઓની નિંદા કરે છે. નોકર-ચાકરોને ઝાટકી નાંખે છે. વડીલોની આમન્યા જાળવતી નથી. ક્યારેક હસે છે. ક્યારેક રડે છે. ક્યારેક દોડે છે. ક્યારેક ચાલે છે. ક્યારેક ગાય છે. અને ક્યારેક સાંભળે છે. વધારે શું કહેવું ? કામગજેન્દ્રનું નામ સાંભળ્યું છે, ત્યારથી બિંદુમતી પહેલાની જેવી રહી નથી... એ સન્નિપાત ને પાગલપણાના ચિહ્નો બતાવે છે.

ત્યારે મેં વિચાર કર્યો, આના માટે કામગજેન્દ્ર વ્યાધિ રૂપ બન્યો છે. તો ઔષધ પણ કામગજેન્દ્ર જ બનશે, ખરેખર ! જ્યારે સાપ ડશે છે ત્યારે ઝેરનું ઔષધ ઝેર બને છે. આમ વિચારી મેં મારી બીજી સખી **માનસરેખા** ને કહ્યું - 'અરે ! આ બિન્દુમતી માટે તો કામગજેન્દ્ર જ શ્રેષ્ઠ વૈદ્ય છે.'

ત્યારે કામગજેન્દ્રનું નામ કાન પર પડતાં જ બિન્દુમતી રોમાંચિત થઇ ગઇ. પુલકિત થઇ ગઇ અને બોલી - મને આ જે રોગ થયો છે, તે દૂર કરવા માટેનો કોઇ મંત્ર હોય તો કહો... કે જેથી આ કામગજેન્દ્ર નામનો રોગ દૂર થાય. ત્યારે અમે એના મનની વાત સમજી ગયા. મેં કહ્યું - જો અમારી પાસે આ મંત્ર છે. 'ઓમ સરલ-સહૃદય-દાતા-દક્ષ-દયાળુ-દાક્ષિણ્યમૂર્તિ-કામગજેન્દ્ર તમારી વ્યાધિને દૂર કરો હું સ્વાહા...'

પછી હે કુમાર ! આ મંત્રના કીર્તનથી અમારી એ પ્રિય સખીની હાલત કેવી થઇ ? તે સાંભળો - જેમ સૂર્યના કિરણોથી અત્યંત સુકોમળ શરીરવાળી સ્ત્રી કરમાઇ જાય છે, એમ તમારા નામરૂપી સૂર્યના સ્મરણરૂપી કિરણોથી અત્યંત સંતપ્ત થયેલી અમારી પ્રિય સખી જાણે મરવા પડી હોય એમ તરફડવા માંડી...

ત્યારે અમને લાગ્યું કે અમારી પ્રિયસખી 'કામ' નામના સાપથી ડંશાયેલી છે. તેથી વિહ્વલ થયેલી છે. હવે આને માટે તો કામગજેન્દ્ર જ ગારૂડિક બની શકે એમ છે. આમ વિચારીને અમે અમારી પ્રિયસખીને કહ્યું - 'હે

પ્રિયસખી ! તમે અહીં શાન્તિથી બેસો. અમે કામગજેન્દ્ર પાસે જઇએ છીએ અને વિનંતી કરી અહીં લઇ આવીએ છીએ. જેથી તમારી બધી પીડા દૂર થશે.'

ત્યારે પ્રિય સખીએ એકદમ ધીમા અવાજે કહ્યું - 'તમે બન્ને જણા જાવ. કારણ કે વૈદ્યના ઘરે એક જણે જવું યોગ્ય ગણાય નહીં. અને નિજ જીવનરૂપી ફી ચુકવીને પણ તમે એને અહીં લઇ આવો.' આ સાંભળી અમે પણ એના વચનનો સ્વીકાર કર્યો.

પછી અમે બન્ને જણીએ અમારી એ પ્રિયસખીને ચંદનના વૃક્ષોથી યુક્ત વનપ્રદેશમાં બેસાડી અને વિવિધ ફુલો આપી ત્યાંથી નીકળ્યા. પછી અમે આકાશમાર્ગે આવતાં-આવતાં અને વચ્ચે આવતાં પર્વતો, નદીઓ, સરોવરો, ગામ, નગર, બગીચા, ઉપવન, વન વગેરેની સૌન્દર્ય સમૃદ્ધિને નીરખતાં-નીરખતાં અહીં આવ્યા છીએ.

અલબત્ત, અમને ખબર ન હતી કે તમે ક્યાં છો ? અને તમારો મિલાપ ક્યાં થશે ? તેથી એ વિષયમાં જાણકારી મેળવવા અમે ભગવતી પ્રજ્ઞપ્તિ વિદ્યાનો જાપ કર્યો. તેથી સાક્ષાત્ થયેલી એ વિદ્યાદેવીને અમે પૂછ્યું - હે દેવી ! આપના જ્ઞાનથી આપ અમને કહો કે કામગજેન્દ્રના દર્શન અમને ક્યાં થશે ? ત્યારે તે ભગવતીએ કહ્યું - 'કામગજેન્દ્ર હમણાં આ સ્થળે છાવણીમાં રહ્યા છે.' આમ એ દેવીના માર્ગદર્શન હેઠળ અમે અહીં આવ્યા છીએ. તેથી હે કામગજેન્દ્ર કુમાર! અમારી પ્રિયસખીનું જીવન તમારે આધીન છે.

ત્યારે કામગજેન્દ્રે વિચાર કર્યો - 'અહો ! એ બિચારી ભયંકર કામપીડાથી પીડિત થયેલી છે. અને મેં આ બન્નેને વચન આપ્યું છે કે તમારું કામ હું અવશ્ય કરીશ. તેથી મારે આમનું કામ કરવું જોઇએ.' આમ વિચારી કામગજેન્દ્રે કહ્યું - 'બોલો ! અહીં શું ઉપાય છે કે જેથી તમારી પ્રિયસખી જીવતી રહે ?

ત્યારે આ બે જણીએ કહ્યું - 'અહીં તો અમને એક જ ઉપાય દેખાય છે કે તમારા નામથી સંતપ્ત થયેલી એ તમારા દર્શનથી શાંત થાય, કારણ કે જે દર્દ આપે છે, તે જ ઔષધ આપે છે. વળી તમારા અનુરાગરૂપી અગ્નિની જ્વાળાઓથી બળતી એ પ્રિયસખી આટલો સમય પણ જીવતી રહે એ ઘણી

મોટી વાત કહેવાય. માટે તમે જરા પણ વિલંબ કર્યા વિના અમારી સાથે ચાલો.'

ત્યારે કામગજેન્દ્રે કહ્યું – જો મારે અવશ્ય જવાનું હોય તો હું સૌ પ્રથમ પટ્ટરાણીને વાત કરી દઉં... એમની રજા લઇને નીકળીએ..'

ત્યારે આ બે જણીએ કહ્યું – તમે મહારાજા છો. બધી નીતિમાં કુશળ હોવા છતાં 'રહસ્યભરી વાતો સ્ત્રીને કહેવી એ મૂર્ખાઇ છે.' શું આ નીતિ તમે જાણતાં નથી ? શું લોકોમાં કહેવાતી આ વાત તમને ખબર નથી કે ''સુપર્ણ નામના ગરુડ વડે લઇ જવાતા પુંડરિક નામના નાગે આ પ્રમાણે કહ્યું છે કે 'જે સ્ત્રીઓને ગુપ્ત વાત કરે છે. તેનું જીવન ત્યાં સુધી જ હોય છે. અર્થાત્ સ્ત્રીને ગુપ્ત વાત કહેનારો લાંબુ જીવી શકતો નથી.'' વળી, કઇ સ્ત્રી પોતાના પર શોક્ય લાવવાની વાત સાંભળી શકે ? કઇ સ્ત્રી પતિ બીજી સૌંદર્યવતી કન્યા સાથે સંબંધ જોડે એ સહી શકે ? માટે બીજી સ્ત્રીને પરણવાની આ વાત તમે તમારી પત્નીને કહો નહીં.

ત્યારે કામગજેન્દ્રે કહ્યું – તમારી વાત સાચી છે. પણ પટ્ટરાણીને વાત કહેવી મારે જરુરી છે. કારણ કે અમુક કારણસર પ્રસન્ન થયેલા મારી પાસે તેણીએ વરદાન માંગ્યું હતું કે 'તમે જે કાંઇ પણ જુઓ, સાંભળો કે સ્વપ્નું પણ જુઓ' તે મને કહેવાનું. અને મેં પણ તેની એ વાત સ્વીકારી છે. તો અત્યારની વાત તો ઘણી મોટી છે. છેક વિદ્યાધર લોકમાં જવાની વાત છે. તેથી મારે તેને ખાસ કહેવું જોઇએ.

ત્યારે બન્ને જણીએ કહ્યું – ભલે, તમે એમને વાત કરો, પણ આપણે જલ્દીથી જવાનું છે એ ભૂલશો નહીં... ત્યારે કામગજેન્દ્રે પટ્ટરાણીને જગાડ્યાં... બધી વાત કરી... પછી પત્નીની રજા લેતાં કહ્યું – તો હે પ્રિયતમા ! વાત આમ હોવાથી હું ત્યાં જાઉં છું...

ત્યારે પટ્ટરાણીએ કહ્યું – 'આપને જેમ ઉચિત લાગે તેમ કરો... આપને કોણ અટકાવી શકે ? મારે તો માત્ર આ બે દેવીઓને વિનંતી કરવાની છે.' એમ કહી પટ્ટરાણીએ બે હાથ જોડી બન્ને વિદ્યાધરીઓને કહ્યું – 'હે દેવીઓ ! હું તમને એક વિનંતી કરું છું કે 'દીન એવી હું આ મારો પતિ તમને થાપણરૂપે આપું છું.

તો તમે મને જલ્દી પાછો સોંપજો.' એમ કહી બન્નેના પગે પડી. બન્ને વિદ્યાધરીએ પણ આ વિનંતીનો સ્વીકાર કરતાં કહ્યું – 'ભલે એમ થાઓ.' પછી કામગજેન્દ્રને વિમાનમાં ચડાવ્યો અને ક્ષણભરમાં આકાશમાં અલોપ થઇ ગયા....

આ બાજુ પટ્ટરાણી મણિ-રત્ન વિનાના શેષનાગની જેમ... ઊખેડી નાંખેલા ફુલો વિનાની મંજરીની જેમ... ઊડી ગયેલા હંસોવાળી કમલિનીની જેમ... ચન્દ્ર વિનાની રાતની જેમ... સૂર્યપ્રકાશ વિનાના ચક્રવાકીની જેમ... ઉદાસ શોભાહીન અને ફિક્કા પડી ગયા...

તે વખતે જાણે કે સ્વપ્નુ જોયું હોય... ઇન્દ્રજાળ જોઇ હોય કે પછી ચક્ષુભ્રમ થયો હોય... અથવા જાણે કે પરલોક જોયો હોય કે અનુભવ કર્યો હોય... એવો અનુભવ કર્યો...

પછી વિચારવા માંડી, હું કોને કહું ? શું કહું ? શું નહીં કહું ? શું કરું ? શું નહીં કરું ? અથવા ક્યાં જાઉં ? આ શું બની ગયું ? ક્યાં ગયા હશે ? શું કામ ગયા હશે ? પેલી કોણ હશે ? કેવા કેવા લોકો હોય છે ? વિષયોની તૃષ્ણા કેટલી વિષમ હોય છે ? સ્નેહ નામનો રાક્ષસ કેટલો ભયંકર હોય છે ? વિરહ નામનો સાપ કેટલો રૌદ્ર હોય છે ? આવી બધી સ્ત્રીઓ કેટલું કપટ કરી શકે છે ? એ બધી મહાવિષની વેલડીઓ છે. મેં આ સ્વપ્નું જોયું ? કે મને દૃષ્ટિમોહ થયો ? શું થયું ? હવે હું મારા પતિને ક્યારે જોઇશ ?

આવી બધી સંકલ્પ-વિકલ્પ માળાથી મુંઝાયેલી, અકળાયેલી પ્રિયંગુમતી રાણી પથારીમાં આમ-તેમ આળોટી રહ્યા છે. ઊંઘ આવતી નથી. વારે ઘડીએ આકાશમાં નજર જયા કરે છે. એમને એમ રાત લગભગ પૂરી થવા આવી...

ત્યાં જ... એને અચાનક આકાશમાંથી ઉતરતું રત્નોના પ્રકાશથી ઉજ્જવળ અત્યંત મનોહર વિમાન જોયું. આ જોઇને જેમ કમલના વનને જોઇને રાજહંસી આનંદિત થાય... જેમ કાળા ડિબાંગ વાદળા જોઇને મોર થન-ગની ઉઠે... જેમ સમુદ્રનો કિનારો જોઇને નાવિકો નાચી ઉઠે... એમ પ્રિયંગુમતી રાણી ઉલ્લસિત અને આનંદિત થઇ...

એની નજર સામે વિમાન આવીને ઊભું રહ્યું. વિમાનમાંથી પેલી બે વિદ્યાધરીઓ અને કામગજેન્દ્ર ઉતર્યા. બધા પ્રિયંગુમતી પાસે બેઠા. પછી પેલી વિદ્યાધરીઓએ પ્રિયંગુમતીને કહ્યું – 'હે દેવી ! તમે થાપણ તરીકે આપેલો તમારો પતિ અમારા હાથે તમને પાછો સોંપીએ છીએ. તમને આટલો વિરહ કરાવ્યો. તે બદલ અમારા પર ગુસ્સો કરશો નહીં.' આમ કહીને તે બંને દેવીઓ શીઘ્ર આકાશમાં અલોપ થઇ ગઇ.

પ્રિયંગુમતીએ જોયું, કામગજેન્દ્ર પણ ક્ષેમકુશળ છે. ત્યારે પ્રિયંગુમતિએ વિચાર્યું – ખરેખર ! આ મારા પતિદેવ જ છે ? કે આ પણ ઇન્દ્રજાળ છે ? મને બનાવવા માટે કોઇ બીજી વ્યક્તિ કામગજેન્દ્રનું રૂપ લઇને આવી નથી ને ? આમ વિચારતી એણે કામગજેન્દ્રના જે અસાધારણ લક્ષણો હતા, તે જોયા. ત્યારે વિશ્વાસ બેઠો કે આ મારા પતિદેવ જ છે.

પછી મુખ સામે જોઇ વિચાર્યું – 'મારા પતિદેવ દીન અને વિમનસ્ક લાગી રહ્યા છે. શું હશે એનું કારણ ? અથવા તો લાવ હું જ પૂછી લઉં કે તમે શું વિચારમાં છો ? આમ વિચાર કરીને પોતે કામગજેન્દ્રને પ્રણામ કરીને વિનયપૂર્વક પૂછ્યું –

'હે દેવ ! આપ મને કહો, આપ ક્યાં ? કેવી રીતે ગયાં ? કેવી રીતે ત્યાં પહોંચ્યા ? ત્યાં તમે શું જોયું ? શું અનુભવ્યું ? અથવા પેલી વિદ્યાધરી તમને પ્રાપ્ત થઇ કે નહીં ? વિદ્યાધરોના નગરો અનેક આશ્ચર્યથી ભરેલા હોય છે. તો તમે શું શું આશ્ચર્ય જોયું ? આ બધી વાત કૃપા કરીને મને કહો. મને જાણવાની ઘણી ઉત્કંઠા છે.' પટ્ટરાણીની વિનંતીને માન આપીને કામગજેન્દ્રે કહેવાનું શરુ કર્યું.

અમે અહીંથી આકાશમાર્ગે જવા નીકળ્યા ત્યારે વિદ્યાધરીઓએ મને વિમાનમાં બેસાડ્યો... આકાશમાર્ગે પ્રથમવાર ગમન હોવાથી મને પણ નવું-નવું જોવાની ઇચ્છા વધતી જતી હતી. ઝડપથી જતાં વિમાનમાંથી ઉપર મને ગ્રહ-નક્ષત્ર-તારાઓ ઘણા નજીકથી દેખાયા. જાણે કે આકાશરૂપી સાડીમાં આ બધા ભરતકામરૂપે શોભી રહ્યા હતાં.

નીચે નજર કરી તો પર્વતો-વૃક્ષો-તળાવો-નદીઓ-ગામોના મકાનો-

એક અદ્‌ભુત સૌન્દર્ય દર્શાવી રહ્યા હતાં. જાણે કે આકાશ તારાઓ દ્વારા પોતાનું સૌન્દર્ય બતાવી રહ્યું હતું, ત્યારે પૃથ્વી પર્વતાદિ દ્વારા પોતાનું સૌન્દર્ય પ્રગટ કરી રહી હતી. આ બધા સૌન્દર્યનું પાન કરતાં કરતાં આગળ વધી રહ્યા હતાં. પેલી બે વિદ્યાધરીઓ પણ મારી પ્રશંસાના ગીતો ગાતી હતી. ત્યાં તો અમે વૈતાઢ્ય પર્વત પાસે પહોંચ્યા.

બન્ને વિદ્યાધરીઓએ મને વૈતાઢ્યપર્વતનો પરિચય કરાવ્યો – 'આ પર્વત પચ્ચીસ યોજન ઊંચો છે. એની તળેટીમાં ભવ્ય વનો આવેલા છે. આ પર્વત સુવર્ણમય છે. આ પર્વતમાં નીચે બે મોટી ગુફાઓ આવેલી છે. એના દ્વાર-બારણા ચક્રવર્તીઓની હાજરીમાં જ ખુલે છે. આ વૈતાઢ્ય પર્વત ભરતક્ષેત્રને ઉત્તર-દક્ષિણ એમ બે વિભાગમાં વિભાજિત કરે છે.

આ પર્વત પર દશ યોજન ઉપર ગયા પછી ઉત્તર બાજુ અને દક્ષિણ બાજુ મેદાન આવે છે. એ મેદાનમાં **ઋષભદેવ** ભગવાનના પુત્ર સમા **નમિ** અને **વિનમિને ધરણેન્દ્રએ** દક્ષિણ તરફ પચાસ ને ઉત્તર તરફ સાંઠ નગરો વસાવીને આપ્યા. સાથે અડતાલીશ હજાર વિદ્યાઓ આપેલી. ત્યારથી વિદ્યાધર વંશ પ્રસિદ્ધ થયો છે.' આ બધી વાત કરતાં કરતાં અમે વૈતાઢ્ય પર્વતની એક ગુફાના દ્વાર પાસે પહોંચ્યા.

આ ગુફા એક ભવ્ય મહેલ જેવી લાગી રહી હતી. એમાં કમલની પાંખડીઓની પથારીમાં પેલી વિદ્યાધર રાજકુમારી સૂતી હતી. આ રાજકુમારી કમલની પાંખડી જેવી આંખડીવાળી હતી. ચંદન અને કપુરની જેમ ઉજ્વલ શરીરવાળી હતી. અપૂર્વ સૌન્દર્ય અને લાવણ્યથી ભરેલી હતી. આ રાજકુમારીને જોતાં જ એની પ્રિયસખીઓએ આનંદભર્યા સ્વરે કહ્યું – 'હે પ્રિયસખી ! તમે જલ્દી ઉઠો... ઉઠો... તમારા પ્રિયતમ આવ્યા છે... તમે એનો સત્કાર કરો...'

આમ કહી આ બંને સખીઓ ઝડપથી રાજકુમારી પાસે ગઇ. પાંખડી વગેરે દૂર કરી રાજકુમારીને ઉઠાડવાનો પ્રયત્ન કર્યો. પણ જોયું તો શરીર અકડાઇ ગયું હતું. સંદેહ થવાથી એની આંખો જોઇ. આંખોના ડોળા સ્થિર થઇ ગયા હતાં. છાતીએ હાથ મુક્યો-ધબકાર બંધ થઇ ચુક્યા હતાં. અત્યંત આકુળ-

વ્યાકુળ થઇને નાક પાસે હાથ લઇ ગયા. શ્વાસ બંધ થઇ ચુક્યો હતો. દુઃખી-દુઃખી થઇને તમામ મર્મસ્થાનો ને હલાવવાનો પ્રયત્ન કર્યો. પણ ક્યાંય સ્પંદન દેખાયું નહીં. સમગ્ર શરીર ઠંડુગાર થઇ ગયું હતું.

બન્ને વિદ્યાધરીઓ સમજી ગઇ કે આપણી પ્રિયસખી કામગજેન્દ્રની યાદમાં અને વિરહાગ્નિની પીડામાં પોતાનું જીવતર ગુમાવી બેસી છે... ત્યારે આ બન્ને વિદ્યાધરીઓએ આક્રન્દ શરુ કર્યું...

મને પણ કહ્યું – હે કામગજેન્દ્ર ! જુઓ ! જુઓ ! અમારી આ પ્રિયસખી કેવી દશા પામી ? વિરહના મહાકષ્ટમાંથી પસાર થતાં કેવી હાલતવાળી થઇ છે ?

મેં પણ 'શું થયું ? શું ફેરો ફેગટ જશે ? શું દુઃખથી ભરેલી યુવતી મરી ગઇ હશે?' એવા વિચારો સાથે બિન્દુમતીને અડીને જોયું તો તે ઠંડીગાર થઇ હતી. એના પ્રાણ નીકળી ગયા હતા. શરીર અકડાઇને સ્થિર થઇ ગયું હતું. મારાથી પણ બોલાઇ ગયું –

અરે હે બાળા ! હે મુગ્ધા ! મારા વિરહની વેદનાથી દુઃખી થયેલી હે રાજકુમારી! તમારે આમ કરવું જોઇતું ન હતું. આમ બોલતાં બોલતાં હું પોતે મૂર્ચ્છિત થઇ ગયો. જ્યારે હું ભાનમાં આવ્યો, ત્યારે તે બે વિલાપ કરી રહી હતી.

હે પ્રિયસખી ! તું અમને શા માટે જવાબ નથી આપતી ? શું અમે તારા પ્રિયને લાવવામાં મોડું કર્યું એટલે ખોટું લાગ્યું છે ? અથવા હે પ્રિયસખી ! શું અમે તને એકલી મુકીને ગયા એટલે તને ખોટું લાગ્યું ? પણ એમાં અમારો શો વાંક છે ? તમે જ અમને મોકલ્યા હતાં. હે ભાગ્ય ! તમે કેવા માણસ છો કે એકલી રહેલી આ બાળાનું તમે રક્ષણ પણ કર્યું નહીં ? અથવા તો હે કામદેવ ! તું કેવો દુષ્ટ છે કે જેથી આ એકાકી બાળાને તેં આ રીતે પરેશાન કરીને આ રીતે હણી નાંખી ? હે કામદેવ ! તારું અભિમાન છે કે જગતના ભલભલા પુરુષોને મેં હરાવી દીધા છે. પણ તારો આ જશ આ રીતે એકાકી સ્ત્રીને પરેશાન કરીને તે ધૂળભેગો કર્યો છે.

હે પ્રિયસખી ! કિન્નરીઓ અને ગાંધર્વો વડે ગવાયેલા આ કામગજેન્દ્ર છે. તે આપણા આંગણે પધાર્યા છે. તો આ રીતે સૂતા રહેવું તે સારું ન ગણાય...

તમે જ આમને બોલાવી લાવવા અમને મોકલ્યાં હતાં. અને હવે એ પધારી ગયા છે. સ્વાધીન થયા છે. ત્યારે તો એમનો સત્કાર કરવો જોઇએ. ઉચિત ઉપચાર કરવો જોઈએ. માટે તમે ઊઠો...

આમ બોલતી બોલતી વિલાપ કરતી તે બન્ને વિદ્યાધરીઓ મૂર્ચ્છિત થઇ. એ વખતે પાણી અને પવનના સહારાથી બંન્નેને ભાનમાં લાવી મેં તેઓ બન્નેને આશ્વાસન આપ્યું. તે વખતે તેઓએ ફરીથી વિલાપ શરુ કર્યો.

હે ભાગ્ય ! હે દૈવ ! હવે શું થશે ? અમે શું કરશું ? ક્યાં જઇએ ? કોણ અમારું શરણ થશે ? અમે રાજાને શો જવાબ આપીશું ? આમ વારંવાર વિલાપ કરતાં તે બન્ને જણીઓ રાજકુમારીના ઠંડા થઇ ગયેલા શરીર પર માથું મુકીને કલ્પાંત કરવા માંડી અને કહેવા માંડી...

'હે કામગજેન્દ્ર ! આ તે જ રાજકુમારી છે, જે અમે તમને વર્ણવી હતી. આ રાજકન્યા તમારા વિરહના અગ્નિથી બળીને જીવિતહીન થઇ છે. તો હવે તમે અમને કહો, અમારે શું કરવું ? ક્યાં જવું ? આ રાજકન્યાના માતા-પિતાને શો જવાબ આપવો ?

આ સાંભળીને હે દેવી ! હું પણ ઘણો ઉદ્વેગ પામ્યો. મુંઝાયો કે હવે હું શું કરું? અથવા શું ન કરું ? શું ઉત્તર આપું ? અથવા શું કહું ? અત્યંત વિલખો પડેલો હું જાણે કે થાંભલો થઇ ગયો. જાણે કે મૂર્ચ્છિત થઇ ગયો. જાણે કે ભૂતાદિને પરવશ થઇ ગયો.

આ જગતનું બધું જ સ્વરૂપ ઇન્દ્રજાળ જેવું, મોહની રમત જેવું, દેવતાઓની ક્રીડા જેવું, માયાની લીલા જેવું લાગવા માંડ્યું. ત્યારે મેં કહ્યું – હે વિદ્યાધરીઓ ! આવા પ્રકારના પ્રસંગમાં શું કરવું જોઇએ એની અમને ખબર નથી. તેથી તમે જ આ અવસરને અનુરૂપ જે કરવું હોય તે કરો.

ત્યારે બન્ને વિદ્યાધરીઓએ કહ્યું – 'હવે અહીં કશું કરવાનું બાકી રહેતું નથી, સિવાય કે અગ્નિસંસ્કાર.' મેં કહ્યું – ભલે, એમ થાઓ.

ત્યારે આ બન્ને વિદ્યાધર કુમારીઓ ચંદન-લવિંગ વગેરેના સુકા લાકડા લઇને આવી. મોટી ચિતા તૈયાર કરી. ચિતાની વચ્ચે જાણે કે મહાગજેન્દ્રના

હાથીદાંતમાંથી નિર્માણ થયેલી મનોહર સુંદર દેવીની મૂર્તિ ન હોય એવી, એ બિંદુમતીને સ્થાપવામાં આવી. પછી સૂર્યોદય વખતના સૂર્યના લાલ કિરણ સમાન અગ્નિ પ્રગટાવવામાં આવ્યો. આ અગ્નિથી બિંદુમતીનું શરીર બળવા માંડ્યું... આ દૃશ્ય જોઇને પેલી બન્ને વિદ્યાધર બાળિકાઓ 'અરે રે પ્રિયસખી તમારું શું થઇ રહ્યું છે ?' એમ બોલતી બેભાન થઇ. મેં એમને બન્નેને ભાનમાં લાવવાનો પ્રયત્ન કર્યો. ભાનમાં આવેલી તે બન્ને પાછો વિલાપ કરવા માંડી...

હે પ્રિયસખી ! હે મુગ્ધ બાળિકા ! હે સૌમ્યા ! હે સુભાગિની ! તમે આ શું કર્યું ? તમે તો અમારા ઉપર ઘણો પ્રેમ ધરાવો છો. પછી અમને બન્નેને અહીં મૂકીને તમે ક્યાં ગયા ? આ રીતે અમને છોડવા તમારે માટે ઉચિત નથી. હવે અમે ક્યાં જઇશું ? શું જોઇશું ? હે બિન્દુમતી ! કોઇ અમને પૂછશે તો શું જવાબ આપશું ? તેથી હે પ્રિયસખી ! હવે આપના વિરહના દુઃખથી દુઃખિત અમારે પણ જીવીને શું કરવાનું છે ? અમારે માટે તો આપની સાથે આવવું એ જ યોગ્ય ગણાય. આમ બોલતી એ બન્ને જણી અચાનક જ ચિતામાં પ્રવેશી ગઇ.

આ જોઇને એકદમ સંભ્રમ પામેલો હું, 'અરે ! સાહસ નહીં કરો'... સાહસ નહીં કરો... એમ કહેતો કહેતો એમની પાછળ દોડ્યો. પણ ત્યાં સુધીમાં તો તે બન્ને પણ અગ્નિની જ્વાળાઓમાં લપેટાઇ ગઇ હતી. તેઓ ત્રણે ક્ષણવારમાં તો અસ્થિશેષ રહી ગયા. આ જોઇને હું પણ જાણે કે મહામોહરૂપી ગદાથી પ્રહાર પામેલો જાણે કે મહાશોકના ભાલાથી વિંધાયેલો અને જાણે કે મહાપાપના પર્વત નીચે કચડાયેલો આ પ્રમાણે વિચારવા માંડ્યો.

'અહો ! જુઓ ! જુઓ ! મહાભાગ્યના ખેલો. આ ભાગ્યથી મારી સામે જ મારામાં અનુરક્ત થયેલી અને અનુરાગની આગમાં બળીને ખાખ થઇ ગયેલી બિંદુમતી મરી ગઇ. અને મારી સામે જ મને અહીં લાવનારી આ બન્ને વિદ્યાધરીઓ પણ પોતાની પ્રિયસખીના વિરહમાં પીડાઇને આગમાં ખાખ થઇ ગઇ. તો હવે આ પ્રમાણે સ્ત્રીહત્યાના કલંકથી કલુષિત થયેલા મારે પણ જીવીને શું કરવું ? હું પણ હવે આજ ચિતાના આગમાં પ્રવેશ કરું ?'

આમ હું વિચારતો હતો, ત્યાં જ.....

એક વિદ્યાધર યુગલ આકાશ માર્ગે જઇ રહ્યું હતું... તે ત્યાં આવ્યું. એમાંથી વિદ્યાધરીએ પોતાના પતિને કહ્યું – 'જુઓ ! જુઓ ! આવા પતિઓ કેવા નિષ્ઠુર... નિષ્કરુણ... અને નિરાશંસ હોય છે. જેથી પત્ની બળી રહી છે અને પતિ ઊભો ઊભો જોયા કરે છે.'

વિદ્યાધરે કહ્યું – 'હે દેવી ! તમે આમ નહિ કહો. સામાન્યથી પતિ મરે ત્યારે પોતે મરવું તે સ્ત્રીઓનો ધર્મ ગણાય છે. કારણ કે દુનિયામાં પતિ પ્રાણ-ત્રાતા અને દેવ ગણાય છે. તેથી પતિના મરણમાં પોતે મરવું તે સ્ત્રીઓ માટે યોગ્ય છે. પણ એ જ પુરુષોમાં પણ શ્રેષ્ઠ પુરુષ છે, જ્ઞાની છે અને સત્ત્વને પામેલો છે, કે જે સ્ત્રીઓની પાછળ પોતાનો જીવ આપતો નથી, કારણ કે સ્ત્રી પાછળ પુરુષ મરે એ પ્રશંસનીય નથી...' આમ બોલતાં બોલતાં એ વિદ્યાધર યુગલ તો પસાર થઇ ગયું... પણ આ સાંભળીને મેં વિચાર્યું કે

આ વિદ્યાધરે જે કહ્યું, તે બરાબર છે. પુરુષોએ સ્ત્રીને માટે પોતાના પ્રાણ આપવા જોઇએ નહિ. મારે પણ આમની પાછળ મરીને નિંદિત કામ કરવું નથી. તેથી હવે હું આ સામે દેખાતી, સ્વચ્છ પાણીથી ભરપૂર સુંદર કમળોથી શોભાયમાન ઉઠતા નવા નવા તરંગોથી આકર્ષક વાવડીમાં ઉતરીને આ વિદ્યાધરીઓને જલાંજલિ આપું.

આમ વિચાર કરીને હું એ વાવડીમાં ઉતર્યો. એક ક્ષણ માટે મેં ડૂબકી લગાવી. બીજી ક્ષણે મારું માથું બહાર આવ્યું. મેં આંખ ખોલીને જોયું, તો હે દેવી! મેં શું જોયું, તે સાંભળો...

છેક આકાશને અડતા હોય એવા અત્યંત ઊંચા વૃક્ષો જોયા. અત્યંત મોટા પ્રમાણવાળા ધાન્યો જોયા. જાણે સાક્ષાત્ પર્વત હોય એવા બળદો જોયાં. વિશાળકાય ઘોડાઓ જોયાં. પાંચસો ધનુષની ઊંચાઇવાળા પુરુષો જોયાં. મોટાં શરીરવાળા પંખીઓ જોયાં. અનેક પ્રકારની સમૃદ્ધિઓ-ધન-ધાન્ય-ફળ-ફલોથી શોભાયમાન ભૂમિ જોઇ. હું વિચારમાં ચઢ્યો.

'અરે ! અહીં તો બધું જ અપૂર્વ દેખાય છે. અદષ્ટ પૂર્વ દેખાય છે. અહીંના ગામ-નગરો-મકાનો બધાં જ વિરાટ-વિરાટ છે. હું ક્યાં પહોંચી ગયો?

હું ક્યાં છું ? શું આ સ્વર્ગ છે ? મહાવિદેહ છે ? ઉત્તર કુરુક્ષેત્ર છે ? વિદ્યાધર ક્ષેત્ર છે ? કે પછી આ મારો નવો જન્મ છે ? જે હશે તે ખરું... પણ એ હું જ્યાં રહું છું, એ સ્થાન તો નથી જ, કારણ કે અમારે ત્યાં તો મનુષ્યો સાત હાથ ઊંચા છે. જ્યારે અહીં તો બધાં પાંચસો ધનુષ ઊંચા છે. જાણે આકાશ સાથે વાતો કરતાં હોય એવા લાગે છે. આ રાક્ષસો કે દેવો હોય એ પણ સંભવતું નથી, કારણ કે સામાન્યથી દેવો પણ આટલી ઊંચાઇવાળા નથી. વળી અહીં તો ફુલોની સુગંધ આવે છે. ભમરાઓ, પતંગિયાઓ દેખાય છે. તેથી ચોક્કસ આ કોઇ બીજું સ્થાન છે.'

આમ વિચારીને હું એ વાવડીમાંથી ઉતરવા જાઉં છું. ત્યાં તો મેં જોયું કે એ વાવડી પણ વિવિધ રત્નોની ભીંતવાળી છે. મને જે વાવડીનું જળ લાગતું હતું, તે પણ જલકાંત વિમાનની છાયા જેવું છે. આ જોઇને હું વિચારમાં પડ્યો. આ તો બધું અપૂર્વ કૌતુક સમાન છે. હું જેને વાવડી માનતો હતો, એ પણ વિમાન નીકળ્યું. અને આ કોક નવી જમીન - નવી ભૂમિ આવી ગઇ. લાવ, હું કોઇ માણસને પૂછું કે આ કયું સ્થાન છે ? આ સ્થાનનું શું નામ છે ? અમારું સ્થાન ક્યાં ગયું ? અને આ બધું શું થયું ? આમ વિચારતો હું વાવડીના જળમાંથી બનેલા વિમાનમાંથી નીચે ઉતર્યો. આમતેમ ભટકવા માંડ્યો... મેં જોયું....

'અહીંના નગરો સ્વર્ગ જેવા હતાં, નગર જેવી સમૃદ્ધિવાળા ગામો હતાં...

ગામ જેવડા તો મહોલ્લાઓ હતાં,

ઇન્દ્ર જેવા રાજા છે, કુબેર જેવા શેઠો છે,

કામદેવ જેવા યુવાનો છે, રૂપ-લાવણ્ય-જ્ઞાન-કલા-કૌશલથી અપ્સરા જેવી સ્ત્રીઓ છે...

કલ્પવૃક્ષ જેવા વૃક્ષો છે અને મોટા પર્વત જેવા તો મકાનો છે.

આપણે ત્યાં જે જે મૂલ્યવાન, સુંદર અને શ્રેષ્ઠ ગણાય છે. તે બધું જ અહીં ચંડાળના ઘરનો કચરો ગણાય છે.'

આવું બધું જોઇને આશ્ચર્ય પામેલા મેં કોઇને પણ પૂછવાનું વિચાર્યું. તે વખતે મેં બે બાળકોને જોયા. આમ તો એ મને બાળક ન લાગત, કારણ કે

તેઓ બાળક હોવા છતાં પણ ઘણી ઊંચી કાયાવાળા હતા, અત્યંત મનોરમ્ય હતાં. કામદેવ જેવા રૂપાળા હતાં અને રત્નોથી વિભૂષિત શરીરવાળા હતાં. જાણે કે સાક્ષાત્ દેવકુમાર જેવા લાગતા હતા. પણ બીજા મોટા પુરુષો કરતાં ઊંચાઇ કાંક ઓછી લાગવાથી, સ્વભાવમાં રમતિયાળપણું દેખાવાથી અને દાઢી મૂછ હજી આવ્યા ન હોવાથી તેઓ બાળક છે એવું મેં માન્યું. મેં વિચાર્યું કે

'આ બાળકો આંખને ગમે એવા અને સૌમ્યસ્વભાવવાળા છે. માટે એમને હું પૂછું.' આમ વિચારી મેં મોટા અવાજે જાણે કે બૂમ પાડતો હોઉં એમ એ બન્નેને કહ્યું – હે બાળકો ! જો તમને વાંધો ન હોય તો મારે તમને કાંક પૂછવું છે.

મારો અવાજ સાંભળી આ બન્ને બાળકોએ પોતાની ઉજ્જ્વળ આંખ મારા તરફ પ્રસારી... એમને માટે હું માંડ માંડ દષ્ટિગોચર બન્યો. મને જોઇને એ બન્ને ને અત્યંત કુતુહલ થયું. આશ્ચર્ય થયું અને પરસ્પર કહેવા માંડ્યા.

'અરે મિત્ર ! જો... જો... મનુષ્યની જેમ કાંક બોલતો અને મનુષ્ય જેવો આકાર ધારણ કરતો આ કીડો તો જો...

બીજાએ પણ કહ્યું – 'હા... હા... ખરેખર આ કેવું જીવડું છે ? ખરેખર આશ્ચર્ય છે કે આ મનુષ્યનો આકાર પણ ધારણ કરે છે. અને મનુષ્યની જેમ બોલી પણ શકે છે. શું હશે આ ?'

ત્યારે પહેલાએ કહ્યું – 'ઓ... હો... હો... મને ખ્યાલ આવી ગયો... કે આ શું છે ? 'આ કોઇ જંગલનું પ્રાણી અત્યંત દુઃખી થયું છે... દીનઃથયું છે... અને માતાના વિયોગમાં આમથી તેમ રખડી રહ્યું હોય એવું લાગે છે.'

ત્યારે બીજાએ કહ્યું – 'શું ગપ્પા મારે છે ? આ અ઼઼પણા મહાવિદેહમાં સરોવર સુધીના ગામો છે. અને ગામથી ગામ લોકો ફરી રહ્યા છે. ત્યાં કોઇએ પણ આવું જીવડું જોયું નથી. અને તું આમ કહે છે ?'

આ સાંભળતા મને વિચાર આવ્યો – 'ઓ... હો... આ તો મહાવિદેહ છે. ચાલો સરસ થયું. આ પણ જોવાઇ જશે.' હજી આમ વિચારતો હતો, તે વ ્મતે ત્યાં મને જોવા માટે કુતુહલથી ભેગા થયેલા બાળકોમાંથી એક બાળકે

પહેલાને કહ્યું. 'હે મિત્ર ! જો આ વનનું પશુ-પંખીનું બચ્ચું હોય તો આને ગળે હાર-કમરમાં કંદોરો - આવા બધાં આભૂષણો ક્યાંથી આવ્યા ?

ત્યારે પહેલાએ કહ્યું - 'એમ પણ બને ને કે કોક માણસે આને પાળ્યો હોય અને જેમ હાથી વગેરેને શણગારે છે, એમ આને પણ શણગાર્યો હોય.'

ત્યારે ત્રીજાએ કહ્યું - 'મૂકોને પંચાત... આપણે એમ કરીએ, આને લઇ જઇએ અને જેમના ચરણ-કમલને દેવો અને દાનવો પણ વંદન કરે છે અને સંસારના જીવ વગેરે તમામ પદાર્થોના સ્વભાવ-પરિણામ વગેરે બધું જ જેઓ સાક્ષાત્ જુએ-જાણે છે, એવા શ્રી **સીમંધરસ્વામી** ભગવાનના સમવસરણમાં જઇએ. ત્યાં આને જોઇને ઘણાને કૌતુક થશે, તો કોઇ પણ માણસ ભગવાનને આ બાબતમાં પ્રશ્ન પૂછશે જ કે 'હે ભગવાન ! મનુષ્યની આકૃતિવાળું આ કયું પ્રાણી છે ?'

તે વખતે હે દેવી ! મને પણ વિચાર આવ્યો, 'ચાલો સરસ થયું કે સર્વજ્ઞ ભગવાનના સમવસરણના પણ દર્શન થઇ જશે અને હું પણ ભગવાનને પૂછીશ કે 'હે ભગવાન ! મેં અત્યાર સુધી જે અનુભવ્યું તે શું છે ?' એક બાળકે મને હાથમાં લીધો અને બધાં મને જોતાં જોતાં ભગવાન પાસે જવા લાગ્યા. એ બધાની સાથે જેમ નદીના પ્રવાહની સાથે ઘાસ પણ સમુદ્રને પામે છે, એમ હું પણ શ્રી સીમંધરસ્વામી ભગવાનના દર્શન પામ્યો...

જાણે કે પૃથ્વી પર સાક્ષાત્ સોનાનો મેરુ બિરાજમાન ન થયા હોય એવા ભગવાનના મને દર્શન થયાં. ભગવાન સિંહાસન પર બિરાજમાન થઇ ધર્મદેશના આપી રહ્યા હતાં.

એ વખતે દેવો અને દાનવોના ઇન્દ્રો વગેરે તથા હજ્જારો નર-નારીઓ વગેરેથી અને વિશિષ્ટ કોટિની દિવ્ય સમૃદ્ધિથી પરિવરેલા ભગવાનનું વર્ણન કરવું... બધા કાળના બધા જીવો ભેગા થઇને વર્ણવે તો પણ શક્ય નથી...

આ બધા બાળકોએ ભગવાનને વંદન કર્યા અને મને હાથમાં લઇને એક પ્રદેશમાં બેઠા. પરસ્પર વિચાર કર્યો કે 'હમણાં આ કીડાની વાત કરવી યોગ્ય નથી. કારણ કે ગણધર ભગવંત ભગવાનને કંઇક પૂછી રહ્યા છે. તો આપણે

પણ સાંભળીએ.' આ વિચાર કરી તેઓ શાંતિથી સાંભળવા બેઠા...

ગણધર ભગવંતે શ્રી સીમંધર સ્વામી ભગવાનને પૂછ્યું – 'હે ભગવન્ ! આપે કર્મ નામના મહાપિંજરાનું વર્ણન કર્યું કે જેમાં જ્ઞાનાવરણ આદિ પ્રકૃતિઓ સળિયા સમાન છે અને આત્મા એમાં પૂરાયેલો છે. તો ભગવન્ ! આ કર્મના ઉદય-ક્ષય-ક્ષયોપશમ અથવા ઉપશમ કયા નિમિત્તોને પામીને થાય છે તે કહો.'

આ પ્રશ્નના જવાબમાં સેંકડો મુનિઓથી વંદાતા ચરણ-કમલવાળા ધર્મ તીર્થંકર શ્રી સીમંધરસ્વામી ભગવાને કહ્યું – 'હે દેવાનુપ્રિયો ! સાંભળો ! કર્મોના ઉદય-ક્ષય-ક્ષયોપશમ અને ઉપશમભાવો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ અને ભાવને પામીને થતાં હોય છે. ક્યારેક કો'કને કો'ક કર્મનો ઉદય કો'ક દ્રવ્યના સંયોગના કારણે પણ થતો હોય છે. જેમકે શસ્ત્રોના ઘાથી અશાતા વેદનીયનો ઉદય અને દારુ વગેરે નિંદનીય વસ્તુઓથી મોહનીય કર્મનો ઉદય થાય છે.

એવી જ રીતે કો'ક ક્ષેત્રને પામીને કો'ક વ્યક્તિને દિશાઓનો ખ્યાલ રહેતો નથી. આ ક્ષેત્રને પામીને થયેલો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય કહેવાય.

એ જ રીતે ગ્રીષ્મઋતુમાં પિત્તના ઉદયથી જે અશાતાનો અનુભવ થાય છે, એવી જ રીતે અમુક સમય થાય અને જે ભૂખ લાગે છે, આમ ક્ષુધાવેદનીય કર્મનો ઉદય થાય છે, તેવી જ રીતે સુષ્મા વગેરે કાળમાં સુખ વગેરેનો જે અનુભવ થાય છે. આ કાળને પામીને થયેલો કર્મોદય છે.

એવી જ રીતે જેમ પક્ષીઓને એમના ભવના કારણે જ આકાશમાં ઉડ્ડયનરૂપ વિહાયોગતિ નામકર્મનો ઉદય થાય છે. એ જ રીતે નરક ભવને પામીને જ જીવને ભયંકર અશાતા વેદનીય કર્મનો ઉદય થાય છે. આ ભવને પામીને થયેલો કર્મોદય છે.

અનંતાનુબંધી કષાયના ઉદયમાં દર્શનમોહનીયનો=મિથ્યાત્વનો ઉદય થાય છે. જિનના ગુણના વર્ણનનો ભાવ સમ્યગ્દર્શન કર્મના ઉદયનું કારણ બને છે. (અર્થાત્ ભગવાનની ભક્તિના ભાવથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.) આ બધું ભાવથી થયેલા કર્મોદયરૂપ છે. આ રીતે દ્રવ્યાદિથી કર્મના ઉદયનું સ્વરૂપ બતાવ્યું.

હવે કર્મક્ષયના દ્રવ્યાદિ કારણો બતાવું છું.

જેમકે કડવા દ્રવ્યથી કફનો નાશ થાય છે. (તે રૂપે અશાતા વેદનીયનો ક્ષય થાય છે.) એ જ રીતે તલવારના ઘાથી આયુષ્ય કર્મનો ક્ષય થાય છે. આ દ્રવ્યથી કર્મક્ષય બતાવ્યો.

કેટલાક જીવોને ક્ષેત્રાનુબંધી કર્મ એવું હોય છે કે એ (=જીવ) એ ક્ષેત્રમાં પહોંચે અને મોત ભેટી જાય છે. (એટલે કે આયુષ્ય કર્મનો ક્ષય થાય છે. જેને માટે લોકોમાં 'મોત એને અહીં ખેંચી લાવ્યું.' એવો પ્રયોગ પણ થાય છે.)

ચોથા આરા (દુષમા-સુષમારૂપ) કાળનો જ એ સ્વભાવ છે કે જેથી એ કાળમાં જીવો સર્વ કર્મનો ક્ષય કરી શકે. જ્યારે દુષમા વગેરે કાળમાં સર્વ કર્મનો ક્ષય થતો નથી. આ કાળનો પ્રભાવ થયો.

જ્ઞાનાવરણીય આદિ કર્મ મનુષ્ય ભવ પામીને જ ક્ષય પામી શકે છે. બીજા ભવ પામીને નહીં. અહીં ભવ કારણ છે.

એવી રીતે અપૂર્વ કરણાદિ ભાવોની તાકાત છે કે ઘાતી વગેરે કર્મનો ક્ષય થાય છે. અહીં ભાવ એ કારણ થયું.

હવે ક્ષયોપશમની વાત કરું છું.

બ્રાહ્મી વગેરે ઔષધના પ્રભાવે ક્યાંક કો'ક ને મતિજ્ઞાનાવરણ વગેરે કર્મોનો ક્ષયોપશમ થતો દેખાય છે. આ દ્રવ્યથી ક્ષયોપશમ થયો.

અવિરતિમાં કારણભૂત મોહનીય કર્મનો આર્ય ક્ષેત્રમાં જે ક્ષયોપશમ થઇ શકે છે, તે અનાર્ય ક્ષેત્રમાં થઇ શકતો નથી. અહીં ક્ષેત્ર કારણ છે.

દુષમ-સુષમ કાળમાં અને દુઃષમ કાળમાં (અવસર્પિણીના ચોથા અને પાંચમાં આરામાં) ચારિત્રાવરણ કર્મસમુદાયનો ક્ષયોપશમ થઇ શકે છે. બીજા આરામાં નહીં. અહીં કાળ એ કારણ થયું.

દેવભવ અને નરકભવ પામીને અવધિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થાય છે. એમાં ભવ એ કારણ છે.

એવી રીતે મનુષ્યભવમાં રહેલા જીવને ઇન્દ્રિય અથવા મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થાય છે. એવી રીતે જીવ જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કે ભવને પામીને

ઉપશમ શ્રેણીમાં ચઢે છે, એ ઉપશમ શ્રેણીમાં હેતુ ગણાય...

આમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવ અને ભવને પામીને કર્મના ઉદય-ક્ષય-ક્ષયોપશમ અને ઉપશમ થાય છે.'

આ પ્રમાણે ત્રિલોકબંધુ સકલ ગમ્યાગમ્ય જ્ઞાતા શ્રી સીમંધર સ્વામી ભગવાને કર્મપરિણામ વિશેષની પ્રરૂપણા કરી. સમગ્ર પર્ષદાએ સ્વીકાર કર્યો. દેવો મનુષ્યો સાધુ બધાના હૈયામાંથી અહોભાવનો ધ્વનિ પ્રગટ થયો - અહો ભગવાનનું કેવું અગાધ જ્ઞાન !! ભગવાને આપણને કર્મની પ્રકૃતિઓનો કેવો સ્પષ્ટ બોધ આપ્યો ! અને કર્મના ઉદય વગેરે શાનાથી થાય ? એનું કેવું સરસ નિરૂપણ કર્યું.

એ વખતે પેલા કુમારોએ વિચાર કર્યો, હવે આના વિષયમાં ભગવાન પાસે જાણકારી મેળવવાનો ઉચિત સમય આવ્યો છે. આમ વિચાર કરી તેઓએ મને હાથ રૂપી પિંજરામાંથી છોડ્યો અને હું પણ તરત ભગવાનની પાસે પહોંચી ગયો. એ જ વખતે મને અત્યંત કૌતુકથી ભરેલા હજ્જારો દેવ-મનુષ્યોની આંખો જોઇ રહી હતી. ભગવાનના દર્શનથી ઉલ્લસિત થયેલા મેં ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપી. પછી પરમાત્માના દર્શનથી જ ઉદ્ભવેલા ભક્તિભાવથી ભગવાનની સ્તુતિ શરુ કરી.

'હે સર્વજીવના બંધુ ! હે સંસારસાગરમાં જહાજ સમાન ! આપનો જય થાઓ... હે જન્મ-જરાથી મુક્ત ! હે મરણમુક્ત પ્રભો ! આપનો વિજય થાઓ... હે પુરુષોમાં સિંહ ! હે ત્રણ લોકમાં વિસ્તૃત પ્રભાવવાળા પ્રભો ! આપનો જય જયકાર થાઓ ! હે મોહમલ્લને પછાડનારા નાથ ! કર્મસંગ્રામમાં તમામ કર્મશત્રુને જીતનારા હે વિભો ! આપનો જય થાઓ-વિજય થાઓ... હે સિદ્ધપુરગામી ! હે જગતના જીવો માટે સાર્થવાહ ! હે સર્વજ્ઞ ! હે સર્વદર્શી ! હે જિનેશ્વર ભગવાન! સર્વત્ર આપ એક માત્ર મને શરણભૂત થાઓ...

આમ રોમાંચિત થઇને પ્રભુની સ્તુતિ કર્યા પછી ભગવાનથી બહુ દૂર નહીં એવા એક સ્થાને હું બેઠો. આ રીતે મને બેસેલા જોઇને એક રાજાએ હાથ જોડી ભગવાનને પૂછ્યું - 'હે ભગવાન ! શું આ માણસ છે કે માણસ ભિન્ન છે ?

આ અહીં ક્યાંથી આવ્યો ? શા માટે આવ્યો ? અથવા કોણ એને અહીં લાવ્યું ? ક્યાંનો છે ? આ વિષયમાં મને જાણવાની ઘણી ઇચ્છા છે. તો આપ કૃપા કરી પ્રકાશ પાથરો.' આમ નરનાથની વિનંતી થવાથી મુનિઓના સમુદાયથી નમાયેલા ભગવાને જવાબ આપવાનું શરૂ કર્યું... સાંભળો...

'આ જંબૂદ્વીપમાં **ભરત** નામનું ક્ષેત્ર છે. એ ભરતક્ષેત્રમાં દક્ષિણ મધ્ય ખંડમાં **અરુણાભ** નામનું નગર છે. એ નગરનો રત્નગજેન્દ્ર નામનો રાજા છે. એનો પુત્ર આ કામગજેન્દ્ર છે. આ બે દેવો આને 'સ્ત્રીઓમાં આસક્ત છે' એમ જાણીને સ્ત્રીનું રૂપ કરી અપહરણ કરીને વૈતાઢ્યની ગુફામાં લઇ આવ્યા. ત્યાં કૃત્રિમ-વૈક્રિય વનની રચના કરી અને એમાં મરેલી વિદ્યાધર બાળાને બતાવી આ કામગજેન્દ્રને એ બે દેવોએ કહ્યું- 'તમારા વિયોગના દુઃખથી આ મરી ગઇ છે.' એમ કહી એ બે સ્ત્રીઓ પેલી બાળિકાની પાછળ ચિતામાં ચઢી ગઇ.

કામગજેન્દ્રને આ બધું કૃત્રિમ છે એવી ખબર ન હોતી. એને તો આ બધું સાચું માનીને વિચાર્યું કે હું પણ અગ્નિમાં પ્રવેશ કરું. એ વખતે આ જ દેવોએ વિદ્યાધર યુગલનું રૂપ બનાવી પરસ્પર વાતો કરવાના નાટક દ્વારા એને અગ્નિમાં પ્રવેશતો અટકાવ્યો. એ પછી એ સ્નાન કરવાના હેતુથી વાવડીમાં પ્રવેશ્યો ત્યારે આ જ દેવો જલકાન્ત વિમાન દ્વારા એને અહીં લઇ આવ્યા. પછી આ જ દેવો કુમારનું રૂપ કરી 'આ તો જંગલનું પ્રાણી છે' ઇત્યાદિ ખોટી મજાક-મસ્તી કરી અહીં લઇ આવ્યા. અહીં લાવવા પાછળ એમનો આશય એ જ હતો કે આ કામગજેન્દ્ર ભગવાનના દર્શન-વંદન-અને પ્રવચનશ્રવણથી સમ્યક્ત્વ પામે. તેથી મારો કર્મ સમ્બન્ધી જવાબ પૂર્ણ થયે આને અહીં છોડ્યો.'

રાજાએ પૂછ્યું - 'હે ભગવંત ! આ દેવોએ આ રીતે શા માટે અપહરણ કર્યું ? અને આને સમ્યક્ત્વ પમાડવા શા માટે પ્રયત્ન કર્યો ?'

ભગવાને કહ્યું - 'આ પાંચ મહાનુભાવોએ પૂર્વે પરસ્પર સંકલ્પ કર્યો હતો કે જે જ્યાં હોય ત્યાં એને બીજાએ સમ્યક્ત્વ પમાડવું. એ સંકલ્પ પૂર્ણ કરવા આ દેવો એમને અહીં લઇ આવ્યા.'

રાજાએ પૂછ્યું - 'પાંચમાં આ કોણ હતો ? આના પૂર્વભવ શું છે ?

ભગવંત જવાબ આપે છે...

**કૌશલ** નામનું જનપદ હતું. જે ધન-ધાન્યથી સમૃદ્ધ હતું અને ધર્મ ભાવનાથી ભવ્ય હતું. ત્યાંના લોકોના મકાનો ઊંચા હતા. પણ તેઓનું મસ્તક ગુરુચરણે નમેલું હતું. પ્રેમ કરવામાં શૂરા તેઓ ક્રોધ કરવામાં કાયર હતા.

એ નગરમાં **કૌશલ** નામના રાજા હતા. જે દુર્જનો માટે સૂર્ય સમાન હતા અને સજ્જનો માટે ચન્દ્ર સમાન હતા. આ રાજાને **તોસલ** નામનો પુત્ર હતો.

આ તોસલ વિદ્યા-વિજ્ઞાન-ગુણ-રૂપ-પરાક્રમ વગેરે ગુણોથી ભરેલો હતો. પણ સ્વચ્છંદ વિહારી હતો. આખા નગરમાં સતત ભટકતો રહેતો હતો. એક વાર ફરતાં ફરતાં નગર શેઠના ઘરપાસેથી પસાર થતો હતો. ત્યારે એની નજર પણ આમ તેમ ભટકી રહી હતી. એ ભટકતી નજર આ શેઠના મકાનના ગવાક્ષપર ગઇ. ત્યાં વાદળામાં નીકળેલા ચન્દ્ર જેવી અત્યંત સ્વરૂપવાન યુવતીને જોઇ... એ યુવતીની નજર પણ રાજકુમાર પર પડી...

પિતાજી પરદારા ગમન કરનારા પ્રત્યે અત્યંત કઠોર છે. આ વાતને ભૂલી જઇ રાજકુમાર કામાવેશમાં આવી ગયો. તેથી રાજકુમારે આ યુવતીને પ્રેમસૂચક ઇશારો કર્યો. ત્યારે એ યુવતીએ પણ અનુકૂળ સંકેત સૂચવ્યો. ત્યારે આગળ નીકળી ગયેલા રાજકુમારે વિચાર્યું કે 'આ વણિક યુવતી જેમ રૂપવાન છે, એમ બુદ્ધિમાન પણ છે. જો આની સાથે કોઇ પણ હિસાબે સંજોગ થાય તો મારો જન્મારો સફળ થાય.' આમ વિચારતાં વિચારતાં ઘરે પહોંચ્યો. પણ હવે ખાવા-પીવામાં કે સુવામાં એનું ચિત્ત ચોંટતું નથી. સતત પેલી કન્યાના વિચારો આવ્યા કરે છે.

આમને આમ રાત પડી. ત્યારે રાજકુમારે વિચાર્યું કે આ રાતના અંધારામાં માર્ગ જોવો દુષ્કર છે. પણ કષ્ટ વિના સિદ્ધિ નથી. આમ વિચારી પોતાની કમરે છુરી લટકાવી, હાથમાં શ્રેષ્ઠ તલવાર લીધી અને પોતાનો વેષ પણ આકર્ષક બનાવીને નીકળ્યો. નગરશેઠના ઘરે પહોંચ્યો. પોતાની કળાથી કોઇને ખબર ન પડે એ રીતે ઉપર ચઢ્યો અને ફરતો ફરતો એ યુવતી જ્યાં હતી, ત્યાં પહોંચી ગયો.

જોયું તો દિવાના મંદ પ્રકાશમાં ચિંતાતુર વદને એ વિચારી રહી હતી. ત્યારે રાજકુમારને થયું કે આ જ પેલી યુવતી લાગે છે. તેથી છૂપી રીતે પાછળથી જઇને યુવતીની બન્ને આંખ પોતાના હાથથી ઢાંકી દીધી. ત્યારે પેલી યુવતી બોલી- અહીં મારી કોઇ સખી તો છે નહીં. વળી આ સ્પર્શ પુરુષનો લાગે છે અને મને રોમાંચિત કરે છે. તેથી ચોક્કસ જેના મેં આજે દર્શન કર્યા, તે મારો પ્રિયતમ જ લાગે છે. તે વખતે તે રાજકુમારે હાથ છોડ્યો. પેલી યુવતીએ ઊભી થઇ રાજકુમારને આવકાર આપ્યો.

ત્યારે પેલા રાજકુમારે તે યુવતીને પૂછ્યું - 'મારા પ્રાણની સ્વામિની ! તમે શું વિચારી રહ્યાં હતાં... ?

ત્યારે પેલી યુવતીએ કહ્યું - 'હે રાજકુમાર ! હું એમ વિચારી રહી હતી કે આ જીંદગી શ્લાઘ્ય ગણાય છે. તો બીજી બાજુ તમારું આકર્ષણ બમણું છે. શીલથી ધર્મ થાય છે અને ધર્મનું ફળ મનવલ્લભનો મિલાપ છે. શીલ વિનાનું જીવન નકામું છે. તો તમારા વિનાનું જીવન પણ નકામું છે. તેથી મારું હૃદય મુંઝવણમાં પડ્યું હતું કે શું કરવું ?

ત્યારે રાજપુત્રે કહ્યું - 'હે સુંદરી ! જો તમે શીલવતી હો અને શીલ ખંડનથી ડરતાં હો તો હું જાઉં છું.'

ત્યારે એ બોલી - પણ આમ મારું હૃદય ચોરીને તમે જઇ શકો નહીં.

રાજકુમાર પણ સમજી ગયો કે યુવતી મને અનુકૂળ છે. રાજપુત્રે પલંગ પર બેસી પૂછ્યું - 'હે યુવતી ! તમારી ઉંમર તો લગ્નને યોગ્ય લાગે છે. હજી સુધી પરણ્યા કેમ નથી ? અને પરણ્યા છો, તો પતિ ક્યાં છે ? ત્યારે આ યુવતીએ કહ્યું - હે રાજપુત્ર ! મારી વાત સાંભળ...

આ જ નગરમાં **નંદ** નામનો મહાશ્રેષ્ઠી છે. **રતનરેખા** નામની તેની પત્ની છે. હું તેમની પુત્રી છું. મારું નામ **સુવર્ણદેવી** છે. મારા લગ્ન **વિષ્ણુદત્તના** પુત્ર **હરિદત્ત** સાથે થયા છે. પણ એ તો લગ્ન પછી તરત જ પૈસા કમાવવા લંકા તરફ ગયા છે. તેમને ગયાને આજે બાર વરસ થયા છે. તેથી વિષયાતુર બનેલી હું વિજ્ઞાન-ઉપદેશ-વિવેક-ગુરુવચન-કુલાભિમાન-લજ્જા-શીલની મહત્તા બધું

ભૂલી ગવાક્ષમાં ઊભી રહી સારા પુરુષની રાહ જોઇ રહી હતી. ત્યારે આપના દર્શનથી હું પ્રથમ ક્ષણે સંતુષ્ટ થઇ અને બીજી ક્ષણે અસંતુષ્ટ થઇ. પણ અત્યારના આપના સંગથી પરમ સંતોષને પામી છું... પછી બન્ને જણા દુરાચારમાં પ્રવૃત્ત થયા... આમ કરતાં કરતાં આઠ માસ વીતી ગયા.

'પાપ છાપરે ચઢીને પોકારે છે.' એ ઉક્તિને જાણે કે સાર્થક કરતી હોય એમ સુવર્ણદેવી આ પાપના પરિણામે ગર્ભવતી થઇ. ગર્ભ જેમ જેમ વિકાસ પામતો ગયો, તેમ-તેમ લક્ષણો પ્રગટ થવા માંડ્યા. 'સુવર્ણદેવી ગર્ભવતી થઇ છે.' એ વાત પહેલા સખીઓમાં. પછી દાસીઓમાં... પછી ભાઇઓમાં અને છેવટે માતા-પિતામાં ચર્ચાઇ. 'નંદ શ્રેષ્ઠીની દીકરી ગર્ભવતી થઇ છે' એમ સમાચાર મળતાં જ નંદ શ્રેષ્ઠી અત્યંત ક્રોધિત થયાં. એમાં પોતાનો પરાભવ જોયો, કુળનું કલંકને જોયું. આબરૂના ધજાગરા જોયાં. તેથી શેઠ દોડતાં દોડતાં કૌશલ રાજા પાસે ગયાં અને કહ્યું 'હે રાજન્ ! મારી પુત્રીનો પતિ પરદેશ ગયો છે. તેથી મારી દીકરીનું શીલ પળાયેલું રહે તે માટે મેં એની સારી રીતે રક્ષા કરવાની ગોઠવણ કરી છે. છતાં કો'ક આવીને મારી પુત્રી સાથે દુરાચાર કરે છે. હે રાજન્ ! આપ દિવ્યદષ્ટિવાળા ગણાવ. તો તપાસ કરો, કોણ આ પાપ કરે છે...?

રાજાએ શેઠને આશ્વાસન આપ્યું અને મંત્રીને કહ્યું - 'તમે તપાસ કરો કે શેઠપુત્રી સાથે કોણ દુરાચાર કરે છે ?'

મંત્રીએ તપાસ કરી અને રાજાને સમાચાર આપ્યા. 'હે સ્વામિન્ ! તોસલ રાજપુત્ર આ દુરાચાર કરતાં મારા વડે જોવાયો છે.' પોતાના પુત્રની આ કુચેષ્ટાથી કોપાયમાન થયેલા ન્યાયપ્રિય રાજાએ મંત્રીને આજ્ઞા કરી. 'જાઓ ! જલ્દીથી તોસલને મારી નાંખો.' મંત્રીએ કહ્યું - 'જેવી આપની આજ્ઞા.'

મંત્રી રાજપુત્ર તોસલને પકડી શ્મશાન તરફ લઇ ગયા. ત્યાં રાજપુત્રને ઉપદેશ આપતાં કહ્યું - 'જુઓ ! તમે અલ્પકાલીન વિષય-સુખ ભોગવવા ગયાં એમાં રાજપાટ તો ગુમાવ્યું. માન-સન્માન ગુમાવ્યા. સુખ-સગવડો ગુમાવ્યા અને હવે જીવન ગુમાવવાની તૈયારી છે. કારણ કે રાજાએ મને તમને મારી નાંખવાનો આદેશ કર્યો છે. પણ તમે મારા સ્વામી છો. હું તમને શી રીતે

મારી શકું ? તમે હવે પછી આવા દુરાચાર કરશો નહીં. અને એવા ઠેકાણે ભાગી જાઓ કે જ્યાંથી તમારા કોઇ સમાચાર પણ મળે નહીં અને તમારે કોઇને તમારું નામ 'તોસલ' કહેવું નહીં.' એમ કહીને રાજકુમારને ભગાડી દીધો.

રાજકુમાર પણ પોતાનો અપરાધ પકડાઇ જવાથી મોતના ભયથી ધ્રુજી ઉઠ્યો હતો. તેથી જીવ લઇને ભાગ્યો. ભાગતાં ભાગતાં **પાટલીપુત્ર** નામના મહાનગરમાં પહોંચ્યો. ત્યાં રાજા **જયવર્મની** સેવામાં જોડાઇ ગયો. અલબત્ત નામ તોસલ તરીકેનું જાહેર કર્યું નહીં.

આ બાજુ માતા-પિતાનો પ્રેમ ગુમાવી બેઠેલી, ભાઇઓના સ્નેહ વિનાની થયેલી, દાસીઓ દ્વારા તિરસ્કાર પામેલી, સખીઓ દ્વારા અપમાનિત કરાયેલી, અને લોકો દ્વારા સતત નિંદાતી-સુવર્ણદેવીએ વિચાર કર્યો કે મોત કરતાં પણ ભયંકર આ અપમાનની વચ્ચે રહેવું એના કરતાં અહીંથી ભાગી જવું સારું. પણ ક્યાં ભાગું ? જ્યાં રાજકુમાર ગયો હોય ત્યાં. જેથી અમે બન્ને પતિ-પત્ની તરીકે સુખેથી જીવી શકીએ.

પણ પછી ખબર પડી કે તોસલને તો મરાવી નાંખ્યો છે. તેથી પોતાના પાપથી તોસલનું મોત થયું જાણી દુઃખી થયેલી તે સુવર્ણદેવી મોકો જોઇને ત્યાંથી ભાગી. નગર છોડીને જંગલના રસ્તે આગળ વધી. તે વખતે જંગલને રસ્તે પસાર થતાં સાર્થને જોયો. વિચાર્યું કે આ સાર્થની સાથે હું પણ જોડાઇ જાઉં. સાર્થમાં જોડાઇને પૂછ્યું કે 'તમે ક્યાં જાઓ છો ?' સાર્થવાહે કહ્યું કે 'અમે **પાટલીપુત્ર** તરફ જઇએ છીએ.' સુવર્ણદેવી પણ પાટલીપુત્ર જવા સાર્થની સાથે જોડાઇ ગઇ. પણ ગર્ભવતી હોવાથી પાછળ પડી ગઇ. સાર્થ આગળ વધી ગયો. એમાં રસ્તો ભૂલી અને ભયંકર જંગલમાં ફસાઇ ગઇ.

ચારે બાજુ મોતનો ભય દેખાવા માંડ્યો. સસલામાં પણ સિંહના દર્શન થવા માંડ્યા. ઠુંઠામાં પણ લુંટારા દેખાવા માંડ્યા. એકબાજુ થાક. બીજી બાજુ ગર્ભનો ભાર. ત્રીજી બાજુ ભૂખ અને તરસ. તો ચોથી બાજુ મોતનો ભય. ગભરાયેલી, અકળાયેલી, ડરી ગયેલી, સુવર્ણદેવી માતા-પિતા-ભાઇ વગેરેને યાદ કરીને વિલાપ કરતી મૂર્ચ્છિત થઇ ગઇ. બીજી બાજુ સૂર્યાસ્ત થવાથી રાતનો

ઘોર અંધકાર ચારે બાજુ છવાઇ ગયો. તે વખતે મંદ-મંદ પવન આવવાથી ભાનમાં આવી અને વિચારવા માંડી 'ક્યાં જાઉં ? શું કરું ? શું થશે ?'

એ જ વખતે ગર્ભકાળ પૂરો થવાથી પ્રસૂતિની પીડા ઉપડી. જાણે કે દુકાળમાં અધિક માસ. એ જ જંગલમાં ભવિતવ્યતાને આધીન થયેલી સુવર્ણદેવીએ બાળક અને બાળિકા રૂપ યુગલને જન્મ આપ્યો.

તે વખતે સુવર્ણદેવી સંતાનના દર્શનથી આનંદિત થઇ. આવી પરિસ્થિતિમાં સંતાનનું પાલન શી રીતે થશે ? એનાથી ચિંતિત થઇ. પુત્રની પ્રાપ્તિથી એવી આશા પણ બંધાઇ કે 'હવે મને ભવિષ્યમાં વાંધો નહીં આવે. કારણ કે માતા-પિતા-પતિથી રહિતની સ્ત્રી માટે પુત્ર જ શરણભૂત બને છે. સ્ત્રીને તો જ્યાં સુધી પતિ નથી, ત્યાં સુધી પિતાપર પ્રેમ રહે છે અને જ્યાં સુધી પુત્ર નથી થતો, ત્યાં સુધી પતિ ઉપર પ્રેમ રહે છે. એટલે હવે હું મારો તમામ પ્રેમ પુત્રને આપી શકીશ. અને મોટો થયેલો મારો પુત્ર મારે માટે આધાર બનશે.'

આમ વિચારી હવે મરવું નથી એવો નિશ્ચય કર્યો. કારણ કે મરવાથી પોતાની સાથે સંતાન હત્યાનું પણ પાપ લાગી શકે. પછી આગળ વિચાર્યું કે કોઇ ગામમાં જઇ રહીશ અને આ બંનેને મોટા કરીશ તો મારું દુઃખ ભવિષ્યમાં નાશ પામશે. આમ વિચારી પોતાની પાસે તોસલ રાજકુમારની જે વીંટી હતી, તે બાળકના કંઠમાં દોરી બાંધી લટકાવી અને બાલિકાના ગળામાં પોતાના નામની વીંટી લટકાવી. પછી એક કપડામાં વચ્ચે ગાંઠ આપી બે પોટકી જેવું બનાવી એકમાં બાળકને મૂક્યો અને બીજામાં બાલિકાને મૂકી. આમ રાખીને પોતે કપડા સાફ કરવા નદી કિનારે ગઇ. આ બાજુ એક વાઘણ કે જે પણ વીયાયેલી હતી. એ ભૂખની પીડાથી આહાર માટે જંગલમાં ફરવા નીકળી અને આ તાજા જન્મેલા બાળક અને બાળિકાની ગંધથી ત્યાં જ આવી. જે ગાંઠ હતી, ત્યાંથી જ કપડું ઉંચકીને ચાલવા માંડી.

વનના મધ્ય ભાગેથી ઉજ્જૈની અને પાટલીપુત્રનો માર્ગ જતો હતો. એ ઓળંગતી વેળા એ પોટલીમાંથી છોકરી પડી ગઇ. પણ વાઘણને કંઇ ખ્યાલ આવ્યો નહીં. એ તો આગળ વધી ગઇ. થોડી જ વારમાં જયવર્મ રાજાનો દૂત

ત્યાંથી પસાર થયો. એને આ કન્યાને જોઇ ગ્રહણ કરી પોતાની પત્નીને સોંપી. એની પત્ની પણ અત્યંત આનંદિત થઇ અને જાણે કે પોતાની જ પુત્રી હોય એવા પ્રેમ સાથે એને ઉછેરવા માંડી. એનું નામ રાખ્યું **વનદત્તા.** પાટલીપુત્રમાં જ એ પુત્રી મોટી થવા માંડી.

આ બાજુ વાઘણ પોટલી લઇને પોતાના સ્થાન સુધી પહોંચે ત્યાં સુધીમાં તો જયવર્મ રાજાના પુત્ર **શબરસિંહનો** શિકાર બની ગઇ. વાઘણ તરફડીને મરી ગઇ. શબરસિંહ નજીક આવ્યો. પોટકીમાં બાળકને જોઇ ખુશ થયો. રૂપ-રૂપથી ભરેલો આ બાળક શબરસિંહ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયો. શબરસિંહે પોતાની પત્નીને આ બાળક સોંપીને કહ્યું-

વનમાંથી તારા માટે આ પુત્ર પ્રાપ્ત થયો છે. લોકોમાં જાહેરાત થઇ કે શબરસિંહની પત્ની ગુપ્તગર્ભા હતી, એણે બાળકને જન્મ આપ્યો છે. એનું નામ પાડવામાં આવ્યું **વ્યાઘ્રદત્ત.** એ પણ પાટલીપુત્રમાં મોટો થવા માંડ્યો. સરખે-સરખા રાજકુમારો સાથે રમતો આ વ્યાઘ્રદત્ત મોહચેષ્ટાઓથી બીજાઓ માટે હાસ્યનું સ્થાન બન્યો. એનું નામ લોકોએ પાડ્યું **મોહદત્ત...**

આ બાજુ સુવર્ણદેવી ઝરા પાસેથી પાછી આવી. પણ જુએ છે, તો બન્ને બાળકો ગુમ થઇ ગયા છે. ત્યારે અત્યંત દુઃખી થયેલી તે મૂર્ચ્છિત થઇ. ભાનમાં આવીને વિલાપ કરવા માંડી. તે વખતે તેની નજર વાઘણના પગલા ઉપર ગઇ. ત્યારે અનુમાન કર્યું, ચોક્કસ વાઘણ મારા બન્ને સંતાનોને લઇ ગઇ લાગે છે.

તે વખતે ઇષ્ટ વિયોગના આર્ત્તધ્યાનમાં રહેલી સુવર્ણદેવીએ વિચાર કર્યો કે મારા બન્ને દિકરાની જે ગતિ થઇ હોય, તે મારી પણ થાઓ. આમ વાઘણના પગલાની પાછળ જતાં જતાં એક નાનકડું ગામ આવ્યું. ત્યાં ભરવાડણે આ સુવર્ણદેવીને જોઇ પોતાના ઘરે બોલાવી બધી વાત સાંભળી આશ્વાસન આપ્યું. દીકરી તરીકે થોડા દિવસ રાખી. પછી આ સુવર્ણદેવી પણ ફરતાં ફરતાં પાટલીપુત્ર પહોંચી ગઇ. યોગાનુયોગથી પેલા દૂતના ઘરે તે પહોંચી ગઇ કે જ્યાં એની દીકરી દૂતની દીકરી તરીકે મોટી થઇ રહી છે. દૂતે પણ સુવર્ણદેવીને નોકરી પર રાખી

લીધી અને આ વનદત્તાની નવડાવવા-ધોવડાવવા વગેરેની બધી જવાબદારી સોંપી દીધી. વનદત્તા સમય જતાં યુવાન થઇ. મોહદત્ત પણ યુવાન થયો.

એક વખત વસંતઋતુના મદનતેરસીએ મોટો મહોત્સવ હતો. તે વખતે લોકો **સંકલ્પવિધાયક** કામદેવના ઉદ્યાનમાં જવા માંડ્યા. આ ઉદ્યાન નગરની બહાર આવેલું હતું. એમાં કામદેવનું મંદિર હતું. એ વખતે બધાને આ રીતે જતાં જોઇ વનદત્તા પણ ધાવમાતાની અને એની સખીઓની સાથે તે ઉદ્યાનમાં ગઇ. ઉદ્યાનમાં આમ-તેમ ભટકવા માંડી. તે વખતે આ જ પ્રસંગે ત્યાં આવેલા મોહદત્તે એને જોઇ. જોતાં જ - પ્રથમ દષ્ટિએ એના ઉપર અનુરાગ થયો. વનદત્તાએ પણ મોહદત્તને જોતાં જ એને પણ એના પ્રત્યે અનુરાગ થયો.

તે વખતે સુવર્ણદેવી બન્નેના મનની પરિસ્થિતિ સમજી ગઇ. પોતાનો ભૂતકાળ યાદ આવ્યો. પોતાની જેમ આ બન્ને જીવો દુઃખી ન થાય એ માટે બન્નેને અનુકૂળતા કરી આપવાનો વિચાર કર્યો. તેથી વનદત્તાને કહ્યું - 'હે પુત્રી! આપણને અહીં આવ્યાને ઘણો સમય થયો. ઘરે માતા-પિતા રાહ જોતા હશે. તેથી ચાલો, ઘરે પાછા ફરીએ. જો તારે અહીં ફરીથી આવવાની ઇચ્છા હોય, તો આ મહોત્સવ પત્યા પછી આ ઉદ્યાન નિર્જન થઇ જાય ત્યારે પાછા આવીશું.' એમ કહી સુવર્ણદેવી વનદત્તાને હાથ પકડીને બહાર લઇ ગઇ.

સુવર્ણદેવીના વચન સાંભળી મોહદત્ત પણ સંકેત સમજી આનંદિત થઇ પાછો ફર્યો. મદન મહોત્સવ પૂરો થયો. પછી સુવર્ણદેવાને લઇને વનદત્તા ઉદ્યાન તરફ જવા માંડી.

આ બાજુ કોઇ રાજકાર્ય માટે બહાર ગયેલા તોસલે પાછા ફરતાં વનદત્તાને જોઇ. ઘણાં વરસો વીતી ગયાં હોવાથી સુવર્ણદેવી તોસલને અને તોસલ સુવર્ણદેવીને ઓળખી શક્યાં નહીં. તોસલને વનદત્તા પર અનુરાગ થયો. તેથી બંનેની પાછળ એ ચાલવા માંડ્યો. વનદત્તાએ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. એની પાછળ તોસલે પણ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. ત્યારે 'આ અવસર છે.' એમ માનીને તોસલે તલવાર કાઢી અને વનદત્તાને કહ્યું 'કાં તો તું મારા ઉપર અનુરાગ કર. નહીં તો આ તલવાર તને કાપી નાંખશે.'

આ પરિસ્થિતિ જોઇ ગભરાયેલી સુવર્ણદેવીએ હાહારવ મચાવ્યો. તે વખતે ત્યાં પહેલેથી આવેલા મોહદત્તે હાહારવ સાંભળ્યો. તરત જ તલવાર લઇને ધસ્યો. પરસ્પર પડકાર ફેંકાયાં. તોસલ અને મોહદત્ત વચ્ચે ઘમાસાણ યુદ્ધ થયું. જુવાન હોવાથી, ચઢતું લોહી હોવાથી અને હજુ અણવપરાયેલું પુણ્ય જમા હોવાથી મોહદત્ત વિજય પામ્યો. ઘડપણ તરફ વધતો હોવાથી દુરાચારના ઘણા પાપોથી પુણ્યને ખતમ કર્યું હોવાથી અને ભયંકર દુરાચારના વિચારનું તીવ્ર પાપ ઉગ્ર ફળ દેવા તૈયાર હોવાથી તોસલ હાર્યો. એ મોહદત્તના તલવારના ઘા એ કપાઇને નરકગામી થયો...

**'पशु-पंछी जीवन बिताकर जाते हैं, ज्यादातर मानव जीवन गँवा कर जाते हैं, कुछ ही मनुष्य जीवन सुधार कर जाते हैं।'**

મોહદત્તના પરાક્રમથી વનદત્તા વધારે આકર્ષિત થઇ. જીવિતદાયક તરીકે પ્રિયતમ બન્યો. પછી બન્ને સંસાર સુખ ભોગવવા એકાન્તમાં જાય છે. ત્યાં જ મોહદત્તના કાને શબ્દો પડ્યા - 'અરે મૂઢ ! પિતાને મારીને માતાની સામે બહેનની સાથે ક્રીડા કરતાં શરમાતો નથી ?'

આ અવાજ સાંભળી મોહદત્ત મુઝવણમાં પડ્યો. 'કોણ બોલે છે ?' કોઇ દેખાયું નહીં. ફરીથી પોતાનો આ ભ્રમ માનીને આગળ વધવા જાય છે. ત્યાં ફરીથી અવાજ આવ્યો. 'અરે-અરે... માતાની સમક્ષ પિતાને મારીને હે મહામૂઢ ! બેનની સાથે સંબંધ બાંધવા ન જા. ન જા.'

આ સાંભળીને મોહદત્તે વિચાર્યું. 'આ કોણ અસંબદ્ધ પ્રલાપી છે ? મારા પિતા ક્યાં ? મારી માતાજી ક્યાં ? મેં શું ખોટું કર્યું ? માટે આ વાક્યો મને નહીં બીજા કોઇને કહેવાઇ રહ્યા છે.' આમ વિચારી ફરી પાપ કરવા આગળ વધે છે. ત્યાં જ ફરીથી મધુર સ્વર સંભળાયો. 'અરે નિર્લજ્જ ! તેં એક તો અકાર્ય કર્યું કે માતાની સમક્ષ પિતાજીને મારી નાંખ્યા. હવે બેનની સાથે સંબંધ બાંધવાનું બીજું અકાર્ય શું કામ કરે છે ?'

આ સાંભળીને મોહદત્ત વિચાર્યું - 'ત્રણ-ત્રણ વખત આ રીતે મને ઉદ્દેશીને કોઇક કહે છે, તો હવે મારે તપાસ કરવી પડશે. કોણ બોલે છે ? શું કામ

બોલે છે ? અને શા માટે મને અટકાવે છે ?' આમ વિચારી આશંકા, ક્રોધ અને કુતૂહલ સાથે મોહદત્ત ઉઘાડી તલવાર લઈને જે બાજુથી શબ્દ આવતાં હતાં તે તરફ ગયો.

જોયું તો નજીકમાં જ અશોકવૃક્ષની નીચે કાઉસગ્ગ મુદ્રામાં એક સાધુ ભગવંત ઊભા હતાં. આ સાધુ ભગવંત જાણે કે સાક્ષાત્ ધર્મરૂપ લાગતાં હતાં, તપના તેજથી તેજસ્વી દેખાતાં હતાં. દર્શનમાત્રથી પાપનાશક સાધુ ભગવંતના દર્શન કરીને મોહદત્તે વિચાર્યું – 'અરે ! આ સાધુ ભગવંત મને કહી રહ્યા લાગે છે. કારણ કે અહીં બીજો કોઇ પુરુષ તો દેખાતો જ નથી. વળી આ ગુરુ ભગવંત જાણે કે વીતરાગ હોય એમ દેખાઇ રહ્યા છે. એમને ખોટું બોલવાનું કોઇ કારણ નથી. આવા ગુરુ ભગવંતો વિશિષ્ટજ્ઞાની હોય છે અને સત્યવચની હોય છે. તો લાવ એમને જ પૂછી જોઉં કે 'આપે જે કહ્યું તેમાં પરમાર્થ શું છે ?'

આમ વિચારી મોહદત્ત સાધુભગવંત પાસે ગયો. બહુમાનપૂર્વક નમસ્કાર કરી એમનાં ચરણ-કમલ પાસે બેઠો. તે જ વખતે મોહદત્તની પાછળ-પાછળ સુવર્ણદેવી અને વનદત્તા પણ ત્યાં આવ્યાં. તેઓ પણ બેઠાં.

તે વખતે મોહદત્તે ગુરુભગવંતને પૂછ્યું – 'હે ભગવંત ! આપે જે કહ્યું કે પિતાને મારી ને માતાની સામે બેનની સાથે ભોગ ભોગવ નહીં. તો આપ આ કથનનું અમને તાત્પર્ય બતાવો. કોણ પિતા ? કોણ માતા ? કોણ બહેન ?'

ત્યારે સાધુ ભગવંતે કહ્યું – સાંભળ ! પછી સાધુ ભગવંતે કોશલા નામની નગરી વગેરે બધી વાત કરી બતાવ્યું કે તું અને તારી બહેન તોસલ અને સુવર્ણદેવીના સંતાન છો. તેં જેને માર્યો, એ જ તારા પિતાજી તોસલ હતાં. આ જે પ્રૌઢ સ્ત્રી બેઠાં છે, તે તમારી માતા સુવર્ણદેવી છે. અને તને જેનાં પર પ્રેમ થયો છે, એ આ જુવાન સ્ત્રી તારી સગી બહેન વનદત્તા છે. જો, તેં જે મુદ્રિકા ધારણ કરી છે, તેના પર તોસલનું નામ અંકિત થયેલું છે. ખરેખર ! મોહદશાને ધિક્કાર છે કે જે જીવને પવિત્ર-સંબંધોને ભૂલાવીને દુરાચાર તરફ પ્રેરે છે.'

આ આખી વાત સાંભળી સુવર્ણદેવીએ કહ્યું – 'હે ભગવંત ! આપે જે કહ્યું, તે સાચું છે. હું જેમને મરેલા માનતી હતી, તે આ બન્ને મારા સંતાન છે. આ

જાણીને એક બાજુ આનંદ થયો. તો બીજી બાજુ જે દુરાચાર મેં કર્યો, એ દુરાચાર તરફ મારા પુત્ર અને પુત્રીને જોડવામાં હું પ્રેરક બની અને પુત્ર પાસે જ એના પિતાને મેં મરાવ્યો. આ બધી વાતનું અત્યંત દુઃખ થાય છે.'

વનદત્તા પણ ક્ષોભ અને લજ્જાથી નીચું મોં કરીને ઊભી રહી. મોહદત્તનો સંસારમોહ દૂર થયો. કામ અને ભોગ પ્રત્યે પ્રબલ વૈરાગ્યભાવ પ્રગટ થયો. અન્ય પશુ વગેરે ભવના આ તુચ્છ કૃત્યો પાછળ આ ભવ અત્યાર સુધી બગાડ્યો તેનો પશ્ચાત્તાપ થયો અને માનવભવનાં ભોગો એટલે ગટરમાં મજા માણવાની ચેષ્ટા ! એમ માની વૈરાગી થયો.

પછી **ધર્મનંદન** નામના આચાર્ય ભગવંત પાસે દીક્ષા લીધી. એ વખતે **ચંડસોમ, માનભટ્ટ, માયાદિત્ય** અને **લોભદેવ,** આ ચારેએ પણ **ધર્મનંદન સૂરિ** પાસે દીક્ષા લીધી. આ પાંચે ય સાધુઓ પરસ્પર પ્રીતિવાળા થયા અને બધી આરાધના... સાધનાઓ સાથે કરવા માંડ્યા.

એક વખત તે બધાને વિચાર આવ્યો કે 'ખરેખર ભગવાને બતાવેલો આ માર્ગ અત્યંત દુર્લભ છે. અનંતકાળે પ્રાપ્ત થાય છે. તો બીજી બાજુ જીવના સંસ્કારો ખોટા છે. મળેલા માર્ગને વિષય-કષાય અને પ્રમાદમાં ગુમાવી બેસે છે. પછી અનંતકાળે પણ પત્તો ખાતો નથી. હવે પછી આપણા માટે આવું થવું જોઇએ નહીં. આપણને ભવોભવ પરમાત્માનું શાસન મળવું જોઇએ. અને મળેલા એ શાસનને આપણે આરાધવું જોઇએ. એ માટે આપણે અત્યારથી શું ઉપાય કરવો જોઇએ ?

આમ વિચારતાં તેઓ સૌથી મોટા સાધુ ચંડસોમના પગે પડ્યાં અને વિનંતી કરી - જો આપ આવતાં ભવમાં લઘુકર્મી બનીને વિશિષ્ટ અતિશયવાળા બનો, તો અમે જ્યાં હોઇએ ત્યાં અમને સમ્યક્ત્વ આપવા પધારજો. જો તમને અમારા પર સ્નેહ અને સાધર્મિકતરીકેની લાગણી હોય, તો તમે અમારી આ વાત ઇચ્છાકારથી સ્વીકારો.'

આમ કહીને તે સાધુઓ ફરીથી ચંડસોમ મુનિના પગે પડ્યા. ત્યારે ચંડસોમ મુનિએ કહ્યું - 'જો મારી પાસે અતિશય થશે અને તમે લોકો મનુષ્ય

લોકમાં સંજ્ઞી પંચેન્દ્રિય તરીકે હશો, તો હું આ વાતનો સ્વીકાર કરું છું. નહીં તો નહીં.'

એ પછી ચંડસોમ સહિત ચારેય મુનિઓ માનભટ્ટ મુનિના પગે પડ્યા અને આ વિનંતી માનભટ્ટને કરી. માનભટ્ટે પણ આ જ પ્રમાણે જવાબ આપ્યો.

એ જ રીતે માયાદિત્ય, લોભદેવ અને મોહદત્તને પણ વિનંતી કરી. બધાએ પરસ્પર આ રીતે વચન આપ્યા. પછી એ પાંચે મહાપુરુષો સાધુક્રિયા, જ્ઞાન, ધ્યાન વગેરેમાં મસ્ત બન્યાં.

આ પાંચમાં ચંડસોમને સ્વભાવને કારણે ક્યારેક ક્યારેક ક્રોધ આવી જતો હતો અને માયાદિત્યને સ્વભાવને કારણે ક્યારેક ક્યારેક માયા આવી જતી હતી. બાકી બધાએ ઉત્કૃષ્ટ કોટીનું ચારિત્ર પાળ્યું. આ પાંચે ય મહાપુરુષો આરાધના કરી પ્રથમ દેવલોકમાં દેવ બન્યા.

ત્યાંથી ચ્યવી ચંડસોમ સિંહ થયા. (સાગરદત્ત મહામુનિથી પ્રતિબોધ પામ્યા) માનભટ્ટ કુવલયચંદ્ર થયા. માયાદિત્ય કુવલયમાળા થયા. લોભદેવ સાગરદત્ત થયા. મોહદત્ત પૃથ્વીસાર થયા. ત્યાં પણ અંતે આરાધના કરી દેવ થયાં.

પછી ત્યાંથી ચ્યવીને ચંડસોમ **સ્વયંભૂદેવ** થયા છે. માનભટ્ટ **મણિરથ કુમાર** થયા છે. માયાદિત્ય **મહારથ કુમાર** થયા છે. લોભદેવ **વજગુપ્ત** થયા છે. મોહદત્તનો જીવ આ **કામગજેન્દ્ર** થયો છે.

આ પ્રમાણે કામગજેન્દ્રના પૂર્વભવો બતાવીને ભગવાન્ શ્રી સીમંધર સ્વામીજીએ કામગજેન્દ્રને કહ્યું...

'હે કામગજેન્દ્ર ! તું પ્રતિબોધ પામ. કર્મોની વિષમ ગતિને ઓળખ. આરાધના વિના મોક્ષ સુલભ નથી. અને આરાધના નહિ કરનારા માટે ભયંકર કોટીનો સંસાર સમુદ્ર છે, જેનો કોઇ અંત નથી. વળી આ ઇન્દ્રિયો અત્યંત ચંચળ ઘોડા જેવી છે, જે જીવને ઉન્માર્ગમાં તાણી જાય છે. માટે એનાપર નિયંત્રણ કર. જીવ અનેક ક્લેશોથી કલંકિત છે, કારણ કે દુર્જય એવા કષાયોથી ઘેરાયેલો છે. જીવ બિચારો ભોગોની લાલસાઓથી કષાયો કરે છે. પણ એને ખબર નથી કે

ભોગો અંતે વિરસ છે, વિકૃત થનારા છે. આ બધાનું જ્ઞાન આપી જીવને સાચો માર્ગ બતાવતાં જિનવચનો હજારો ભવે પણ ન મળે એટલા દુર્લભ છે. માટે હે કામગજેન્દ્ર ! તું સમ્યક્ત્વ સ્વીકાર કરી યથાશક્તિ વિરતિધર્મ ગ્રહણ કર.'

પરમાત્મા શ્રી સીમંધરસ્વામીનો આ ઉપદેશ સાંભળીને મેં (કામગજેન્દ્રે) ભગવાનને કહ્યું - 'હે કરુણાનિધાન ! આપ જે કહો છો, તે બરાબર જ છે... હું તેનો સ્વીકાર કરું છું...'

એ વખતે શ્રી સીમંધરસ્વામીના સમવસરણમાં દેશના સાંભળવા આવેલા રાજાએ ભગવાનને પૂછ્યું - 'હે ભગવંત ! જો અમે પણ મનુષ્ય છીએ અને આ પણ મનુષ્ય હોય, તો અમે તો પાંચસો ધનુષની ઊંચાઇવાળા છીએ... અને આ તો માંડ સાત હાથ ઊંચો લાગે છે. આટલો બધો ફરક કેમ ?

સીમંધરસ્વામી ભગવાને કહ્યું - 'હે દેવાનુપ્રિયો ! સાંભળો - આ મહાવિદેહ છે. અને આ (=કામગજેન્દ્ર) જ્યાં ઉત્પન્ન થયો છે, એ ભરત ક્ષેત્ર છે. અહીં દુષમ-સુષમ જેવો શુભ કાળ હંમેશામાટે છે. પણ ત્યાં પાંચમો આરો નજીક છે. અહીં જે કાળ છે, તે શાશ્વત કાળ છે. ત્યાં અશાશ્વત કાળ છે.

અહીં પ્રાયઃ લોકો ધર્મ કરવામાં તત્પર છે. ત્યાં મોટે ભાગના લોકો પાપ કરવામાં તત્પર છે. અહીંના લોકોના આયુષ્ય મોટાં છે. ત્યાંના લોકો અલ્પ આયુષ્યવાળા છે.

અહીંના લોકો બહુ પુણ્યશાળી છે. ત્યાંના લોકો અલ્પ પુણ્યશાળી છે. અહીંના લોકો સત્ત્વશાળી છે. ત્યાંના લોકો અલ્પ સત્ત્વશાળી છે. અહીં દુર્જનો ઓછા છે, સજ્જનો ઘણા છે. ત્યાં દુર્જનો ઘણાં છે અને સજ્જનો ઓછા છે.

અહીંના લોકો ઋજુ અને પ્રાજ્ઞ છે. ત્યાંના લોકો જડ અને વક્ર છે. અહીં મોક્ષમાર્ગ શાશ્વત છે. ત્યાં મોક્ષમાર્ગ અશાશ્વત છે. અહીંના ધાન્ય રસકસવાળા છે. ત્યાંના ધાન્ય ઓછા રસકસવાળા છે.

અહીં હંમેશા એક સરખો બહુ શુભ પરિણામ છે. ત્યાં હીયમાન શુભ પરિણામ છે.

માટે અહીંના અને ત્યાંના મનુષ્યોની ઊંચાઇમાં પણ ફરક પડે છે.

શ્રી સીમંધરસ્વામી ભગવાને રાજાને આ જે વાત કરી એ વાત હે દેવી ! (=કામગજેન્દ્ર પટ્ટરાણી પ્રિયંગુમતીને કહે છે.) મેં પણ સાંભળી. મેં વિચાર કર્યો - ઓ... હો... હો... આ મહાવિદેહ ક્ષેત્ર શાશ્વત શુભ પરિણામવાળું છે અને અમારું ભરત ક્ષેત્ર ઘણા ગુણોથી રહિત છે. શ્રી સીમંધરસ્વામી ભગવાન સર્વજ્ઞ છે. સર્વદર્શી છે. જગતના બધા જ જીવોના બંધુ છે. તમામ દેવેન્દ્રોથી પૂજાયેલા છે. સર્વ મુનિ ગણના નાયક છે. સર્વભાષામાં સર્વજીવોના પ્રતિબોધક છે. સમગ્ર લોકમાં મુગટ સમાન છે. બધામાં શ્રેષ્ઠ છે. ઉત્કૃષ્ટ રૂપના ધારક છે. અનુત્તર સત્ત્વથી યુક્ત છે. અમૃતથી પણ મીઠી વાણીથી મનોહર છે. બધાંને માટે પ્રિયદર્શન છે. વીર ધીર સુંદર છે. ખરેખર ત્રિભુવનમાં સર્વ અતિશયોથી સર્વ શ્રેષ્ઠ છે. તેથી જ ત્યારે ગદ્ગદ્ કંઠથી મેં પ્રભુની સ્તવના કરી -

હે સર્વજ્ઞ ! આપ જય પામો. હે મહાયશ ! આપ જય પામો. હે એકમાત્ર જ્ઞાનદિવાકર ! આપ જય પામો. હે જગતના નાથ ! આપ જય પામો. હે મોક્ષમાર્ગના નાયક ! આપ જય પામો. હે ભવજલધિજહાજ ! આપ જય પામો.

આમ રોમાંચિત દેહે સ્તવના કરતા કરતાં હું પ્રભુના ચરણમાં ઝુક્યો. ત્યારે ભક્તિભર હૃદયથી આંખ બંધ કરી આમ વિચારવા માંડ્યો કે -

ભગવાનના દર્શનમાત્રથી પણ જેઓ બોધ નથી પામતા, તે પુરુષો આ જગતમાં કિંપુરુષો છે=તુચ્છ પુરુષો છે કે જેથી સારા તો વનના મૃગલાઓ છે.

આમ વિચારતા મેં પ્રભુના મુખના ફરી દર્શન કરવા મારું મસ્તક જ્યાં ઊંચુ કરી જોયું... તો નથી મહાવિદેહ ક્ષેત્ર, નથી તે નગર, નથી તે સમવસરણ, નથી નેત્રાનંદદાતા જગતગુરુ સીમંધર સ્વામી ! હું અહીં છું... એ જ મારી છાવણી, એ જ આ બધા મારા સ્વજન-પરિજનો ને આ તમે પ્રિયંગુમતી દેવી !

ક્ષણવાર પહેલા હું ક્યાં હતો ને ક્ષણવારમાં ક્યાં ? હે દેવી ! મેં તમારાથી અલગ થયા પછી જે કાંઇ જોયું, સાંભળ્યું, અનુભવ્યું, તે તમને આ રીતે કહ્યું.

ત્યારે પ્રિયંગુમતીએ કહ્યું - હે પ્રાણનાથ ! આપે જે કહ્યું, તે બધું બરાબર છે. પણ મારી એક વિજ્ઞપ્તિ સાંભળો કે - આપે સૂર્યોદય પણ જોયો. રાત પણ જોઇ. ઘણા ઘણા પ્રસંગો થઇ ગયા. આપે ઘણી વાતો કહી. ઘણું સાંભળ્યું. આ

તો ઘણો વિસ્તૃત વૃત્તાન્ત છે.

આ બાજુ આપ જે ક્ષણે અહીંથી ગયા છો, તે ક્ષણથી હું જાગું છું. ક્ષણવાર પણ નિંદ લીધી નથી. અલબત્ત આપના વિરહની એ પળે-પળ મને વરસ જેવી વસમી લાગી. પણ ખરેખર તો આપને પાછા આવવામાં માત્ર એક પ્રહર (=૩ કલાક) જેટલો જ સમય લાગ્યો છે. તેથી જ મને આ બધી વાતોમાં પરસ્પર વિરોધ લાગે છે. આપે જે કાંઇ અનુભવ્યું, એમાં માત્ર એક પ્રહર જ જાય. એ વાત અસંભવિત લાગે છે. તેથી હું જાણતી નથી કે આ ઇંદ્રજાળ હતી, સપનું હતું, મતિભ્રમ હતો કે પછી સત્ય હતું !

એ જ વખતે સૂર્યોદય સૂચવતો શંખનાદ થયો - જાણે કે સાક્ષી આપતો ધ્વનિ પ્રગટ્યો કે જે કાંઇ અનુભવ્યું તે સત્ય છે.

વળી તે જ વખતે મંગળ પાઠ થયા. બંદિજનોએ પણ જય-જયારવ કર્યો. આ બધા શુકન જોઇ કામગજેન્દ્રે કહ્યું - દેવી ! મેં જે કાંઇ જોયું, સાંભળ્યું ને અનુભવ્યું, તે બધું વિકલ્પ વિના સાચું જ છે. તમે જે કહ્યું કે અલ્પકાળમાં આટલો મોટો વૃત્તાન્ત કેવી રીતે થયો ? તો એનો જવાબ છે કે એ દેવમાયા હતી. દેવો એવા ઐશ્વર્યવાળા ને અચિન્ત્ય શક્તિવાળા હોય છે કે હૃદયથી જે કાંઇ વિચારે, તે તે જ ક્ષણે થઇ જાય. તેથી જ કહેવાય છે - દેવો મનસિદ્ધ છે ને રાજાઓ વચનસિદ્ધ.

વળી મેં જે સીમંધરસ્વામી ભગવાનને જોયા, તે મને હજી નજર સામે તરવરે છે, ને પ્રભુ તો મારા હૃદયમાં સાક્ષાત્ બિરાજમાન થયા છે. જાણે મને ઉપદેશ આપી રહ્યા હોય, તેવું અનુભવી રહ્યો છું.

અથવા આ બાબતમાં તર્ક લગાવવાથી સર્યું. શ્રદ્ધાથી શું સિદ્ધ થશે એ પ્રશ્ન અસ્થાને છે, કારણ કે શ્રદ્ધા વિના કશું સિદ્ધ થતું નથી, ને મને વીતરાગ-સર્વજ્ઞપર શ્રદ્ધા છે. મેં જાણ્યું છે કે અહીં જ આસ-પાસ ક્યાંક સર્વજ્ઞ-સર્વદર્શી વીર-વર્ધમાન જિનચંદ્ર વિચરી રહ્યા છે. હમણાં રાત પણ પૂરી થઇ ગઇ છે. તેથી તેઓ પાસે જ જઇને પૂછીએ, ભગવાન ! આ સાચું કે તે સાચું ? હમણાં હું જે અનુભવી રહ્યો છું, તે સાચું કે મેં થોડી ક્ષણો પહેલા જે અનુભવ્યું તે સાચું ? એ

ઈંદ્રજાળ હતી કે સત્ય હતું.

જો ભગવાન એ અનુભવને પણ સાચું-તથ્ય કહેશે, તો એ સત્ય હશે... નહીંતર ઈંદ્રજાળ ! આમ કહી કામગજેન્દ્ર મારી પાસે આવવા નીકળ્યો. (યાદ રહે ! આ આખી ઘટના પ્રભુ વીર શ્રી ગૌતમસ્વામી વગેરે સમસ્ત પર્ષદાને બતાવી રહ્યા છે.)

તે વખતે મહારાણી પ્રિયંગુમતીએ કામગજેન્દ્રના ચરણે નમી વિનંતીના સ્વરમાં પૂછ્યું - જો સર્વજ્ઞ પ્રભુ એમ કહે કે તમે જે અનુભવ્યું તે સત્ય છે... તો તમે શું કરશો ?

કામગજેન્દ્રએ કહ્યું - દેવી ! એમાં વિચારવાનું શું ? સકળ સંસાર સાગર તરવા નાવ સમાન દીક્ષા જ લેવાની હોય ને, બીજું વળી શું કરવાનું ?

ત્યારે મહાદેવીએ કહ્યું - હે સ્વામી ! જો એમ જ હોય, તો આપે અમારા પર એક કૃપા તો કરવી જ પડશે... અહીં અમને દર્શન આપવા એકવાર તો આવવું જ. જેથી આપ જે સ્વીકારશો, તે અમે પણ કોઇ પણ રીતે સ્વીકારીશું...

આમ કહેતી તે કામગજેન્દ્રના પગે પડી...

ત્યારે કામગજેન્દ્રએ એ વાત સ્વીકારતા કહ્યું - ભલે ! એમ થાઓ ! આમ કહી એ અહીં આવવા નીકળ્યો ને સમવસરણમાં આવ્યો. પછી મને વંદન કરી પૂછ્યું - ભગવન્ ! મેં જે અનુભવ્યું તે ઇન્દ્રજાળ હતી, સ્વપ્ન હતું કે સત્ય ?

મેં પણ કહ્યું - એ સત્ય હતું...

આ સાંભળી દીક્ષા લેવાના કૃતનિશ્ચયવાળા વૈરાગ્યમાર્ગે આગળ વધેલા કામગજેન્દ્રે વિચાર્યું - કર્મની ગતિ વિચિત્ર છે, ભોગો અશાશ્વત-નાશવંત છે. સંસાર દુરંત છે, દુઃખે કરીને અંત પામી શકાય તેવો છે. સ્નેહબંધન દુર્લંઘ્ય છે. જલ્દીથી છોડી શકાતા નથી. પ્રિયવિયોગ અત્યંત વિરસ-પીડાદાયક થાય છે. કામવાસનાનું ફળ ભારે કડવું છે. મોક્ષમાર્ગ પ્રગટ છે - નજર સામે છે. મોક્ષ સુખ શાશ્વત છે. હું પ્રતિબોધ પામ્યો છું.

આમ વિચારતા વિચારતા એ પોતાની છાવણીમાં પહોંચ્યો.

શ્રી ઇંદ્રભૂતિ ગૌતમસ્વામીએ હાથ જોડી પ્રભુને પૂછ્યું - પ્રભુ ! આપે

કામગજેન્દ્રની રોચક વિગત તો જણાવી. એ અહીંથી નીકળી પોતાના સ્થાને પણ ગયો. પ્રભુ, હવે એ ત્યાં શું કરશે અથવા હમણાં એ શું કરે છે ? ક્યાં રહ્યો છે ? પાછો આવશે ?

જગતમાત્રને હાથમાં રહેલા આમળાની જેમ જોતા પ્રભુએ કહ્યું - કામગજેન્દ્રે ત્યાં જઇ રાણી પ્રિયંગુમતીને કહ્યું, ભગવાન વીરે આ બધો અનુભવ સત્ય કહ્યો છે. તેથી હું વૈરાગી છું. હવે મને પળની પણ રાહ જોવી પાળવે એમ નથી.

એમ કહી એણે ત્યાં જ પ્રથમ પુત્ર **દિગ્ગજેન્દ્રનો** રાજ્યાભિષેક કર્યો. પોતાની સાથે રહેલા રાજા-સ્વજનવગેરે બધાની રજા લઇ સ્વજનવર્ગના સત્કાર-સન્માન કરી બધાના મનોરથો પૂર્ણ કરી બીજા સ્વજનોને વળાવી એ હમણાં સમવસરણના પ્રથમ ગઢમાં પ્રવેશ્યો છે. એના ગોપુર દ્વારપર પહોંચ્યો છે.

ક્ષણવારમાં તો કામગજેન્દ્ર પ્રભુ પાસે પહોંચી ગયા. પછી પ્રભુ વીરને પ્રદક્ષિણા દઇ ગદ્ ગદ્ સ્વરે વિનંતી કરતાં કહ્યું - હે પ્રભો ! આપ જરા પણ વિલંબ નહીં કરો. મારા પર અનુગ્રહ કરો. મારા પર દયા કરો. સંસારસાગર તરવામાટેની નૌકા સમાન દીક્ષા આપી મારા પર રહેમ કરો.

આમ કામગજેન્દ્રે કરેલી વિનંતી માન્ય રાખી પ્રભુએ એને પરિવાર-પરિજનો સહિત દીક્ષા આપી. પછી કામગજેન્દ્રે પ્રભુને પૂછ્યું - હે દીનાનાથ ! મારા બાકીના મિત્રો ક્યાં છે ?

ભગવાને કહ્યું - એક હજી દેવલોકમાં છે, બહુ જ ટૂંકા ગાળામાં ચ્યવીને મનુષ્ય થશે. બાકીના બધા મનુષ્યરૂપે છે કે જેમાંથી આ મહર્ષિ મણિરથ મુનિએ દીક્ષા લીધી છે. બીજા હવે દીક્ષા લેશે. આ મણિરથ મુનિની ઓળખ આવી છે-

જે ભવે તું મોહદત્ત હતો, એ ભવમાં આ માનભટ્ટ હતો. બીજા ભવે દેવલોકમાં એ **પદ્મસાર** હતો, ત્યારે તું **પદ્મકેસર** દેવ હતો. જ્યારે એ **કુવલયચંદ્ર કુમાર** હતો, ત્યારે તમે એના પુત્ર **પૃથ્વીસાર** હતા. એ પછી દેવલોકમાં એ **વૈરુલિયાભ** દેવ હતા, તમે ત્યારે **વૈરુલિયાંગ** દેવ હતા. આ ભવમાં એ મણિરથ મુનિ થયા. તમે કામગજેન્દ્ર થયા... કામગજેન્દ્ર મુનિને સંતોષ થયો...

એ પછી કાકંદીમાં લોભદત્તના જીવ **વજગુપ્તે** પ્રભુ પાસે દીક્ષા લીધી. પછી હસ્તિનાપુર નગરમાં ચંડસોમ જીવ **સ્વયંભૂદેવ** બ્રાહ્મણપુત્રે પ્રભુ પાસે દીક્ષા લીધી.

પછી પ્રભુ રાજગૃહી નગરમાં પધાર્યા. ત્યાં માયાદિત્યના જીવે= શ્રેણિકપુત્ર **મહારથકુમારે** માત્ર આઠ વર્ષની વયે પ્રભુપાસે દીક્ષા લીધી.

આમ પૂર્વભવના મિત્રો આ ભવમાં મણિરથ મુનિ, કામગજેન્દ્ર મુનિ, વજગુપ્ત મુનિ, સ્વયંભૂદેવ મુનિ અને મહારથકુમાર મુનિરૂપે ફરીથી સંયમ સાધનામાટે ભેગા મળ્યા. પ્રભુ મહાવીર સ્વામીપાસે દીક્ષા લીધી. સ્થવિરો પાસે ગ્રહણ-આસેવન શિક્ષા પામ્યા.

આ દરેક મહામુનિ અંતિમ સમયે સુંદર રીતે સંલેખના કરી ને વિવિધ રીતે સમાધિ પામ્યા... ને સર્વ કર્મક્ષય કરી કેવળજ્ઞાન ને મોક્ષ પામ્યા.

અહીં કામગજેન્દ્રે જે ચિંતન કરી સમાધિ મેળવી, તે બતાવાય છે.

ત્રિલોકગુરુ ને ત્રણ લોકના પ્રથમ મંગળ સમાન શ્રી ઋષભદેવ પ્રભુ અને અન્ય તમામ જિનેશ્વરોને નમસ્કાર કરી સૌ પ્રથમ તો હું સામાયિકનો સ્વીકાર કરું છું.

હું મન વચન કાયાથી કરણ-કરાવણ-અનુમોદન એ નવ કોટિથી પાપના ત્યાગરૂપ સામાયિકનો સ્વીકાર કરું છું.

રાગ-દ્વેષનો ત્યાગ કરી હું બંનેની મધ્યમાં-મધ્યસ્થભાવમાં રહ્યો છું.

લોભ-મોહઆદિને વશ થઇ જે કાંઇ સૂક્ષ્મ-બાદર જીવહિંસા મન-વચન-કાયાએ કરી હોય, તે સર્વ હું ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

હાસ્ય-ભય-ક્રોધ-લોભ અને મોહવગેરેથી જે કાંઇ પણ મૃષાવાદ કર્યો હોય, તે ત્રિકાળ સંબંધી મૃષાવાદને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

થોડું કે બહુ - જે કાંઇ પણ પરદ્રવ્ય અદત્તરૂપે ગ્રહણ કર્યું હોય, તે હું ત્રિકાળ સંબંધી ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

દેવ-નર-તિર્યંચ સંબંધી જે કાંઇ મૈથુન ચિત્તથી ભાવિત કર્યું હોય, હું ત્રિકાળ સંબંધી તે પાપને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

સચિત્ત, અચિત્ત કે મિશ્ર જે કાંઇ પણ પરિગ્રહ કર્યો હોય, તે ભાવિત થયેલા ચિત્તવાળો હું ત્રણે કાળમાટે ત્રિવિધ ત્રિવિધ વોસિરાવું છું.

રાતે જે કાંઇ અશન, પાન, ખાદિમ આદિ આરોગ્યા હોય, તે પણ ત્રિકાળ સંબંધી ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

મને ધન, સુંદર યુવાન સ્ત્રીઓ, રત્ન, ચાંદી વગેરે પર જે મમત્વભાવ થયો હોય, તે પણ ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

સાધુપણામાં વસ્ત્ર, પાત્ર, દાંડો, બીજા ઉપકરણો પર અથવા શિષ્યો પર જે મમત્વભાવ થયો હોય, તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

પુત્ર, પુત્રી, સુંદર નોકરો અથવા ભાઇઓ પરનો મમત્વભાવ ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

બેન, માતા, પિતા, મિત્ર પર જે દુરંત મમત્વ છે, તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

સ્વામીપર, સ્વજનપર, સજ્જનપર, ચાકરવર્ગપર, આ જગતમાં જેનાપર મમત્વ હોય, તે બધા મમત્વ ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

બંધુવર્ગપર જે સ્નેહ, શય્યા-સંથારો-પાટ વગેરે ઉપકરણ પર જે મમત્વ હોય, તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

'મારું શરીર સીદાય-સુકાય નહીં' ઇત્યાદિરૂપે શરીર પર જે દુરંત મમત્વ છે, તેને હું ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

'મારો આ સ્વભાવ ઘણો સુંદર છે' ઇત્યાદિરૂપે મારા સ્વભાવપર જે દુરંત મમત્વ છે, તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

'આ મારું નગર-આ મારો દેશ' ઇત્યાદિરૂપ જે ક્ષેત્ર મમત્વ છે, તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

જે કોઇ જીવપર મૂઢપણાથી મેં જે કાંઇ કોપ કર્યો હોય તે હવે હું વોસિરાવું છું. તે જીવ મને ક્ષમા આપે.

મેં કોઇ જીવપર મૂઢભાવથી અભિમાન કર્યું હોય (અભિમાનથી વર્ત્યો હોઉ) તે જીવ મને ક્ષમા આપે, હું એ માનને વોસિરાવું છું.

મેં મૂઢભાવથી જે કોઇ જીવ સાથે માયા કરી હોય, તે જીવ મને ક્ષમા આપે. હું માયાને વોસિરાવું છું.

મેં મૂઢ ભાવથી બીજાના દ્રવ્યપર જે કાંઇ લોભ કર્યો હોય તે જીવ મને ક્ષમા આપે. હું હવે લોભને વોસિરાવું છું.

રાગદશાથી રક્ત થયેલા મેં ક્યારેય પણ જે કાંઇ કર્યું હોય, તો એથી દુભાયેલો જીવ મને ક્ષમા આપે... મારા તેને મિચ્છા મિ દુક્કડમ્.

જેને મેં દુઃખ પહોંચાડ્યું હોય, અથવા એક સ્થાનથી બીજા સ્થાને ખસેડ્યો હોય, તે મને ક્ષમા આપે, મારા તેને મિચ્છા મિ દુક્કડમ્.

મેં રાગ-દ્વેષથી જેની ખરી-ખોટી ચાડી ચુગલી કરી હોય, એ બધામાટે એ જીવ મને ક્ષમા આપે.

મેં જે કોઇને કાંઇ પણ કઠોર-કર્કશ-નિર્દય દુર્વચન કહ્યા હોય અને મર્મઘાતક વચનથી વિંધ્યા હોય, તો તે મને હમણાં ક્ષમા આપે.

મેં આપવાનું વચન આપી પણ છેવટે નહીં આપી જેનો આશાભંગ કર્યો હોય, અથવા જેને અપાતી વસ્તુમાં અંતરાય કર્યો હોય, તે હાલ મને ક્ષમા આપે.

મેં જે કોઇ દીન-હીન-રાંક-ગ્રહ પીડિત-ભૂત પ્રેત પીડિત, રોગ-વ્યાધિ પીડિતવગેરેની હાંસી-મજાક-વિડંબના કરી હોય, તો તે મને અત્યારે ક્ષમા આપે.

બીજા પણ ભવોમાં મેં જેને કડવા-કર્કશ વચન કહ્યા હોય, તે આ ક્ષણે મને ક્ષમા આપે.

મિત્ર પણ ક્ષમા આપે, દુશ્મન પણ ક્ષમા આપે, મધ્યસ્થ પણ ક્ષમા આપે. મારો આ જીવ મિત્ર-અમિત્રથી મુક્ત મધ્યસ્થ થયો છે.

હું મિત્રોને ખમાવું છું. અમિત્ર=શત્રુને પણ ખમાવું છું. મધ્યસ્થોને પણ ખમાવું છું. બધા મારાપર મધ્યસ્થભાવવાળા થાઓ !

મિત્ર પણ શત્રુ થાય છે ને ક્ષણવારમાં શત્રુ પણ મિત્ર થાય છે. તેથી આ સમયે મિત્ર-અમિત્ર એવો ભેદ પાડવો યોગ્ય નથી.

સ્વજનો ને પરિજનો મને ક્ષમા કરે... હું પણ એ બધાને ખમાવું છું. આ પળે મારા માટે સ્વ-પરનો કોઇ ભેદ નથી. બંને સરખા છે.

દેવપણામાં દેવોને કે પશુપણામાં બીજા કોઈને પણ મેં દુઃખી કર્યા હોય, તો તે બધા મને ક્ષમા આપે.

નરકપણામાં નરકના જીવો કે મનુષ્યપણામાં મનુષ્યોને મેં પીડા પંહોંચાડી હોય, તે બધા મને ક્ષમા કરે.

છ જીવનિકાયના કોઇ પણ જીવમાટે મેં જે કાંઇ અશુભ કર્યું હોય તો તે બધા મને ક્ષમા આપે, હું ભાવથી બધાને ખમાવું છું.

જાણ્તા કે અજાણતા, રાગ-દ્વેષ કે મોહથી જે કોઇ જીવને મેં દુઃખ-પીડા આપ્યા હોય તે બધા મને ક્ષમા આપો.

હું બધા જીવોને ખમાવું છું. બધા જીવો મને ક્ષમા આપે. મને બધા સાથે મૈત્રી છે... મને કોઇ સાથે વેર નથી.

કામગજેન્દ્ર મુનિએ આ રીતે સર્વસાવદ્યયોગ વોસિરાવ્યા. પૂર્વકૃત દુષ્કૃતોની ખામણા કરી... બધા જીવો સાથે ક્ષમાપના કરવામાં રત એના શુભ અધ્યવસાયો વૃદ્ધિ પામતા ગયા.

ત્યાં જ ક્ષપકશ્રેણિ માંડી. અપૂર્વકરણ કર્યું. ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યાં જ આયુષ્ય પૂર્ણ થયે અંતઃકૃત કેવળી થઇ મોક્ષે પધાર્યા... સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિરંજન, નિરાકાર, નિર્લેપ, અસંગ થયા.

બાકીના ચાર મિત્ર સાધુઓ પણ આ રીતે સમાધિથી કર્મક્ષય કરી મોક્ષે પધાર્યા.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.


શ્રી નાકોડા પાર્શ્વનાથ તીર્થ



## શ્રી રાહુલ લલિતકુમાર ભંડારી ના સ્મરણાર્થે





સ્વ. શ્રી વરદીચંદજી કપૂરચંદજી ભંડારી

શ્રીમતિ પકીબાઈ વરદીચંદજી ભંડારી

**લલિતકુમાર-ભાગ્યવંતી**
**મહેન્દ્રકુમાર-સંગીતા**
**રોહીત-સોનીયા**
**રાહુલ (ગુડુ), કુણાલ**
**કૌશિક, લક્ષ**
**પુત્ર-પૌત્રા-પડપૌત્ર**
**શા વરદીચંદ કપૂરચંદજી ભંડારી**
**વરાડા (રાજ) હાલ કર્નૂલ (આં.પ્ર)**

अर्हम्

અર્હમ્ આરાધક ટ્રસ્ટ